# ગ્રન્થ ખુલે ગ્રન્થી તૂટે



૪

આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા.

# શ્રી પદ્મપ્રભુ ચરિત્ર

લેખક:
**પ.પૂ. આચાર્ય શ્રીમદ્**
**મનોહરકીર્તિસાગરસૂરી મ.સા.**

પ્રકાશક:
**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરી જૈન સમાધિ મંદિર**
**વિજાપુર - ૩૮ ૨૮ ૭૦**

**નકલ : 3000**


COPY RIGHT

મૂલ્ય : રૂા. ૨૦/-

પુન: પ્રકાશનના સર્વ હકક
પ્રકાશકને સ્વાધિન


મુદ્રક :
**સુપર ઇમેજ**
૨૨,શ્રીપાલ ઇ. એસ્ટેટ,
પવન બાગની બાજુમાં,
ચીંચોલી ફાટક, મલાડ (વે), મુંબઇ - ૬૪
ફોન નં. ૬૯ ૧૮ ૩૪ ★ ૬૦૧ ૬૫ ૯૭
ફેકસ નં. ૯૧ - ૨૨ - ૨૬૧ ૫૯ ૮૯

પ.પૂ.યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ.પ્રશમનિધિ આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.





પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ.પ્રશાન્તમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્
મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

# સાફલ્યટાણું બની રહો

જ્ઞાનનો ભંડાર ખૂલ્લો મૂકવો છે.

જૈન સાહિત્યના ઊંડાણને શોધવા માટે એમાં ખોવાઈ જવું પડે અને તોય કદાચ એનું તલ હાથમાં ન આવે. એને સમજવા- પામવા- જાણવા- ઓળખવા માટે ય એક પ્રકારની સતેજતા અને સજાગતા અનિવાર્ય બની રહે છે.

શ્રી પદ્મપ્રભ સ્વામી.

તથા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ.

એમની કૃપાનો કોઈ પાર નથી. એમના ચરિત્રને સમજવા માટે શ્રદ્ધાથી ભર્યું ભર્યું હૃદય એક અનિવાર્ય શરત બની રહે છે.

એમના ચરિત્રનું આલેખન તો કદાચ માનવીય સામર્થ્ય બહારની વાત છે.

તેમ છતાં પ્રભુની કૃપાથી, એમના જીવન મર્મને ઉદ્ભાસિત કરવા આ ગ્રંથમાં નમ્ર પ્રયાસ કર્યો છે.

વિશ્વનાં હજારો - લાખો જૈન શ્રદ્ધાળુઓ પોતાની આસ્થાનાં પુષ્પ જેમના પર ચઢાવે છે એવા પરમાત્માના ચરિત્ર માટે શબ્દોમાં એમની કૃપા થકી પ્રાણ પૂરવાનો પ્રયાસ કર્યો છે.... કલમ ધન્ય બની છે. ઉજાસ પથરાયો છે. પુરુષાર્થ પાંગર્યો છે.

અને આ ગ્રંથોનું વાચન પણ સાફલ્યનું એક મહદ્ ટાણું બની રહેશે,

અંતરના ચક્ષુ ઉઘાડનારું બની રહેશે, એની મને શ્રદ્ધા છે.

વાંચો અને શુભનું ભાથું બાંધો....

કલ્યાણ માર્ગના તમે પણ યાત્રી બની રહો.... એ જ અભ્યર્થના.

— આચાર્ય શ્રી મનોહરકીર્તિ સાગર સૂરિ. મ.સા.

# શ્રધ્ધા વધારવી છે

"વૈજ્ઞાનિક સત્યો પર કોઈપણ ઘટનાને તપાસો" આ આજની ફેશન છે. પણ માત્ર આટલું કહીને અટકી જવાથી સત્યને પમાતું નથી. સત્ય ઓળખાતું નથી.

સત્ય પ્રમાણાતું નથી.

"નરી આંખે બધું જ દેખી શકાતું નથી –" ને ન દેખી શકાય માટે તે અસત્ય છે, એવો ચાર્વાક સિદ્ધાંત બધે જ સ્થળે, બધી જ બાબતોમાં પરિણામ લક્ષી બનતો નથી.

વિજ્ઞાન પરસ્ત જમાના એ તો માનવજાતના નિકંદનની તમામ શક્યતાઓ સર્જી છે. અને આ બધું ય છતાં સંસ્કૃતિ પરસ્ત માનવીના મનમાં ઊંડે ઊંડે પડેલી ધાર્મિક આસ્થાઓને આ ફેશન મૂળમાંથી ઉખાડી શકી નથી, એ હકીકત છે.

શ્રદ્ધા તો માનવીનું જીવનબળ છે.

આસ્થા તેને ટકાવી રાખે છે.

અને એટલે જ ક્યારેક ઓવારી જવાનું મન થાય, ફિદા થઈ જવાની ઈચ્છા જાગે એવી ઘટનાઓ બનતી હોય છે. – બનતી રહે છે.

શ્રદ્ધા ગતિનું નામ છે.

શ્રદ્ધા ઊર્ધ્વ સ્થિતિ પ્રતિપ્રયાણનું નામ છે.

જગતમાં –

ભગવાનની કથામાં ખોવાઈ જનારા માનવો છે, તો બીજી બાજુ તેને સમયનો દુરુપયોગ માનનારો બુદ્ધિવાદી વર્ગ પણ છે. ને બુદ્ધિવાદિતા, તર્કો, દલીલોની ભરમાર હોવા છતાં માણસની આસ્થા ટકી રહી છે, એ નિર્વિવાદ વાત છે.

આ ગ્રંથમાલા પ્રભુ પ્રત્યેની માનવીય શ્રદ્ધાને સતેજ કરનારું મહાબળ બની રહેશે, તેનો અમને વિશ્વાસ છે.

— પ્રકાશક

# શ્રુતાનુરાગી શ્રુતભક્ત નામાવલી

| | |
|---|---|
| અશોકભાઈ વાડીલાલ મહેતા | પાલનપુર |
| અશોકભાઈ ડી. મહેતા | પાલનપુર |
| અશ્વિન કે. કોઠારી | પાલનપુર |
| અરવિંદભાઈ ટી. શાહ | પાલનપુર |
| અરવિંદભાઈ કીર્તિલાલ વોરા | મુંબઈ |
| અંબાલાલ ચીમનલાલ દાણી | (ગઢ) |
| અજિતભાઈ જે. શાહ | મુંબઈ |
| અમૃતલાલ પીતાંબરદાસ શાહ | મુંબઈ |
| અરવિંદભાઈ C/O કેશવલાલ જીવરાજ શાહ | મુંબઈ |
| અશોકભાઈ કાન્તિલાલ મહેતા | જવાહર નગર ગોરેગામ મુંબઈ |
| અશોકભાઈ કાન્તિલાલ લલવાણી | કોશીલાવ (રાજ.) |
| અરવિંદભાઈ છોટાલાલ શાહ | બારડોલી |
| અમુલખભાઈ શામજીભાઈ શાહ | ભાવનગર |
| અશોકભાઈ હીરાલાલ કચરાલાલ શાહ | ખીમત |
| અરવિંદભાઈ લહેરચંદ શાહ | પાલનપુર |
| અમૃતલાલ નાગરદાસ શાહ | સાબરમતી અમદાવાદ |
| અતુલભાઈ નગીનદાસ શાહ | મુંબઈ |
| અમૃતલાલ ગોકળદાસ વખારીયા | (કોલવડા)મુંબઈ |
| એ. દીપક કુમાર એન્ડ કું. | અમદાવાદ |
| આણંદજી વેલજી શેઠીયા | વલસાડ |
| અમૃતલાલ વાડીલાલ પાડેચીયા | વિજાપુર |
| બાબુલાલ કેશરીચંદ શાહ | નવસારી |
| ભરતભાઈ બી. ઝવેરી | મુંબઈ |
| ભરતભાઈ શાંતિલાલ મોદી | (પાલનપુર) મુંબઈ |
| બાબુભાઈ ગાલા | (બોરીવલી) મુંબઈ |
| ભાનુભાઈ ડી. ગાંધી | (ભાવનગર) મુંબઈ |
| બીપીનભાઈ બી. શાહ | મુંબઈ |
| ડૉ. ભરતભાઈ શાહ | બારડોલી |
| બીપીનભાઈ શેઠ | પૂના |
| ભરતભાઈ રમણીકલાલ શાહ | મુંબઈ |
| બાબુલાલ રવચંદ શાહ | મુંબઈ |
| બાબુલાલ ખુશાલદાસ શાહ | મુંબઈ |

| | |
|---|---|
| ભોગીલાલ જેઠાલાલ શાહ પરિવાર | (પીલવાઈ) મુંબઈ |
| ભરતભાઈ એન. શાહ | દહીસર મુંબઈ |
| બાબુલાલ પોપટલાલ શાહ | કોદરામ |
| બકુલભાઈ આર. શાહ | પાલનપુર |
| બચુભાઈ ખુબચંદ વીરવાડીયા | રાજપુર ડીસા. |
| બચુભાઈ કે. શાહ | અમદાવાદ |
| ભરતભાઈ પોપટલાલ શાહ | લીંબોદરા |
| ભીલડીઆજી પાર્શ્વનાથ દહેરાસર ટ્રસ્ટ | ભીલડીઆજી |
| બાબુલાલ રતિલાલ શાહ | મુંબઈ |
| બાબુલાલ પોપટલાલ કાંટી | જુનાડીસા |
| બી. વી. ચીનાઈ | મુંબઈ |
| ભરતભાઈ એન. શાહ | વડોદરા |
| બાબુલાલ કેશવલાલ શાહ | (ખંભાત) મુંબઈ |
| ભાવેન્દ્રકુમાર શુકનરાજ | (નાણા) મુંબઈ |
| ભરતકુમાર દિલીપકુમાર | (ઝાડોલી) મુંબઈ |
| ભોગીલાલ માનચંદ શાહ | (લીંબોદરા) મુંબઈ |
| બાબુલાલ ભોગીલાલ ઝવેરી | (પાટણ) મુંબઈ |
| બાબુલાલ નેમચંદ શાહ | (લોદ્રા) મુંબઈ |
| બચુભાઈ કેશવલાલ શાહ | મુંબઈ |
| બચુભાઈ ન્યાલચંદ કાંટી | જૂનાડીસા |
| બાબુલાલ રાજમલ મહેતા | જૂનાડીસા |
| બાબુલાલ વીરચંદ શાહ | (પાટણ) મુંબઈ |
| ભરતભાઈ વાડીલાલ રાવચંદ શાહ | થરાદ |
| ચીમનલાલ જીવાચંદ શાહ | (પાટણ) મુંબઈ |
| છોટાલાલ ગુલાબચંદ શાહ | મઢી |
| ચંદુલાલ ચુનીલાલ શાહ | વિજાપુર |
| ચીમનલાલ ભીખાભાઈ | ધાનેરા |
| ચંદુલાલ મણિલાલ શાહ | (ઓરણ) મુંબઈ |
| ચંદ્રકાન્ત ઉજમશીભાઈ ઝોટા | (સાયન) મુંબઈ |
| ચીનુભાઈ ડાહ્યાભાઈ શાહ | (લીંબોદરા) મુંબઈ |
| છગનલાલ મલુકચંદ શાહ | મુંબઈ |
| ચંદ્રકાન્ત પીતાંબરદાસ મહેતા | (મુલુંડ) મુંબઈ |
| છોટાલાલ કાનજીભાઈ શાહ | સાબરમતી |
| ચીમનલાલ લાલચંદ શાહ | પાલનપુર |

| | |
|---|---|
| ચંદુલાલ મોહનલાલ મેપાણી | જૂનાડીસા |
| ચંદ્રકાન્ત મંગલદાસ શાહ | પુંધરા |
| ચંદ્રકાન્ત વાડીલાલ શાહ | મુંબઈ |
| ચંદ્રકાન્ત ચીમનલાલ શાહ | (સમૌ) મુંબઈ |
| ચંપકલાલ ભોગીલાલ મહેતા | (પેથાપુર) જવાહર નગર-મુંબઈ |
| ચુનીલાલ કપુરચંદ શાહ | સાબરમતી અમદાવાદ |
| ચીમનલાલ નાથાલાલ શાહ | (આજોલ) મુંબઈ |
| ડાહ્યાલાલ છગનલાલ શાહ | લીંબોદરા |
| દીપકભાઈ એમ. શાહ | (પાટણ) મુંબઈ |
| દિનેશભાઈ સી. મહેતા | (પાલનપુર) મુંબઈ |
| દિનેશભાઈ કાન્તિલાલ શાહ | મુંબઈ |
| ધનસુખભાઈ છોટાલાલ શાહ | માંડવી (સુરત) |
| ધનસુખભાઈ કાલીદાસ શાહ | બારડોલી |
| દલીચંદ નાનચંદ શાહ | નવસારી |
| ડાહ્યાલાલ જશરાજ મહેતા | મોરીયા (પાલન.) |
| દીલીપભાઈ પોપટલાલ શાહ | વિજાપુર |
| દીલીપભાઈ મફતલાલ મહેતા | જૂનાડીસા |
| ધીરેન કેશરીચંદ ઝવેરી | મુંબઈ |
| દીપક કે. શાહ | પાટણ |
| દિલીપભાઈ શાહ | મુંબઈ |
| દેવેન્દ્રભાઈ રતિલાલ શાહ | જવાહર નગર-મુંબઈ |
| દિનેશચંદ્ર બાબુલાલ શાહ | જવાહર નગર-મુંબઈ |
| ધીરૂભાઈ અંબાલાલ શાહ | જવાહર નગર-મુંબઈ |
| ધરમચંદ હજારીમલ શાહ | જવાહર નગર-મુંબઈ |
| દિલીપકુમાર હીરાચંદ | જલગામ (મહા.) |
| દીપકકુમાર એન્ડ કું. | અમદાવાદ |
| ધનજીભાઈ કાનજીભાઈ શાહ | સાબરમતી અમદાવાદ |
| દિલીપભાઈ રતિલાલ શાહ | અડાલજ |
| દેવીલાલ હીરાચંદ શાહ | અમદાવાદ |
| ફકીરચંદ નાથાલાલ શાહ | સાબરમતી અમદાવાદ |
| ગીરધરલાલ મણિલાલ મોદી | ચીત્રોડા |
| ગિરીશ કે. મહેતા | મુંબઈ |
| ગુલાબચંદ છોટુભાઈ એન્ડ કું. દામકાવાળા. | મઢી |

| | |
|---|---|
| હરિલાલ રવચંદ શાહ | (લીંબોદરા) અમદાવાદ |
| હિમતલાલ મણિલાલ શાહ | મુંબઈ |
| ધીરજલાલ એમ. શાહ | (પાલીતાણા) મુંબઈ |
| હર્ષદભાઈ ભીખાભાઈ ઝવેરી | અમદાવાદ |
| હરિભાઈ ઈશ્વરલાલ ચોકસી | અમદાવાદ |
| હરેશભાઈ વિમળભાઈ શાહ | અમદાવાદ |
| હર્ષદ ડી. કામદાર | (વડાલા) મુંબઈ |
| હસમુખભાઈ સકરચંદ શાહ | (સુરજ) સુરત |
| સાધ્વીજી હર્ષપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી | આમ્રકુંજ સોસાયટી |
| આરાધક બહેનો | અમદાવાદ |
| હીરાલાલ હરગોવનદાસ શાહ | સાબરમતી અમદાવાદ |
| **જૈન સંઘ બારડોલી** | |
| **જૈન શ્રાવિકા મંડળ બારડોલી.** | |
| જયંતિલાલ મોહનલાલ ભણશાલી | પાલનપુર (મુંબઈ) |
| સાધ્વીજી જયપ્રભાશ્રી મ.ના ઉપદેશથી | મુંબઇ |
| જયંતિલાલ મયાચંદ શાહ | (ખીમત) નવસારી |
| જયંત એમ. મહેતા | જૂનાડીસા |
| જયંતિલાલ કાળીદાસ મહેતા | જૂનાડીસા |
| જયંતિલાલ એસ. શાહ | પાલનપુર |
| જયંતિલાલ નગીનદાસ શાહ | જૂનાડીસા |
| જયંતિલાલ લક્ષ્મીચંદ પરીખ | પટોસણ(પાલન) |
| જગદીશ કાન્તિલાલ શાહ | જવાહર નગર મુંબઇ |
| જયંતિલાલ મયાચદં શાહ | (સમૌ) મુંબઇ |
| જવારમલ જેરાજી શાહ | ભાંડોત્રા (રાજ.) |
| જૈન સંઘ | કડોદ (સુરત) |
| જૈન સંઘ | માંડવી |
| જૈન સંઘ | મઢી |
| જેઠીદેવી માણેકલાલ સિંઘવી | મુંબઇ |
| જૈન સંઘ | પ્રાંતિજ |
| કચનબેન ચંદ્રકાન્ત રતિલાલ શેઠ | વિજાપુર |
| કાન્તિલાલ કોદરલાલ શાહ | (ગવાડા) મુંબઇ |
| કીર્તિલાલ હરિલાલ ચોકસી | (પાટણ) મુંબઇ |
| ખીમચંદભાઇ પૃથ્વીરાજ કોઠારી | મુંબઇ |
| કાન્તિલાલ બુલાખીદાસ શાહ | પ્રાંતિજ |

| | |
|---|---|
| કમળાબેન બાપુલાલ શાહ સા.કલ્પશીલાશ્રી મ.ના(પાટણ) મુંબઇ ઉપદેશથી | |
| કમળાબેન પોપટલાલ શાહ | ખોડલા |
| કાન્તિલાલ કાલીદાસ શાહ | પાલનપુર " |
| કિરણભાઇ કાન્તિલાલ પરીખ | (પાલનપુર) મુંબઈ |
| કીરિટભાઇ એમ. મહેતા | જૂનાડીસા |
| કીર્તિલાલ મંગળજીભાઇ શાહ | (મજાદર) મુંબઇ |
| સા.કલ્પશીલાશ્રીજી મ.ના ઉપદેશથી સદ્ગ્રસ્થો | મુંબઇ |
| કુમારપાળ મણિલાલ શાહ | રાજપુર ડીશા |
| કાન્તિલાલ ડી. મહેતા | ચિત્રોડા (પાલન.) |
| કાન્તિલાલ દોલાચંદ શાહ | ભાગળ પીપળી (પાલન) |
| કલ્યાણચંદ જગજીવનદાસ શાહ | વિહાર |
| કાન્તિલાલ સોનમલ શાહ | મુંબઇ |
| કનુભાઇ બાપાલાલ શાહ | મુંબઇ |
| કાન્તિલાલ હરિચંદ શાહ | જગાણા |
| કમળાબેન રતિલાલ પરીખ | મુંબઇ |
| કાન્તાબેન રમણલાલ શાહ (લોદ્રા) | અમદાવાદ |
| લતાબેન શૈલેશભાઇ શાહ | મુંબઇ |
| લક્ષ્મીચંદ મંગળજી મહેતા | જૂનાડીસા |
| લલીત પોપટલાલ શાહ | " |
| લલીતભાઇ માણેકલાલ ચીમનલાલ શાહ | (લીંબોદરા) સાબરમતી |
| લલીતભાઇ એમ. વારીયા | જૂનાડીસા |
| લીલાબેન જેસીંગલાલ શાહ | પાલનપુર |
| મોતીલાલ પ્રેમચંદ શાહ | (પામોલ) મુંબઈ |
| મોહનલાલ લીલાચંદ શાહ | (પુંધરા) મુંબઈ |
| મનુભાઈ સકરચંદ શાહ | (ગવાડા) મુંબઈ |
| એમ. કે. શાહ | મુંબઈ |
| મુકેશ રતિલાલ મહેતા | સુરત |
| મથુરાદાસ પી. સાગલાણી | મુંબઈ |
| મહેન્દ્રભાઈ મહેતા | (પાલનપુર) મુંબઈ |
| મહાસુખભાઈ પ્રાગજીભાઈ શાહ | (શિહોર) મુંબઈ |
| મોહનલાલ પારસમલ | મુંબઈ |
| મોહનલાલ મણશીભાઈ | મુંબઈ |
| મગનલાલ જે. શેઠ | મુંબઈ |

| | |
|---|---|
| મનહરલાલ નાગરદાસ શાહ | (પાટણ) મુંબઈ |
| મફતલાલ કેશવલાલ શાહ | (ગોળા) નવસારી |
| મોતીલાલ લલ્લુભાઈ શાહ | બારડોલી |
| મણિલાલ ન્યાલચંદ મહેતા | બારડોલી |
| મુકેશ આર. મહેતા | (પાલનપુર) સુરત |
| મહેશ બી. મહેતા | જૂનાડીસા |
| મફતલાલ આર. મહેતા | જૂનાડીસા |
| મનુભાઈ બાપાલાલ દલાલ | અમદાવાદ |
| મુક્તિલાલ નરસાજી | પાંથાવાડા |
| મહેન્દ્ર આર. મસાલીયા | જવાહર નગર-મુંબઈ |
| સાધ્વીજી મંજુલાશ્રીજી મ.ના ઉપદેશથી | અમદાવાદ |
| મહેન્દ્ર કેશવલાલ કાંટી | જૂનાડીસા |
| મહેશ સકરચંદ શાહ | (ગવાડા) મુંબઈ |
| મહેન્દ્ર બી. પટવા | (વિજાપુર) મુંબઈ |
| મહેન્દ્ર એ. મહેતા | મુંબઈ |
| મંગલદાસ કસ્તુરચંદ શાહ | (ધીણોજ) મુંબઈ |
| મહેન્દ્ર સી. શાહ | (મોહનપુરા) મુંબઈ |
| મહેન્દ્ર વિ. શાહ | મુંબઈ |
| મણીબેન બાબુલાલ હાથીભાઈ મોરખીયા | જૂનાડીસા |
| નિહાલચંદ મોહનલાલ માટલીયા | (ગોંડલ) મુંબઈ |
| નવીનચંદ્ર લહેરચંદ શાહ | સાંગલી |
| નગીનદાસ કચરાલાલ શાહ | મુંબઈ |
| નયનભાઈ પ્રેમચંદ શાહ | મુંબઈ |
| નરેન્દ્ર વ્રજલાલ ખંધાર | મુંબઈ |
| નરેશ સી. શાહ | (લોદ્રા) મુંબઈ |
| નાનુભાઈ પોપટલાલ સંઘવી | રાજપુર ડીસા |
| નિકેશભાઈ તારાચંદ શાહ | રાજપુર ડીસા |
| નાનાલાલ સુંદરલાલ મહેતા | જૂનાડીસા |
| નવીન ડી. મહેતા | પાલનપુર |
| નાથાલાલ કેશવલાલ પટેલ | અમદાવાદ |
| પોપટલાલ ગગલભાઈ પરીખ | (કુંભાસણ) મુંબઈ |
| પ્રભાબેન જયંતિલાલ ચંદુલાલ શાહ | (પાલનપુર) મુંબઈ |
| પરેશભાઈ મહેતા | પાલનપુર |
| પ્રવીણચંદ્ર પી. ગાંધી | પાલનપુર |

| | |
|---|---|
| પ્રવીણચંદ્ર નાથાલાલ ચોક્સી | (બારડોલી) મુંબઈ |
| પરસોત્તમદાસ ચેલજીભાઈ પરીખ | કુંભાસણ |
| પ્રવીણચંદ્ર છોટાલાલ શાહ | મુંબઈ |
| પરેશ જી. શાહ | (ચંડીસર) મુંબઈ |
| પ્રમોદભાઈ ભોગીલાલ વખારીયા | (વિજાપુર) મુંબઈ |
| પોપટલાલ માણેકલાલ શાહ | (આલવડા) મુંબઈ |
| પંકજ હિંમતલાલ પરીખ | (પાલનપુર) મુંબઈ |
| પદ્માવતી સેલ્સ | મઢી |
| પ્રમોદભાઈ એન. શેઠ | મુંબઈ |
| પ્રવીણચંદ્ર હજારીમલ (મંડાર) | સાબરમતી |
| પોપટલાલ સોમચંદ શાહ | અમદાવાદ |
| પ્રવીણચંદ્ર કે. શાહ | (બારડોલી) મુંબઈ |
| પોપટલાલ મોહનલાલ શાહ | મુંબઈ |
| પ્રકાશ એ. શાહ | (પાલનપુર) મુંબઈ |
| પરમાનંદ જૈન સંઘ ડી.કેબીન | સાબરમતી |
| પ્રભાકુંવર શામળજી પારેખ | મુંબઈ |
| પાનાચંદ હીરાચંદ દોશી | મુંબઈ |
| રતિલાલ કાળીદાસ મહેતા | (પાલનપુર) મુંબઈ |
| રસીકલાલ ડાહ્યાલાલ સરૈયા | (પાલનપુર) મુંબઈ |
| રાજેશ આર. ચૌધરી | (પાલનપુર) મુંબઈ |
| રસીકભાઈ જે. શાહ | (લોદ્રા) મુંબઈ |
| રતિલાલ નાથાલાલ શાહ | (લોદ્રા) મુંબઈ |
| રજનીકાન્તભાઈ જીવરાજભાઈ મહેતા | (જૂનાડીસા) મુંબઈ |
| રતિલાલ મણિલાલ શાહ | (ભાગળ) મુંબઈ |
| રતિલાલ નગીનદાસ શાહ | (કુકરવાડા) મુંબઈ |
| રશ્મીકાન્ત બાલુભાઈ શાહ | મુંબઈ |
| સાધ્વીજી રાજેન્દ્રશ્રીજી મ.ના ઉપદેશથી | મુંબઈ |
| રમેશભાઈ હાથીભાઈ શાહ | (પાલનપુર) મુંબઈ |
| રસીકલાલ કે. ભણશાલી | (પાલનપુર) મુંબઈ |
| રમેશચંદ્ર હીરાલાલ મહેતા | (જુનાડીસા) |
| રતિલાલ સુંદરજી | બારડોલી |
| રમેશભાઈ એલ. શાહ | સુરત |
| રેખા અજિતભાઈ શાહ | (ખોડલા) મુંબઈ |
| રસીકલાલ મોહનલાલ શાહ | મુંબઈ |

| | |
|---|---|
| રતિલાલ પોપટલાલ મહેતા | (મહુડી) |
| રણજિતભાઈ એચ. પરીખ | (પાલનપુર) મુંબઈ |
| રમણીકલાલ ટી. શાહ | મુંબઈ |
| રમેશભાઈ બી. શાહ | માણસા |
| રજનીભાઈ બી. શાહ | મુંબઈ |
| રમેશચંદ્ર એલ. શાહ | મુંબઈ |
| રાજેન્દ્રભાઈ લહેરચંદ શાહ | (ગઢ) મુંબઈ |
| રસીકલાલ સકરચંદ શાહ | (ગવાડા) મુંબઈ |
| રાજમલભાઈ બાદરમલભાઈ મહેતા | (જૂનાડીસા) નવસારી |
| શાન્તિલાલ સુરજમલ શાહ | પાલનપુર |
| સુશીલાબેન મુલચંદ ધરમચંદ શાહ | (ખીમત) નવસારી |
| શશીકાન્ત બાંઠીયા | પૂના |
| સુમતિલાલ મોહનલાલ દાણી | મુંબઈ |
| સેવંતિલાલ એસ. દોશી | (પાલનપુર) મુંબઈ |
| સેવંતિલાલ સોમચંદ શાહ | (માણસા) મુંબઈ |
| સનતભાઈ એમ. શાહ | મુંબઈ |
| સુનીલભાઈ સી. ઝવેરી | અમદાવાદ |
| સુરેશભાઈ બાબુલાલ કોઠારી | અમદાવાદ |
| સુરેશ એસ. મહેતા | (જૂનાડીસા) નવસારી |
| સુમનભાઈ એ. શાહ | (માલણ) સુરત |
| સુનંદાબેન એલ. ઝવેરી | મુંબઈ |
| સેવંતિલાલ કે. શાહ દખણી | મુંબઈ |
| સકરચંદ અમથાલાલ શાહ | વિજાપુર |
| સોભાગચંદ છોટાલાલ શાહ | મઢી |
| સુરેશચંદ્ર એચ. મહેતા | (જૂનાડીસા |
| સાધ્વીજી સૂર્યલતાશ્રીજી મ.ના ઉપદેશથી | પુના |
| સુધાકરભાઈ કોઠારી | (પાલનપુર) મુંબઈ |
| શ્રી શાન્તિનાથજી જૈન દહેરાસરજી ટ્રસ્ટ | નવાપરા સુરત |
| સુબોધભાઈ ચીનુભાઈ શાહ | અમદાવાદ |
| શાન્તિલાલ વાડીલાલ વોરા | મહુડી |
| શાન્તિલાલ ફત્તેચંદ શાહ | ભાવનગર |
| સેવંતિલાલ જોગાણી | (ખીમત) મુંબઈ |
| સેવંતિલાલ નગીનદાસ શાહ | જૂનાડીસા |
| સૂર્યકાન્તભાઈ રમણલાલ શાહ | (ગવાડા) મુંબઈ |

| | |
|---|---|
| સુમતિલાલ ચુનીલાલ મહેતા | (ધનાલી) મુંબઈ |
| સુરેન્દ્ર પરમાર | (ખુડાલા) મુંબઈ |
| સેવંતિલાલ લહેરચંદ શાહ | (આસેડા) મુંબઈ |
| સુબોધભાઈ શાંતિલાલ વખારીયા | (કોલવડા) મુંબઈ |
| સુર્યકાન્તભાઈ પુનમચંદ શાહ | (ચાણસ્મા) મુંબઈ |
| સેવંતિલાલ મોહનલાલ શાહ | (માણસા) મુંબઈ |
| શનાલાલ ટી. શાહ | (લીંબોદરા) મુંબઈ |
| શાંતિનાથ દહેરાસર જૈન પેઢી ટ્રસ્ટ | ઠાકોરદ્વાર મુંબઈ |
| શ્રીમતીબેન કાન્તિલાલ ઝવેરી | અમદાવાદ |
| વિમળાબેન રમણીકલાલ મહેતા | (પાલનપુર) મુંબઈ |
| વિક્રમભાઈ ચુનીલાલ શાહ | પુંધરા |
| વિમળભાઈ ભોગીલાલ શાહ | વિજાપુર |
| વિનોદભાઈ કે. ઝવેરી | મુંબઈ |
| વિજયભાઈ કે. શાહ | સુરત |
| વીરેન્દ્ર એમ. મહેતા | (પાલનપુર) |
| વીરેન્દ્ર શાન્તિલાલ શાહ | (માણસા) મુંબઈ |
| વિનોદ એ. મહેતા | જૂનાડીસા |
| વાલચંદ રતનચંદ શાહ | કુંભાસણ |
| વિનોદભાઈ આર. પારેખ | મુંબઈ |
| વિજાપુર નગર આરાધક જૈન સંઘ | (કાંદીવલી) મુંબઈ |
| વસંતભાઈ પી. પરીખ | મુંબઈ |
| વિક્રમભાઈ મુળચંદ શાહ | (વિજાપુર) મુંબઈ |
| વિજયભાઈ ડાહ્યાભાઈ મહેતા | (પાલનપુર) મુંબઈ |
| વસંતભાઈ ભીખાભાઈ પરીખ | (ધનાલી) મુંબઈ |

# શ્રી પદ્મપ્રભુ સ્વામી ચરિત્ર

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | જગત પ્રેમમય છે | ૩ |
| ૨ | પ્રભુ ! તમને નમન લાખો વાર | ૮ |
| ૩ | વિચાર વલોણુ ચાલ્યુ દિનરાત | ૧૧ |
| ૪ | પ્રભુ પધાર્યા પૃથ્વીપર | ૧૭ |
| ૫ | જીવન અને જાગરણ | ૨૬ |
| ૬ | પ્રભુ ભાગ્ય જાગ્યા છે અમારા | ૩૨ |
| ૭ | નારકી જીવોની યંત્રણાની વાત | ૩૮ |
| ૮ | પ્રભુની વહેતી વાણી | ૪૮ |
| ૯ | હાથમાં રહેલ રત્નખોયા પછી શુ ? | ૫૩ |
| ૧૦ | દીક્ષા એ જ ઉપાય | ૬૫ |
| ૧૧ | પાઠ કરો શ્રી પદ્મપ્રભ પ્રભુના ચરિત્રનો | ૮૩ |

# શ્રી પદ્મપ્રભુ ચરિત્ર

## ૧

# જગત પ્રેમમય છે....

જ્યાં પ્રકાશ પથરાય છે, ત્યાં અંધકાર ટકતો નથી. એ ટકે પણ શી રીતે ?....

એ તો ટકે ફક્ત પ્રકાશના અભાવમાં....

પ્રકાશની આભામાં અંધકારનો અભાવ....

જગત આખુંય મોહમાયામાં ફસાયું હોય, સત્યથી ઘણું દૂર જઈને પડ્યું હોય, ધર્મના મર્મને ન સમજતું હોય અને અધર્મની લીલા સર્વત્ર પ્રસરી હોય, ત્યારે ધર્મનાં તેજ ગાયબ હોય.

અને એ જ અંધકાર.

અધર્મનો અંધકાર.

પણ પ્રભુનું આગમન થાય એટલે આ અંધકાર ટકી શકે નહીં. દૂર દૂર ભાગી જાય. અંધકાર હટાવવા તો પ્રભુનું આગમન છે. એમના જન્મની ઝાલર વાગતાં જ અંધકાર હટવા માંડે છે, કારણ કે પ્રકાશનાં પાથરણાં પથરાવાં શરૂ થઈ ગયાં હોય છે. સર્વત્ર ફેલાયેલી ઘોર અને પ્રગાઢ રાત્રિના અંતને સૂચવતો પહેલાં કૂકડો બોલે છે.

અજવાળાની આલબેલ પુકારાય છે.

"સાંભળજો, જગજજનો ! પ્રભુ આવી રહ્યા છે....

અધર્મને હણવા, પાપનો નાશ કરવા, જગતને સત્યના સંગીતથી ભરી દેવા..."

સત્ય અને અસત્યની લડાઈ તો યુગો જુની છે.

સત્યની આંખો પર ક્યારેક ગાંધારીના પાટા બંધાઈ જાય છે.

પણ એ તો ક્ષણિક જ.

સત્ય શાશ્વત છે.

અસત્યં તો અલ્પજીવી છે.

સત્ય વંહેલું કે મોડું પ્રકાશ્યા સિવાય રહેતું નથી.

અસત્ય હારે છે.

સત્ય જીતે છે.

પણ અસત્યની લીલા જ ઓર હોય છે.

અધર્મનું બળ વધારે દેખાય છે.

જગત જીવનથી ભરેલું છે.

ને જીવનને સાચ, રણકો તો ધર્મ અને સત્યનો હોય.

જીવન ધર્મથી દીપે.

જીવન સત્યથી પ્રકાશે.

જીવનને સત્યથી ભરી દેવા, જીવનને ધર્મથી ભરી દેવા પ્રભુનો જન્મ છે.

પ્રભુ આ પૃથ્વી પર પધારે છે.

પ્રભુની પગલી પડે ને પૃથ્વી ધન્ય બની જાય.

પ્રભુની આંખ મંડાય ને પૃથ્વી આનંદીત બને.

આ પૃથ્વી પર ધર્મચક્ર સતત ચાલું રહેવું જોઈએ.

સતત ફરતું રહેવું જોઈએ.

ધર્મથી પૃથ્વી ટકે છે.

ધર્મથી જીવન ટકે છે.

પાપોનો ભાર પૃથ્વીને ખતમ કરી નાખે.

જીવનને ખતમ કરી નાખે.

કહોને કે, પાપનો ભાર એટલો બધો વધી જાય કે,

અત્રતત્ર સર્વત્ર પાપલીલાઓ જ જોવા મળે,

માણસોની દષ્ટિ જ બદલાઈ ગઈ હોય,

ધર્મનો લોપ થઈ ગયો હોય,

અધર્મ ઠેર ઠેર જોવા મળતો હોય,

માણસાઈ નીચોવાઈ ગઈ હોય ને

સ્નેહનું ઝરણું સૂકાઈ ગયું હોય.

ભાઈ ભાઈ વચ્ચેનાં હેત ખૂટે.

મા દીકરા વચ્ચેનાં હેત ખૂટે.

મિત્ર મિત્ર સાથે દગો કરે.

પીઠ પાછળ છૂરી ભોંકાય.

વિશ્વાસનું ખેતર જ કોઈ લણી જાય.

ને જ્યારે હેત ખૂટે, ત્યારે વેર વધે.

અપ્રમાણિકતા વધે.

પાપ વધે.

અધર્મ વધે.

ધર્મ શોધ્યો ય ન જડે.

બધાના મૂળમાં તો પેલું હેત ખૂટી ગયું છે, એ વાત છે.

હેતના પાયા પર, પ્રેમની બુનિયાદ પર તો માનવ જીવનની મહેલાત ખડી છે.

બધા સુખેથી જીવે છે. કારણ કે પ્રેમ તત્ત્વ વિલસી રહ્યું છે.

બધા ધર્મનું આચરણ કરે છે, કારણ કે પ્રભુ પ્રત્યે સૌને પ્રેમ છે.

અનીતિ કરતા નથી, કારણ કે નીતિ સાથે પ્રેમ છે.

ને જે પ્રેમમય છે.... તે ધર્મમય પણ હોય.

જે પ્રેમમય છે.... તે પ્રભુમય જ હોય.

પ્રેમ તો.... જીવનનો મૂલમંગ છે.

પ્રેમ ઘટશે.... ત્યારે ધર્મ ઘટશે.

પ્રેમ ઓછો થશે.... ત્યારે અનીતિ અપ્રામાણિકતા, ચોરી, અસત્ય વધતાં જવાનાં.

પ્રેમ ન હોય.... ત્યાં પ્રભુ ન હોય.

પ્રેમ ન હોય... એટલે મોહ જાગે.

અસત્ય પ્રત્યે ચાહત જાગે.
અપ્રમાણિક આચરણ શરૂ થઈ જાય.
જીવનનું પરમતત્ત્વ નાશ પામે.
જીવન જીવન ન રહે..
એથી જ તો—
સદાય જલાવો.... પ્રેમની જ્યોત !

પ્રભુનું પૃથ્વી પર આગમન પ્રેમને પુર્નજીવિત કરવા માટે છે. કારણ કે પ્રેમ કદી મરતો નથી. તે નાશ પામતો નથી.

લોકોના અધર્માચરણને કારણે મૂર્છિત થઈ ગયો હોય છે એટલું જ.

પણ અપ્રેમની મૂર્છા તો થોડાક સમય માટેની જ હોય છે.

મૂર્છા તોડવાની છે.
જાગૃત કરવાનો છે.
સતેજ કરવાનો છે. પ્રેમ.
પ્રેમ હોય ત્યાં અપ્રેમ ન ટકે.
વેર ન ટકે.
અનીતિ ન ટકે.
અસત્ય, અપ્રમાણિકાતા ન ટકે.
જીવનને રૂંધતા બળો ન ટકે.
પ્રભુ પ્રેમનું સામ્રાજ્ય સ્થાપે છે.

ને એ માટે તો એમનું આગમન થાય છે. જગતની તરસી આંખોની તૃષા શમી જાય છે.

—★—

## ૨

## પ્રભુ ! તમને નમન લાખો વાર....

ચારેકોર સૂસવાટા મારતું અંધારું હોય,

આંધી અને તોફાન પોતાનું પ્રચંડ સ્વરૂપ દેખાડતાં હોય,

મેઘલી રાત હોય અને વર્ષાનાં જળ જાડધરી ધારે ખાબકતાં હોય,

દિશા સૂઝતી ન હોય ને નાવડી તોફાની મોજાં વચ્ચે ઝોલાં ખાતી હોય,

આકાશમાં એકાદ તારો સમ ખાવા પૂરતો પણ ન હોય ને નાવિક 'નહીં બચાય' એવું માની બેઠો હોય.

ત્યારે એ હાથ ઊંચા કરી દે છે, નજરને ઊંચેરા ગગનગોખે ઠેરવે છે, ને મનોમન બબડે છે :

'મને બચાવી લે, પ્રભુ !'

કોઈ નથી હોતું, એનો પ્રભુ હોય છે.

ડૂબતાને બચાવનાર એ છે.

તમામ દ્વાર બંધ થઈ ગયાં હોય,

ત્યારે પ્રભુનું દ્વાર ખૂલે છે.

તમામ માર્ગો અદશ્ય થઈ ગયા હોય, ત્યારે પ્રભુ તરફ લઈ જતી કેડી ખૂલ્લી થાય છે.

તારનાર એ છે.

બચાવનાર એ છે.

મારનારથી રક્ષનાર એ છે.

એની અમિયલ આંખ પોતાના આત્મ સમાન જીવ સૃષ્ટિ ઉપર રક્ષણ કાજે મંડાયેલી જ હોય છે.

પણ શ્રદ્ધા નથી હોતી.

માનવમન અળવીતરું છે.

જયાં દઢ બનવાનું છે, ત્યાં ઢીલું બને છે.

ને જયાં ઢીલું બનવાનું છે, ત્યાં અડિયલ બની જાય છે.

શ્રદ્ધાનો રણકાર જોઈએ.

દઢતા જોઈએ.

શ્રદ્ધા ડગુમગુ થાય છે.

શ્રદ્ધા ડોલાયમાન થાય છે.

શ્રદ્ધા તૂટે છે.

ને ત્યારે માનવીની કસોટી થાય છે.

માત્ર વાતોથી કશું બનતું નથી.

વાત શૂરો માણસ કર્મશૂરો નથી હોતો.

જો કર્મ શૂરો હોય તો —

તો તો એ શ્રદ્ધાવાન પણ હોય.

દઢ હોય.

પ્રભુનો જન્મ તો જગતના ઉદ્ધાર માટે છે.

સમયનું ચક્ર બૂરી તરેહથી ફરતું હોય, જગત આખું અંધકારથી ઘેરાઈ ગયું હોય, સર્વત્ર હિંસાનો કોલાહલ પથરાઈ ગયો હોય અને જનજીવન અકથ્ય પીડાનો અનુભવ કરતું હોય ત્યારે પરમાત્માનું સ્વરૂપ જગત મધ્યે પગ મૂકે છે...

વંદના કરો શ્રી પદ્મપ્રભ જિનેશ્વરને.

પદ્મના જેવા વર્ણવાળા પ્રભુ.

લક્ષ્મીની લીલાના નિવાસ જેવાં પદ્મો.

ને એ પદ્મોનો સમૂહ.

શ્રી પદ્મપ્રભુ સ્વામી એટલે જાણે સાક્ષાત્ પદ્મોનો સમૂહ.

એમના ચરિત્રના આલેખનમાં તો લેખિની પણ અસમર્થ ને.

શબ્દો ઓછા પડે.

તો ય, અલ્પમતિ અને અલ્પ શક્તિવંત હોવા છતાં દૂરિતને નાશ કરનારું એમનું ચરિત્ર આલેખું છું..

—પ્રભુ ! તમને નમન લાખો વાર....

—★—

## ૩ વિચાર વલોણું ચાલ્યું દિનરાત....

ઘાતકી ખંડ.

પૂર્વ વિદેહ ક્ષેત્ર.

ને તેમાં વત્સ નામનો વિજય.

આ વિજયમાં બીજી તમામ નગરીઓમાં ઉત્તમ એવી સુસીમા નામે નગરી છે.

અલકાપુરીને યાદ અપાવે તેવી.

એની શોભાનો પાર નથી.

ત્યાં પ્રકૃતિનું સૌંદર્ય પાર વિનાનું છલકાય છે અને વર્ષાઋતુ ઉદારતાથી જળ ઢાલવે છે. ભૂમિ ફળદ્રુપ ને લોકો ઉદ્યમી.

ને જયાં ઉદ્યમી જનો વસતા હોય, ત્યાં સમૃદ્ધિની છોળો ઊડતી હોય.

ખેતરો હરિયાળાં હોય.

ત્યાં બજારો ધનથી છલકાતાં હોય.

લોકો સુખી હોય.

ને સંતોષી પણ હોય.

સુખનાં જળ સર્વત્ર રેલાતાં હોય.

સુસીમા નગરીના રાજાનું નામ અપરાજિત.

યથા નામ, તથા ગુણ.

એના શૌર્યની સીમા નથી.

ઔદાર્યની અવધિ નથી.

દયાની સરહદો નથી.

હૈયામાં વહે છે કલ્યાણ ભાવનાની સરિતા.

શત્રુઓ તેને હાથ જોડતા.

તેને નમન કરીને તેની કૃપાયાચના કરતા.

રાજા ન્યાયી છે.

શૌર્યવાન છે.

ઉદાર છે.

તો ધર્મશીલ પણ છે.

સાક્ષાત્ ધર્મ દેહ ધારણ કરીને પૃથ્વી પર અવતર્યો હોય એવો તે હતો.

સંયમી.

અને ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરનાર.

શત્રુઓને તો હરાવ્યા હતા એણે.

પણ ઈન્દ્રિયોને પણ જીતી લીધી હતી.

પ્રજાના સુખે સુખી.

પ્રજાના દુ:ખે દુ:ખી.

પ્રજાનું કલ્યાણ એ જ આત્મકલ્યાણ.

પ્રજાનો પ્રેમ એ જ સમૃદ્ધિ.

અને રાજા માટે એ વાત પણ સાચી છે કે, પ્રજાનું સુખ એ જ એનું સુખ હોય. પ્રજાના કલ્યાણ અને સમૃદ્ધિ માટે જ એણે નિરંતર મથવાનું હોય, ન્યાય અને ઔદાર્ય તો એના શણગાર ગણાય.

કોઈને અન્યાય ન થાય.

સૌને વિકાસની તકો મળે.

કોઈ કોઈને પીડા ન કરે.

ને સર્વત્ર સુખ શાંતિ પથરાઈ રહે.

આ બધું જોવાનું કામ રાજાનું છે.

એની પ્રજા વત્સલતા જ એને સફળ બનાવે છે.

નામથી તો એ અપરાજિત છે

પણ હૃદયથી પણ અપરાજિત છે

સૌનાં દિલ એણે જીતી લીધાં છે.

તો સૌનો પ્રેમ પણ એણે જીત્યો છે.

પ્રેમ જ મુખ્ય છે.

જ્યાં પ્રેમ હોય ત્યાં હિંસા ન હોય, ત્યાં સ્પર્ધા ન હોય, ત્યાં અસુખ ન હોય.

પ્રેમથી હૈયાનાં મોતી પરોવાય.

પ્રેમથી જગત જીતાય.

પ્રેમથી શત્રુ હારે.

પ્રેમની જીત થાય.

ને એ જીત જ સાચી જીત છે.

પ્રેમનો વિજય જ સાચો વિજય છે.

ન્યાય એનો મિત્ર હતો.

ધર્મ એનો બંધુ હતો.

ગુણ તેનું ધન હતું.

બીજા મિત્રો અને બંધુઓ હતા પણ તે તો ફક્ત બહાર દેખવા પૂરતાં જ.

સરલતા, શીલ અને સત્ત્વ જેવા ગુણો તેનામાં હતા.

ને આ ગુણોને કારણે તેનું આંતરિક રૂપ નીખરી ઊઠતું હતું.

બાહ્ય રૂપ તો હતું જ

પણ અંદરનું સૌંદર્ય પણ હતું.

અને એ જ સાચું સૌંદર્ય હતું.

રાજા અપરાજિત એટલે વિવેકી જનોમાં શિરોમણિ.

અક્રોધીપણે તે શત્રુઓને શિક્ષા કરતો.

અનાસક્તપણે સંસારસુખો ભોગવતો.

અલુબ્ધપણે લક્ષ્મીને ધારણ કરતો.

ન્યાય એ જ એનો મિત્ર.

ધર્મ એ જ એનું ધન.

એની વાતોમાં, એના કાર્યોમાં અને એના આદેશોમાં નરી સરલતા છલકાતી અને એથી જ તો લોકો એના નામ પર પાગલ થઈ જતા. ન્યોછાવરી કરવા તત્પર બની જતા. યુવાનો સુરાનીની કથા આલેખવા તૈયાર રહેતા.

પ્રજા વત્સલતા જ રાજાની સાચી સમૃદ્ધિ છે.

શ્રીમંતાઈ ધન વડે મપાય.

પંડિતાઈ જ્ઞાન વડે મપાય.

સુંદરતા રૂપ વડે મપાય.

પણ રાજાનું ઐશ્વર્ય તો પ્રજાવત્સલતા વડે જ મપાય.

અને રાજા હતો પણ એવો.

પ્રજાના મનમાં વહાલનું વાવેતર કરે એવો.

એમના હૃદયમાં માન અને વિવેક ઉત્પન્ન કરે તેવો.

એનો ન્યાય કોઈ પડકારી ન શકતું. એની વાત તર્ક સંગત અને નિયમાનુસારની રહેતી.

એ રાજા કરતાં પ્રજાનો પાલક વધારે હતો.

એમ જ કહોને કે પ્રજાનો સાચો પિતા એ હતો.

એકવારની વાત છે.

દેવતાઓ અમૃતનું પાન કરે.

તેમ એણે અર્હત ભગવાનના પ્રવચન રૂપી અમૃતનું પાન કર્યું ને તે મનમાં ચિંતવવા લાગ્યો.

"અહા ! સાચે જ આ સંસાર નશ્વર છે. જે સુણાય છે ને નરી આંખે જે દેખાય છે, તે બધું જ ક્ષણ ભંગુર છે.

માણસ જેને મારું મારું કરે છે, તે તો એક દિવસે લાત મારીને ચાલ્યું જવાનું છે. ખરેખર તો આ દુનિયામાં મારું કંઈ જ નથી. જે દેખાય છે, તે તો મૃગજળ સમાન છે, આભાસી છે.

માણસ સંપત્તિને ચાહે છે ને એકઠી કરે છે.

પોતાના યૌવન માટે તે મગરૂર હોય છે ને છાતી કાઢીને ફરે છે. ને યૌવનનું પ્રદર્શન કરે છે.

એને પોતાના રૂપનું તો અભિમાન હોય છે પણ રૂપ પાછળ એ પાગલ પણ બને છે.

શરીરને દર્પણમાં જોઈને મોહ પામે છે ને પોતાના દેખાવડાપણાને નીરખીને ઘમંડમાં રાચે છે.

કામિનીઓનાં કામબાણથી એ વિંધાય છે ને મોહજાળમાં ફસાઈને જગતનું ભાન ભૂલી જાય છે.

સુંદરીઓના સાન્નિધ્યમાં તે પરમ સુખનો અનુભવ કરે છે.

પુત્રો અને મિત્રોથી સતત વિંટળાયેલો રહે છે. તે તેમને જ પોતાનાં સાચાં સાથી માની બેસે છે.

એને લાગે છે કે આ બધાને છોડવું અશક્ય છે.

પણ જ્યારે માણસની કાયા કાળધર્મને પામે છે, ત્યારે પક્ષીઓ જેમ વિનાશ પામેલા ઈંડાને ત્યજી દે છે તેમ જ-

— તે સંપત્તિ... તેને ત્યજી દે છે.

— તે કામિનિઓ... તેને ત્યજી દે છે.

— તે સંબંધીઓ... તેને ત્યજી દે છે.

— જગતનાં સર્વ ઐશ્વર્યો, જેને માટે તે 'મારા મારા'ની રટણા લગાવતો હતો - તે બધાં જ તેને છોડી દે છે.

પક્ષી એક પાંખથી ફાળ ભરે તો ભ્રષ્ટ થઈને નીચે પડે.

એક પાંખથી ઉડાય નહીં.

એક પાંખથી ગગન મપાય નહીં.

માણસ આમ જ ઉપરોક્ત સર્વ પદાર્થોમાં એકપક્ષી સ્નેહ કરે છે ને આથી જ તે મંદબુદ્ધિ સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે....!''

રાજા ચિંતવતો હતો.

એના હૈયામાં વિચાર વલોણું ચાલતું હતું

અર્હત ભગવાનની વાણીનો એ પ્રભાવ હતો

અર્હતની વાણી તો મનને સ્વચ્છ બનાવે.

સાચી દિશા ચીંધે.

સત્ય માર્ગનું દર્શન કરાવે.

જીવન માર્ગમાં ઉજાસ પ્રગટાવે.

અર્હતની વાણી ફાનસનું કામ કરે.

ભૂલેલા - ભટકેલા ને મોહમાયામાં અટવાયેલા માનવીને ટકોરે એના હૃદયમાં ચિનગારી પ્રગટે - ઝરી જાય તણખો.

ને માણસની જીવન દિશા જ બદલાઈ જાય.

રાજાને પણ એમ જ થયું હતું.

અર્હતની વાણી એણે સાંભળી હતી.

સત્ય દર્શન એને થયું હતું.

સંસારનો સાર એણે જાણ્યો હતો.

ને સંસારનો અસાર પણ એણે પ્રમાણ્યો હતો.

ને તેની આંખો ખૂલી ગઈ હતી.

એ વિચારતો હતો :

''કર્મરાજા કોઈને છોડતો નથી. કર્મબંધનથી કોઈ મુક્ત થઈ શકતું

નથી. બાજની જેમ કર્મરાજા માણસને ઝડપી લે છે, તેથી કોઈ બચી શકે નહીં, ને એક દિવસે પુણ્યકર્મનો ક્ષય થવાનો જ છે ને એમ થતાં આ સઘળી સંપત્તિ મને છોડી જશે. મારો ત્યાગ કરશે. રૂપ, યૌવન, ઐશ્વર્ય બધું મને ત્યજી દેશે. પણ એમ થાય એ પહેલાં પુરૂષાર્થનું આલંબન કરીને હું પોતે જ તેનો ત્યાગ કરું.''

નિર્ણય કરી નાખ્યો રાજાએ.

ચિનગારી ચંપાઈ ગઈ હતી.

તણખો ઝરી ગયો હતો.

અંતરના ઓરડેથી જાણે અવાજ આવ્યો હતો.

નિર્ણયની પાકી ગાંઠ એણે વાળી નાખી ને રાજાએ પોતાનું રાજ્ય પુત્રને અર્પણ કરી દીધું.

પિહિતાશ્રવ આચાર્ય ભગવંતના ચરણકમળ સમીપે આવીને મોક્ષમાર્ગમાં મહારથ જેવી દીક્ષા એણે ગ્રહણ કરી. ત્રણ ગુપ્તિવાળા, પાંચ સમિતિએ યુક્ત, નિર્મમ અને ચરિત્રગ્રહ રહિત એવા એ રાજર્ષિએ તીક્ષ્ણ ખડ્ગની ધાર જેવું ચારિત્ર ચિરકાલ પાલન કર્યું.

દીક્ષાને ઉજાળી.

કહોને કે જીવનને ઉજાળ્યું.

ચારિત્રની સુગંધ ચોમેર પ્રસરી રહી.

પ્રભુ સાથે હૈયાના તારે તાર જોડી દીધા.

જીવન જીવી બતાવ્યું.

જીવન સાર્થક કરી બતાવ્યું.

નિર્મળ મનવાળા તે મહાત્માએ વીસ સ્થાનકોમાંથી કેટલા એક સ્થાનકોના આરાધન વડે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું અને છેવટે શુભ ધ્યાન પરાયણ થઈ આયુષ્યને ખપાવી એ મોટા મન વાળા મુનિ નવમા ગ્રૈવેયકમાં મહર્દ્ધિક દેવતા થયા.

—★—

## ૪

# પ્રભુ પધાર્યા પૃથ્વી પર....

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વત્સદેશના આભૂષણ સમી એક નગરી છે.

નામ એનું કૌશાંબી.

સુખ છલકાય છે કૌશાંબી નગરીમાં.

સર્વત્ર આનંદ વરતાય છે.

આ નગરીમાં ઊંચા ઊંચા ચૈત્યો આવેલાં છે.

ચૈત્યોના અગ્રભાગમાં રહેલી સિંહની પ્રતિમા સજીવ સિંહનો આભાસ ઉભો કરે છે અને તેથી જ તો ચંદ્રમા જયારે આ પ્રતિમા પાસે આવે છે, ત્યારે સિંહથી ત્રાસ પામીને કલંકરૂપ મૃગ નાસી જવાથી ચંદ્ર પણ નિસ્તેજ થઈ જાય છે, ઝંખવાઈ જાય છે.

ત્યાં પ્રસરતા ધૂપના ધૂમાડા મોહ પામીને અનાવૃત્ત બનેલાં કામુક યુવાન સ્ત્રીપુરૂષોનાં જોડલાં પર જાણે વસ્ત્ર પાથરી દે છે.

અહીંની શોભાનો કોઈ પાર નથી.

સૌ મનુષ્યો સમૃદ્ધિવાન છે.

તેથી બીજાના દ્રવ્યને અહીં કોઈ લૂંટતું નથી.

અને વાત સાચી છે કે, જ્યાં સુખ હોય, સંતોષ હોય ને સમૃદ્ધિ હોય, ત્યાં મનના વિચારો શી રીતે વિકૃતિ પામે ?

ત્યાં તો હોય મનની ખૂશ્બુ. વિચારોની સુગંધી ને ખૂશ્બુવાળુ મન તો સર્વત્ર વેરતું હોય પાર વિનાની સુગંધી. જીવનનો અર્થ પણ એ જ છે ને ? દુર્ગંધ પાથરવા નહીં, પણ સુગંધ પ્રસરાવવી એ તો માનવ જીવનનુ વરદાન છે. આનંદ કિલ્લોલ હતો આ નગરીમાં જીવનનું સત્ય અહીં ઠર્યું હતું.

બધાં પીતાં હતાં આનંદનું અમૃત.
માણસમાં હતી જિંદગીની મીઠાશ.

આ નગરીનો રાજા હતો ધર.

પૃથ્વી જેમ પર્વતને ધારણ કરે, તેમ તેણે રાજ્યને ધારણ કર્યું હતું. મેઘ જેમ તાપનું હરણ કરે, તેમ તેણે પોતાના રાજ્યના નાગરિકોના તમામ તાપ તેણે હર્યા હતા. કહોને કે મેઘ અને પર્વતનો તેણે તિરસ્કાર કર્યો હતો.

પૃથ્વી ઉપર તો ઘણાં રાજ્યો.
ને ઘણા રાજાઓ.
પણ કોઈ ધર રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરતું.
રાજાની આજ્ઞા સૌને માટે શિરોધાર્ય.

જેમ લોકો ફૂલને મસ્તક પર ચઢાવે, તેમ ધર રાજાની આજ્ઞાને તેઓ શિર પર ચઢાવતા.

અપાર ભુજબળ હતું રાજાનું.

ને ભુજદંડ પર જ્યારે ધનુષ્ય ધારણ કરતા, ત્યારે અત્યંત પ્રચંડપણું દાખવતા, પણ તે કોઈને દંડ કરવામાં ઉગ્રતા ન બતાવતો.

બધાં એની આગળ મસ્તક નમાવતા.
એનો આદેશ માનતા.
યશ ચોમેર વિસ્તર્યો હતો.
તો એના પ્રત્યેનો અનુરાગ સર્વત્ર પ્રગટ થતો હતો.

રાજાની હેતાળ રાણી.

સાક્ષાત્ લક્ષ્મી સમી.

અત્યંત સ્વરૂપવાન અને લાવણ્યમયી.

આ રૂપવંત રાણીનું નામ હતું સુસીમા.

એના હાથ એટલે જાણે પલ્લવ.

પરવાળા શા એના હોઠ.

ને બોલતી ત્યારે જાણે રૂપાની ઘંટડી રણકી ઊઠી.... જાણે કોયલે ટહુકો દીધો.... સાક્ષાત્ કલ્પવૃક્ષની લતા જ જોઈ લો.

આંજી નાખે તેવું વ્યક્તિત્ત્વ.

મોહક અને પ્રભાવક.

દેવકન્યા સમી રાણી સુસીમા મુખ પર લજ્જા રૂપી વસ્ત્ર ઢાંકીને કેવળ પૃથ્વીને જ જોતી. સમાધિમાં લીન મુનિની જેમ મંદ મંદ એની ચાલ હતી.

કાંતિને કારણે દેહ દીપ્તિમાન હતો.

સરલતાથી મન દીપ્તિમાન હતું.

અને સત્યથી વાણી દીપ્તિમાન હતી.

કહોને કે એનું આખું ય વ્યક્તિત્ત્વ કલંક રહિત સૂર્યની જેમ ઝગારા મારતું હતું.

એનાં વચનો સાંભળવાં ગમે તેવાં હતાં. એ જ્યારે પણ બોલતી ત્યારે ચંદ્રની કાંતિના પ્રવાહથી રાત્રિ શોભે તેમ દાડમ કળી શી દંતપંક્તિથી એનો દેહ દીપી ઊઠતો.

સતીત્વ એનો શણગાર હતો.

નદી જેમ સાગરને ભજે, તેમ એના મનમાં સતત સ્વામીનું જ ચિંતવન ચાલ્યા કરતું.

નગરીમાં શાંતિ પ્રવર્તતી.

રાજાના ન્યાયનાં અફાટ વખાણ થતાં.

કેટલાક તો કહેતા પણ ખરા : "અલ્યા, આપણા રાજા જેવો પૃથ્વી પર કોઈ રાજા થયો નથી ને થશે પણ નહીં. આપણા નૃપ

તો પૃથ્વીનું તિલકરત્ન છે.''

વાત સાચી હતી.

રાજા સૌને સમાન ભાવે જોતો. રાજા ભેદ પડાવે, અસમાન દૃષ્ટિથી જનતાની લાગણીની પરવા ન કરે તો એ ધર્મપાલક કેવી રીતે કહેવાય ? સમસ્ત રાજયની સમૃદ્ધિનો આધાર રાજાની વ્યવહારનીતિ ઉપર છે.

રાજા એક પક્ષનો બની જાય, તો સુખ નંદવાય જાય, એકતા તૂટે, ધર્મ નષ્ટ થાય ને લોકોનો વિશ્વાસ ઊઠી જતાં ક્રાંતિનાં રણશિંગાં ફૂંકાય.

ને રાજ્ય ઉકળતા ચરૂ સમાન બની રહે.

રાજા જિદ્દી હોય તો જનતા તોફાની બને.

રાજા અનીતિમાન હોય, તો મંત્રીઓ ભષ્ટાચારી બને.

રાજા ચારિત્ર્યહીન હોય તો અધિકારીઓ ચારિત્ર્યનાં ચીંથરાં ફાડી નાખે.

રાજા દૃષ્ટિહીન હોય, તો લશ્કર કૂવામાં પાડે.

રાજામાં કોઠાસૂઝ ઈચ્છનીય છે.

રાજામાં વ્યવહારુ અભિગમ ઈચ્છનીય છે.

રાજામાં શાણપણ અને સમજણ ઈચ્છનીય છે.

રાજા જડ પણ ન હોય ને ઢીલો પણ ન હોય.

ધર રાજા એવો હતો.

લોકો તેની પ્રશંસા કરતાં ન થાકતા.

મનોમન એને દુહાઈઓ દેતા.

ગૌરવ અનુભવતા.

અને એટલે જ તો કૌશાંબી નગરીમાં સુખ વરસતું હતું. સમૃદ્ધિના ઢગલા થતા હતા. ચોપાસ આનંદગીતો ગવાતાં હતાં.

રાજા પ્રજા વત્સલ હતો.

તો પ્રજા રાજા માટે મરી ફીટે તેવી હતી.

ને નગરી સુખી હતી.

લોકોના ચહેરા પર અવર્ણનીય આનંદ જોવા મળતો.

એમને ચિંતા ન હતી, કારણ કે ચિંતા કરનારો બેઠો હતો.
કોઈ ભય ન હતો, કારણ કે રક્ષણ કરનારો બેઠો હતો.
દુઃખ ન હોતું.... કારણ કે દુઃખ હરનારો બેઠો હતો.
કેટલાક તો એવું પણ કહેતા :

"કૌશાંબી નગરીના લોકોનાં પૂર્વ ભવનાં પુણ્ય અપરંપાર છે. સત્કર્મોને કારણે જ એમનો જન્મ આ નગરીમાં થયો છે ને તેમને ઘર જેવો રાજા મળ્યો છે.

ઘર રાજાને પામીને સાચે જ આપણે ધન્ય બની ગયા છીએ. એવો કોઈ દષ્ટિહીન જડ અને દુષ્ટ રાજા મળ્યો હોત તો આપણે દુઃખી બની જાત. દુષ્ટ રાજાના રાજયમાં જીવવું એના કરતાં વિષ પીને મૃત્યુની ગોદમાં પોઢી જવું વધારે સારું....

પણ હાશ, આપણો રાજા તો દેવતુલ્ય છે, વત્સલ પ્રજાપાલક છે, ન્યાયી છે અને સમદષ્ટિવાળો છે. નગરી પણ ધન્ય બની ગઈ ને આપણે પણ કૃતાર્થ થયા..."

ને જેવો રાજા તેવી રાણી.
સમજણવાળી અને સુંદર.
સતીત્વથી ઓપતી અને સત્યવચનો ઉચ્ચારતી.
ગરવી અને ગૌરવમયી.

નવમા ગ્રૈવેયકમાં અપરાજિત રાજાના જીવે એકત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કર્યું.

ત્યાંથી ચ્યવીને માઘ માસની કૃષ્ણ ષષ્ઠિને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં સુસીમા દેવીની કુક્ષિમાં તે ઉત્પન્ન થયો ને ત્યારે તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્ન સુસીમા દેવીઓ પોતાના મુખમાં પ્રવેશતાં જોયાં.

પ્રથમ સ્વપ્નમાં મદની મહેંકતી સુગંધથી ભ્રમરોનું મંડળ જેની ઉપર ગુંજારવ કરી રહ્યું છે, એવા મેઘની જેમ ગર્જના કરતા હાથીને જોયો.

બીજા સ્વપ્નમાં ઊંચા શૃંગવાળો, શ્વેત અને શુભ્ર વર્ણવાળો વૃષભ જોયો.

ત્રીજા સ્વપ્નમાં વક્ર નખવાળા કુંકુમ અને કેશરીવર્ણી કેશરાથી પ્રકાશમાન કેશરી સિંહને જોયો.

ચોથા સ્વપ્નમાં કમળમાં બેઠેલા લક્ષ્મીદેવીને જોઈ.

પાંચમા સ્વપ્નમાં સુગંધ વડે દિશાઓને મહેંકાવતી પુષ્પોની માળાને જોઈ.

છટ્ઠા સ્વપ્નમાં સંપૂર્ણ મંડળવાળા ચંદ્રને જોયો.

સાતમા સ્વપ્નમાં સ્વ કિરણોથી સર્વ દિશાઓને પ્રકાશમાન કરતા સૂર્યને જોયો.

આઠમા સ્વપ્નમાં આકાશગામી પતાકાથી શોભતો રત્નમય ધ્વજ જોયો.

નવમે સ્વપ્ને શ્વેત કમળ સમૂહથી આચ્છાદિત મુખવાળો કળશ જોયો.

દશમે સ્વપ્ને કમળ સમૂહથી આવૃત પદ્મ સરોવર જોયું.

અગ્યારમા સ્વપ્નમાં ઉછળતા તરંગોથી આકાશને આલિંગન કરતા સમુદ્રને જોયો.

બારમા સ્વપ્નમાં વિચિત્ર રત્નમય ઉત્તુંગ વિમાન જોયું.

તેરમા સ્વપ્નમાં અપરંપાર કાન્તિના ઉન્નત રત્ન પુંજને જોયો.

ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમ અગ્નિ જોયો.

ગર્ભ જ્યારે વૃદ્ધિ પામ્યો ત્યારે દેવીને પદ્મની શય્યામાં સુવાનો દોહદ થયો.

દેવતાઓએ રાણીના આ દોહદને તત્કાળ પૂર્ણ કર્યો.

દેવતાઓએ તત્કાળ પદ્મશય્યા રચી કાઢી. રાણી એમાં સૂતાં — ને એમના વદન પર સંતોષનું સ્મિત ફરકી રહ્યું.

સમય વીતતો ચાલ્યો.

ચૌદ મહાસ્વપ્નો દ્વારા સૂચવાયેલો ગર્ભ વૃદ્ધિવંત બનતો ગયો.

ને નવ માસને સાડાસાત દિવસ પૂર્ણ થતાં કાર્તિક માસની

કૃષ્ણ દ્વાદશીને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં, વક્રચાર છોડીને સર્વગ્રહો ઉચ્ચ સ્થાનના થતાં પદ્મના જેવા વર્ણવાળા અને પદ્મના લાંછનવાળા પુત્રને દેવીએ જન્મ આપ્યો.

આ વાત જાણતાં જ છપ્પન દિક્કુમારીઓ ત્યાં આવી પહોંચી. એમણે સૂતિકા કર્મ કર્યું. આસનકંપથી પ્રભુનો જન્મ થયેલો જાણીને શકેન્દ્ર ત્યાં આવ્યો અને પ્રભુને મેરુ પર્વત પર લઈ ગયા. શકેન્દ્રના ઉત્સંગમાં રહેલા પ્રભુને સહોદર બંધુઓમાં જયેષ્ઠ બંધુઓના ક્રમની જેમ અચ્યુતાદિ ઈન્દ્રોએ આવીને સ્નાન કરાવ્યું. શકેન્દ્રએ ઈશાન ઈન્દ્રના ખોળામાં પ્રભુને સ્થાપીને યથાવિધિ સ્નાન કરાવી પૂજા કરી.

અને પછી તે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો : "હે પ્રભુ, તૃષ્ણાથી ભરેલા આ સંસારમાં સૌ જીવો અમૃતને ઝંખે છે. તરસ્યાને જળ મળે, તેમ સંસારને અમૃતની પરબ સમાન તમારું દર્શન થયું છે.

સૌ તમને જોવા ઝંખતા હતા. દેવતાઓ પણ તમારા દર્શન માટે વ્યાકુળ હતા.

દુ:ખ તપી પૃથ્વીને ઠારવા માટે અમૃતજળ બનીને આપ આવ્યા છો,

પ્રભુ ! તમારા આગમનથી સમસ્ત પૃથ્વી અને દેવતાઓ ધન્ય બનેલ છે.

તમને જોતાં અનિમેષ જોઈ રહેલા દેવતાઓ કૃતાર્થ બન્યા છે.

જાણે વાતાવરણ પણ બદલાઈ ગયું છે. હવામાં જે મર્મર ધ્વનિ ઊઠે છે, તે આપના આવ્યાના આનંદનો ધ્વનિ છે.

દિશાઓ જ્યોતિર્મય બની ગઈ છે, પ્રભુ ! આપના જન્મનો જ એ પ્રભાવ છે.

તમે આવતાં જ માનવો, દેવો, પ્રાણીઓ, જીવજંતુઓ - બધાં જ હર્ષ પ્રગટ કરી રહ્યાં છે.

હે તૃષા છીપાવનાર પ્રભુ ! હે જગકલ્યાણક સ્વામી ! અમે સૌ તમને જોઈને હર્ષથી ગદ્‌ગદ્ બન્યા છીએ.

તમારા જન્મથી નિત્યના અંધકારનો નાશ થયો છે ને પ્રકાશ પથરાયો છે. નારકીઓને પણ સુખ ઉત્પન્ન થયું છે. સાચે જ પ્રભુ,

તમારું તીર્થંકરપણું સૌને માટે સુખકાર છે.
હે નાથ તમારી કરૂણાનો કોઈ પાર નથી.

તમારા ઔદાર્યની કોઈ સીમા નથી. ધર્મરૂપી વૃક્ષને તમે દયારૂપ નીકના જળથી સિંચન કરી વૃદ્ધિ પમાડો છો.

હે સ્વામી ! જળને શીતલતા પ્રાપ્ત થયેલી જ હોય છે, તેમ તમને પણ જગતનું સ્વામીપણું અને ત્રણ જ્ઞાનનું ધારણ કરવાપણું જન્મથી જ સિદ્ધ થયેલ છે.

હે પદ્મના જેવા વર્ણ વાળા,
પદ્મની સુગંધી સમા મુખપવનને ધરનારા,
પદ્મના જેવા મુખવાળા
પદ્મા (લક્ષ્મી)થી યુક્ત અને પદ્મના ગુરુરૂપ એવા હે પ્રભુ !

તમે જય પામો.
સંસારસાગર તમારા થકી દુસ્તર મટી જાનુપ્રમાણ બની જશે.
હે સ્વામી ! મારી કોઈ ઈચ્છા નથી.
સુખ કે સમૃદ્ધિની વાંચ્છના મને નથી.
નથી તો હું કલ્પાંતરનું સામ્રાજ્ય ઈચ્છતો
કે નથી તો મને અનુત્તર વિમાનના નિવાસની અભિપ્સા.
હું તો ઈચ્છું છું, કેવલ તમારા ચરણકમળની સેવા !
હે સ્વામી ! દયા કરો ને મને આપના ચરણ સરોજમાં સ્થાન આપો.''

આ પ્રમાણે સ્તુતિ કરીને પ્રભુને લઈ સુસમાદેવી પાસે આવ્યા ને પ્રભુને ત્યાં મૂકીને નંદીશ્વરમાં જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ કરીને શક્રઈન્દ્ર સ્વર્ગમાં ગયા.

★

| ૫ | જીવન અને જાગરણ.... |
|---|---|

ઉદરના ગર્ભગૃહે જન્મની વેલ ફૂટે છે, ત્યારે સ્ત્રીને દોહદ થાય છે. મનમાં પડેલી ઈચ્છાઓ જાગી ઊઠે છે. રૂંવે રૂંવેથી પુકાર ઊઠે છે.

પ્રભુ જયારે ગર્ભમાં આવ્યા ત્યારે માતા સુસમાદેવીને પદ્મની શય્યાના દોહદ જાગ્યા હતા.

વળી પ્રભુની દેહકાંતિ પણ પદ્મ સમાન હતી. નામાભિધાનનો સમય આવ્યો, ત્યારે આ બધાને કારણે પ્રભુનું નામ પાડ્યું પદ્મપ્રભ.

માતાના આનંદનો પાર ન હોતો.

પ્રભુને જન્મ આપીને તે ધન્યતા અનુભવતાં હતાં.

જગતનો તમસ ફેડનારો પ્રભુ પોતાની ગોદમાં રમતો હતો.

એની કાલીઘેલી મંજુલ વાણી સાંભળીને માતા હર્ષાન્વિત બની જતાં.

પોતાના લાડલો દીકરો પ્રભુ છે, એ કલ્પના જ અતિ રમ્ય લાગતી હતી.

સ્વર્ગની ધાત્રીઓ તેમનું લાલન કરતી.

એમને રમાડતી.

લાડ લડાવતી.

બાલપ્રભુની હઠો પૂરી કરતી.

એમને આંગળીએ ઝાલીને ફેરવતી.

દેવકુમારો સાથે પ્રભુ ક્રીડા કરતા. પ્રભુ કદી રજમાં આળોટતા તો દેવકુમારને તાલી આપીને સૌને હસાવતા.

પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા.

એમના શરીરમાં લોહી ભરાયું.

સ્નાયુઓ વધુ મજબૂત બન્યા.

અંગ અંગ ઘાટીલું બન્યું.

જાણે રક્ત વર્ણ કમળ ખીલી ઊઠ્યું.

પ્રભુ બાળક મટીને યુવાન બન્યા.

એ તનુએ અઢીસો ધનુષ્ય ઊંચા અને વિશાળ છાતીવાળા પ્રભુ જાણે લક્ષ્મીનો પદ્મરાગમણિમય ક્રીડા પર્વત હોય, તેમ શોભવા લાગ્યા.

એમના શરીરની કાંતિ અપૂર્વ હતી.

પ્રભુ સંસારનો ત્યાગ કરવા માગતા હતા.

મોહપછેડી ઓઢવા માગતા ન હતા.

પણ પિતાની ઈચ્છા હતી.

માતા પણ એ જ ચાહતી હતી.

લોકોનો આગ્રહ હતો.

અને એટલે જ તો, અંતરની ઈચ્છાને થોડીવાર દબાવી દઈને, માતાપિતાનું મન રાખવા માટે હોય તેમ રાજકન્યાઓ સાથે પ્રભુએ પાણિગ્રહણ કર્યું.

મોટા મનવાળા પ્રભુએ ભોગફળ કર્મ છે, એમ જાણીને જ માતાપિતાની આજ્ઞા શિરોધાર્ય કરી હતી.

ગીતો ગાવામાં.

ગંધર્વોએ મૃદંગના તાલ છેડ્યા.

અપ્સરાઓએ નૃત્ય આરંભ્યા.

વાતાવરણ માંગલ્યના રંગે રંગાયું.

પ્રભુનો વિવાહ મહોત્સવ ઊજવાઈ ગયો.

રમણીઓ સાથે રમમાણ થઈને પ્રભુ ક્રીડા ઉદ્યાનોની શોભા વધારતા.

કદીક પર્વતોથી શિખર શ્રેણીઓમાં પ્રભુના ક્રીડા સ્વરો ગૂંજી ઊઠતા.

કદીક અમૃતકુંડ સમ ક્રીડા વાપીઓમાં.

તો કોઈ વાર સ્વર્ગના વિમાન જેવી ચિત્રશાલાઓમાં અપ્સરાઓનું ય માન મૂકાવે તેવી રમણીઓ સાથે પ્રભુ રમતા.

સંસાર છે,

તો ત્યાં ભોગફળ પણ છે.

મોહ છે, તો માયા પણ છે.

યૌવનના ફૂલગુલાબી રંગ છે,

તો રૂપના ઊડતા ફુવારા પણ છે.

જીવનની મસ્તી છે, તો આનંદનાં સરોવર પણ છે.

સંસારમાં રહે ભોગફળ કર્મ છે.

પ્રભુ એ કર્મને ભોગવતા હતા.

અને આમ જ, રમણીઓ સાથે ક્રીડા કરતાં કરતાં,

આનંદ સરિતામાં છબછબિયાં લગાવતાં લગાવતાં,

કામિનીઓ સાથે કિલ્લોલ કરતાં કરતાં.

અને જીવનમાં હર્ષનો હિલ્લોલ ચઢાવતાં,

જન્મથી સાડા સાત લાખ પૂર્વ પસાર થઈ ગયા.

ત્યારે ધર રાજાને સંસાર પર વૈરાગ્ય ઉત્પન્ન થયો. એ તો સદ્‌ગુરૂના ચરણ કમળમાં જઈ દીક્ષા લેવા માગતા હતા.

તેમણે પ્રભુને રાજય કારભાર ગ્રહણ કરવાનો આગ્રહ કર્યો.

પિતાના આગ્રહને વશવર્તી પ્રભુએ રાજયધુરા ગ્રહણ કરી.

પુષ્પની માલાની જેમ પ્રભુ પૃથ્વીનું રક્ષણ કરવા લાગ્યા.

પ્રભુનો પ્રભાવ જ અનેરો હતો.

એમના પ્રભાવને કારણે પૃથ્વી પર દુષ્કાળનો ભય ટળ્યો. રાજયમાંની પ્રજાઓ નિર્ભય બની. સમૃદ્ધિ વધી. સુખ અને શાંતિમાં લોકો કાલનિર્ગમન કરતા.

કોઈ પર પ્રભુને ભ્રકુટિ ચઢાવવાની જરૂર ન પડતી. કોઈને દંડ આપવાની વેળા પણ ન આવતી. ધનુષ્ય ચડાવવાની તો વાત જ કેવી ?

પ્રભુના સામ્રાજયમાં સંપૂર્ણ શાંતિ હતી.

પ્રજા સુખના ઓડકાર ખાતી હતી.

સર્વજનો આનંદનું અમૃત પીતા.

જીવન એમને ધન્ય લાગતું.

પ્રભુ શિરચ્છત્ર સૌને માટે આહ્‌લાદકારી હતું.

સંતોષની આભા હતી.

તો આનંદની ભરપૂર માત્રા પણ હતી.

સુખમય વ્યવસ્થા હતી.

તો અંદર-બહાર નિર્ભયતા પણ હતી.

અને આમ જગતનું પ્રતિપાલન કરતાં પ્રભુએ સાડી એકવીસ લાખ પૂર્વ અને સોળ પૂર્વાંગ નિર્ગમન કર્યા.

એકદા ત્રણ જ્ઞાનથી વ્યાપ્ત પ્રભુ સંસારની સ્થિતિ ચિંતવવા

લાગ્યા:

"અહા ! સંસાર લાગે છે તો સ્વાદિષ્ટ પણ મિષ્ટ ભોજનમાં કદીક ઝેર પણ ભળેલુ હોય છે.

ભોજન લાગે મીઠું પણ ઝેર ભળેલું હોવાથી પરિણામ તો અનર્થકારી જ આવે. ને પ્રાણીઓને તો માંડ માંડ મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.

પગ ધોવા માટે અમૃતનો ઉપયોગ ન થાય. ને એમ જીવનને વિષય સેવનમાં ન વેડફાય.

અહા ! મધુર લાગે છે આ સંસાર. પણ એનાં ફળ કટુ છે. એના બાહ્ય સ્વાદ માણસને લલચાવે છે, પણ પાછળથી ભયંકર પરિણામોમાં એને ધકેલી દે છે...

અરે ! પણ જીવનનો અમૂલ્ય કાળ આમ મોહમાયામાં ન વીતાવી દેવાય..."

સમય સરકતી રેતી જેવો છે.
કણકણ સરકી જાય છે.
ખબર પણ નથી પડતી માણસને !
ને કાળનું તળાવ ખાલી થઈ જાય છે.

પ્રભુ આમ ચિંતવતા હતા, ત્યાં જ લોકાંતિક દેવતાઓએ પ્રભુને વિનંતી કરી: "હે સ્વામી ! તીર્થ પ્રવર્ત્તાવો."

દીક્ષાની એમણે પ્રેરણા આપી.

શુભ શુકન થતાં માણસને ચાલવાની પ્રેરણા મળે, તેમ લોકાંતિક દેવતાઓની વિનંતીથી પ્રભુએ ઉત્કંઠિત થઈને સાંવત્સરિક દાન આપવાનો પ્રારંભ કર્યો.

કુબેરની આજ્ઞાથી જૃંભક દેવતાઓ સુવર્ણાદિક દ્રવ્ય સર્વ જગ્યાએથી લાવીને કૌશાંબી નગરીના રાજગૃહમાં એકઠું કર્યું. સ્વામીએ સેવકો પાસે ઘોષણા કરાવી કે: "જે જેનો અર્થી હોય તેણે આવીને તે માગી લેવું."

અને આમ અર્થીઓને દાન આપતાં આપતાં પ્રભુએ એક વર્ષ પૂરું કર્યું.

વાર્ષિક દાનને અંતે આસન ચલિત થવાથી ઈન્દ્રો સપરિવાર ત્યાં આવ્યા.

પ્રથમ પ્રભુના ગૃહને પ્રદક્ષિણા કરી ભૂમિ ઉપર ચાર આંગળ ઊંચા રહી વિમાન પરથી ઊતર્યા. વિનયવાળા તે ઈન્દ્રોએ પ્રભુને પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યા.

આ પછી તીર્થજળના કુંભો વડે પ્રભુને વિધિપૂર્વક દીક્ષા સંબંધી અભિષેક કર્યો. રાજાઓએ પણ પદ્મપ્રભ સ્વામીને પવિત્ર જળ વડે સ્નાન કરાવ્યું.

આ પછી દેવતાઓએ સ્વામીના શરીરને દેવદૂષ્ય વસ્ત્રથી લૂછી નાખ્યું. ગોશીર્ષ ચંદનથી પ્રભુને વિલેપન કર્યું. દિવ્ય રેશમી વસ્ત્રો ધારણ કરાવ્યાં. હીરાની ખાણ સમો મુગટ પ્રભુના મસ્તક પર આરોપણ કર્યો. કાનમાં કુંડળ પહેરાવ્યાં. કંઠમાં હાર ને બાહુમાં કેયૂર અને કંકણ પહેરાવ્યાં.

એ પછી સુખકારી શિબિકામાં આરૂઢ થઈ સહસ્રામ્ર વનમાં ગયા.

વૃક્ષ ઉપરથી મયુર ઊતરે, એમ પ્રભુ શિબિકામાંથી ઊતર્યા.

તેમણે તરત જ શરીર પરના સર્વ અલંકારોનો ત્યાગ કર્યો. અને ઈંદ્રે આપેલું દેવદૂષ્ય વસ્ત્ર સ્કંધ ઉપર ધારણ કર્યું.

ત્યાં છઠ્ઠનો તપ કરી અને કાર્તિક માસ કૃષ્ણ ત્રયોદશીને દિવસે ચિત્રા નક્ષત્રમાં પ્રભુએ મસ્તકના કેશનો લોચ કર્યો. તત્કાળ ઈંદ્રે તે કેશને પોતાના વસ્ત્રના છેડામાં લઈ લીધા ને ક્ષીર સમુદ્રમાં કેશને ક્ષેપન કર્યા.

ને તે જ દિવસે પ્રભુએ એક હજાર રાજાઓની સાથે દીક્ષા લીધી. અને તેજ સમયે પ્રભુને ચોથું મન: પર્યવજ્ઞાન પ્રાપ્ત થયું.

બીજા દિવસે પ્રભુએ બ્રહ્મ સ્થળ નગરમાં સોમદેવ રાજાને ઘેર પરમ અન્નથી પારણું કર્યું અને રાજાએ પ્રભુ જ્યાં ઊભા રહ્યા હતા, ત્યાં એક રત્ન પીઠ બનાવી. રાજા તેની પૂજા કરતો.

ભગવાન પદ્મપ્રભ આ પછી અનેક ગામ, દ્રોણમુખ, નગર, ખાણ, વન અને એવાં બીજાં સ્થાનોમાં એકાગ્ર દષ્ટિ રાખી છ માસ સુધી

વિહરતાં રહ્યા.

અને એ પછી વિહરતાં વિહરતાં પોતાની દીક્ષાના સાક્ષીરૂપ એવા સહસ્રામ્ર વનમાં ફરીવાર આવ્યા.

ત્યાં છઠ્ઠ તપ કરીને કાયોત્સર્ગ ધ્યાને વડના વૃક્ષ નીચે રહ્યા.

તે અવસરે વાયુના કંપથી વાદળાંનો ક્ષય થાય તેમ પ્રભુના ઘાતિ કર્મ નાશ પામ્યાં ને ચૈત્ર માસની પૂર્ણિમાએ ચિત્રા નક્ષત્રનો ચંદ્ર થતાં પદ્મપ્રભ સ્વામીને મ્લાનિરહિત કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

સુર અસુરોએ ત્યાં આવીને સમોસરણ રચ્યું.

તેમાં પ્રભુએ પૂર્વ દ્વારથી પ્રવેશ કર્યો.

આ પછી પ્રભુએ સમવસરણની મધ્યમાં રહેલા દોઢ કોશ ઊંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી. અને "તીર્થાય નમઃ" એમ ઊંચે સ્વરે ઉચ્ચાર કરીને રત્ન સિંહાસન પર પૂર્વમુખે બિરાજમાન થયા.

પ્રભુના પ્રભાવથી દેવતાઓએ તેમના જેવા જ પ્રતિબિંબો વિકુર્વી બીજી ત્રણ દિશાઓમાં સ્થાપન કર્યા.

ચતુર્વિધ સંઘ પ્રભુની દેશના શ્રવણ કરવાની ઉત્કંઠા રાખીને યોગ્ય સ્થાને બેઠો.

જાણે મયૂરોનો સમૂહ મેઘ ગર્જનાની ઉત્કંઠા ધરાવતો બેઠો.
સર્વત્ર શાંતિ પથરાઈ ગઈ
સૌના કાન આતુર બન્યા.
સૌધર્મ કલ્પનો ઈન્દ્ર ઊભો થયો.
તેણે પદ્મપ્રભ સ્વામીને પ્રણામ કર્યા.

ને પૂરા ભક્તિભાવ પૂર્વક વિનયસહિત યથાર્થ સારરૂપ વાણી વડે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો:

"હે પ્રભુ —"

—★—

## ૬

## પ્રભુ ! ભાગ્ય જાગ્યાં છે અમારાં....

સૌધર્મેન્દ્રના કંઠમાં સ્તુતિની સરવાણી વહી નીકળી.

નમ્રતા અને આર્જવભરી એની વાણીમાં સાદ્યંત ભક્તિભાવ ભરેલો હતો. એમાં ભાવની ભીનાશ હતી તો પ્રભુભક્તિની સુવાસ પણ હતી અને એથી તો એ ગદ્‌ગદ્ બન્યો હતો.

અનોખો લહાવો છે.... પ્રભુના દર્શનનો.

ને જેના હૈયામાં પ્રભુદર્શનનો તલસાટ જાગે છે, એને જગત મિથ્યા ભાસે છે.

જગત તો મોહના અંધકારથી ભરેલું છે. સંસારના વર્ણનોમાં શબ્દો કલુષિત બની જાય છે. મોહ પમાડનારા શબ્દો વામણા ભાસે છે.

વર્ણન.... તો હોય પ્રભુનું

સ્તુતિ.... તો થાય ભગવાનની.

ને જે પ્રભુપ્રશંસા માટે વાણીપ્રવાહ છોડે છે, એની જિહવાગ્રે મૂલ્યવાન શબ્દો આવીને બેસી જાય છે.

સરસ્વતીની કૃપા એને મળે છે. મા શારદાના આશીર્વાદ એને પ્રાપ્ત થાય છે. ને શબ્દોની સરવાણી એવી તો વહી નીકળે છે, કે શ્રોતાજંનો અનહદ આશ્ચર્ય અને આનંદનો અનુભવ કરે છે.

હાથ જોડીને સૌધર્મેન્દ્રએ સંબોધન કર્યું હતું :

'હે પ્રભુ —'

પ્રભુ શબ્દનું ઉચ્ચારણ !

શુભ શબ્દનો મંગલ ધ્વનિ !

વિરાટ પરમાત્માને આવાહન !

અને પછી તો પહાડની બખોલમાંથી ઝરણું વહી નીકળે તેમ સ્તુતિ શબ્દોનાં વેગવાન ઝરણાં વહી નીકળ્યાં.

"તમે તો પરિષહોની સેનાને હણનારા છો.

ઉપસર્ગોને તમે વિદારો છો.

તમે અપૂર્વ સમતાને પામેલા છો.

તમારા જ્ઞાનનો કોઈ પાર નથી.

તમારી વાણી તાપને ઠારનારી, દુ:ખને હરનારી અને મોહને ભગાડનારી છે.

તમારી વાણી અમૃતથી પણ અધિક જીવનદાયિની અને સ્નેહ સિંચનારી છે.

જે તમારા દર્શનને એકવાર પણ પામે છે, એને જગતની માયા મિથ્યા લાગે છે. તમારાં દર્શન તો અમારી જીવન પર્યંતની ક્ષુધા છે.

પ્રભુ ! અમને લાગી છે તમારી વાણીની તરસ.

હે નાથ, મિથ્યા અહંકારને તમે શમાવો છો.

માણસની અંદર ઉકળતો કુકર્મોનો લાવા તમારા ચરણમાં વિરમી જાય છે.

પાપીના હૃદયમાં પણ તમારું શરણ થતાં જ, પશ્ચાતાપનું પવિત્ર ઝરણું પ્રગટ થાય છે.

આપનું શરણ તો પાપોનો નાશ કરનારું, તમસને હણનારું, જગતના ઉપદ્રવોને સંહરનારું છે.

હે નાથ ! તમે તો વિરાગી છતાં મુક્તિને ભોગવનારા છો.

અદ્વેષી છતાં શત્રુઓને હણનારા છો. સંસારના શત્રુભાવો તમારી સમક્ષ ટકતા નથી. દુવૃત્તિઓ રૂપી દુશ્મનો તમારી નષ્ટ પડતાં જ ભાગી જાય છે.

દુર્ભાવનાઓ નષ્ટ થઈ જાય છે.

બધા સંશયો છૂટી જાય છે,

માયાનું અંધારું નાશ પામે છે.

મોહપડદા ચિરાઈ જાય છે.

અહો મહાત્માઓનો કેવો દુર્લભ મહિમા છે !

હે દેવ ! તમે હંમેશા જિગીષા રહિત છો. તમે ત્રણ જગતને જીતેલું છે.

હે પ્રભુ ! મહાપુરૂષોની આ તે કેવી ચાતુરી છે ! કોઈને તમે કાંઈ આપ્યું નથી અને કોઈની પાસે કાંઈ લીધું નથી, તથાપિ તમારે પ્રભુપણું છે !

હે નાથ ! વિદ્વાનોની કેવી વિચિત્ર કલા હોય છે.

હે પ્રભુ ! જે સુકૃત બીજાઓએ દેહત્યાગ કરીને પણ મેળવ્યું નથી, એ સુકૃત તમારી ચરણપીઠ પર આળોટે છે.

તમે રાગાદિકમાં ક્રૂર છે. રાગને હણનારા છો. તમારી સમક્ષ રાગ ટકતો નથી.

મિથ્યા કલેશો સંસારીજનોને પીડે છે. તેઓ દ્વન્દ્વમાં અટવાય છે. ખારો છે સંસાર સાગર, તો ય છોડી શકતા નથી.

હૈયું પાપાચારોથી ઉભરાય છે, અનિષ્ટો એમના અંતરને પીડે છે ને મોહનું અંધારું તેમને ચોપાસથી ભીંસે છે, તો પણ મુક્તિનો માર્ગ મળતો નથી,

પણ.... તમારી પાસે આવતાં જ તેમની દ્વિધા દુર થઈ જાય છે, અનિષ્ટોનો નાશ થાય છે.

પાપાચારોથી મુક્તિ મળે છે.

રાગ હણાય છે.

દ્વંદ્વનો અંત આવે છે.

દિવ્ય આલોકના ઝૂલે હૃદય ઝૂલી રહે છે.

આપ રાગાદિકમાં ક્રૂર છો.

પણ સર્વપ્રાણીઓ પર કૃપાલુ છો.

અને તેથી ભયંકર અને મનોહર બંને ગુણવાળા એવા તમે સર્વ સામ્રાજય સાધેલું છે.

મહાત્માઓ વડે પૂજવા યોગ્ય એવા તમે, અહો, મારી સ્તુતિગોચર થયેલા છે.

તમારા ગુણોનું વર્ણન મારા માટે કદી પણ શકય નથી. શબ્દોની પણ સીમા આવી જાય છે.

પ્રભુ ! આપના પરમપ્રકાશથી અમારા અંતરના અંધારાં ઉલેચાયાં છે. જગતમાં આમતેમ આથડતાં અને અજ્ઞાનને કારણે આંધળાં ભીંત થઈને રઝળતાં-પ્રાણીઓ માટે આપનું દર્શન અમૃત સંજીવની સમાન છે.

પ્રભુ ! આપનું દર્શન તો એ જ્ઞાનરસ છે. જે સૌના માર્ગને અજવાળે છે. સૌના હૈયામાં પ્રકાશ પાથરે છે. સૌના જીવનને પ્રફુલ્લિત બનાવે છે. રાગનાં બંધનથી મુક્તિ અપાવે છે.

સંસારસમુદ્રમાં ડૂબેલા પ્રાણીઓને એક તમારું જ શરણું છે. ને આજે એ શરણું અમને પ્રાપ્ત થયું છે, જેને હું અહોભાગ્ય સમજુ છું.

આવું અહોભાગ્ય સૌને સાંપડતું નથી.

સૌને પ્રાપ્ત થતું નથી.

પૂર્વજીવનના યોગે કરીને, ઉત્તમ કર્મોના ફળ રૂપે જ પ્રાણીને આપનું શરણ મળે છે.

અમારા આનંદનો કોઈ પાર નથી.

તનમાં જેને તાલાવેલી જાગી હોય, મનમાં ભક્તિની ભરતી ચઢી હોય છે, ચરણ સમીપે આવવાની લગની લાગી હોય —

એને જ આપનું દર્શન પ્રાપ્ત થાય છે. ભાગ્ય જેનાં જાગે છે એને આપનું શરણ મળે છે.

આજે અમારાં ભાગ્ય જાગ્યાં છે.

આજે અમારી આંખોની યુગો જૂની તૃષા શમી ગઈ છે.

આજે જગતનાં ભાગ્ય જાગ્યાં છે.

પ્રભુ ! તમારાં પગલાં પડતાં જ જગત પાવન બન્યું છે.

અમારી નજર સમક્ષ મુક્તિના મારગ ઝૂલી રહ્યા છે.

હે સ્વામી ! બીજાઓ માટે જે દોષરૂપ જણાય છે, એ તો તમારામાં ગુણરૂપ છે.

હે સ્વામી ! તનમનમાં આનંદનો ઉભરો આવ્યો છે.

હે જગન્નિયંતા ! તમારા સામીપ્યમાં એક એવી અપૂર્વ શક્તિ છે, કે જે અમને સર્વ બંધનોમાંથી મુક્ત કરે છે. આપના હૃદય ઔદાર્યની કોઈ સીમા નથી.

અત્યાર સુધી પ્રાણીઓ અંધારામાં અટવાયાં છે

હૈયામાં તરસ ભરીને રઝળ્યાં છે.

-પણ આજે તો તૃષાથી તરફડતા પ્રાણીને અમૃતનું સરોવર મળી જાય, એવું અમારા માટે થયું છે. સાચે જ આપ તો અમૃત સરોવર છો :

જ્ઞાન સરોવર છે.

ઔદાર્યની ઉદધિ છો.

આપની સમક્ષ વાણી દાસી બને છે.

આપની નજરનો એ પ્રભાવ છે.

કે, જેના ઉપર એ ઠરે છે, તેના માટે મુક્તિનાં દ્વાર ખૂલી જાય છે. અમૃતના દ્વારે જઈને ખડો થઈ જાય છે.

અમે તરફડતા હતા.

તલસતા હતા.

તનમાં ક્ષુધા ને મનમાં તૃષા લઈને રઝળપાટ કરતા હતા.

પણ આજે એ ક્ષુધા મટી ગઈ છે.

આજે એ તૃષા શમી ગઈ.

ચક્ષુ તૃપ્ત બની ગયાં.

આ સભાસદો એનું પ્રમાણ છે.

તમારી સ્તુતિ કરતાં ગદ્ ગદ્ ભાવ અનુભવું છું.

મારી એક ઈચ્છા છે પ્રભુ !

ઊંડી મનોકામના છે, નાથ !

તમને જોયા પછી, તમારાં દર્શન થયા પછી મિથ્યા ઈચ્છાઓ નાશ પામી છે, પણ એક ઈચ્છાનો નાશ કદી પણ થઈ શકે તેમ નથી.

બસ, એક જ ઈચ્છા છે.

તમારા ચરણનું મને વારંવાર દર્શન થાઓ.

નથી મોક્ષની ઈચ્છા.

નથી સમૃદ્ધિની ઈચ્છા.

નથી કીર્તિની આકાંક્ષા.

બસ, આટલી ઈચ્છા છે, નાથ !

અમને કૃતાર્થ કરો, પ્રભુ ''

—ને આ પ્રમાણે સ્તુતિ કરીને ઈન્દ્ર વિરામ પામ્યો. એના ચહેરા પર દિવ્ય આભા હતી, સંતૃપ્તિ હતી.... અને

પ્રભુએ પાંત્રીસ અતિશયોથી યુકત એવી વાણીથી દેશના દેવાનો આરંભ કર્યો...

—★—

## ૭ નારકી જીવોની યંત્રણાની વાત...

પ્રભુની દેશના.

જાણે અમૃતની ધારા.

સાંભળવા ગમે.

અંતરમાં ઉતારવી ગમે.

મુગ્ધ બનીને માણવી ગમે.

અને જીવનપંથના મુસાફરને સફરની સંગાથે નજર સમક્ષ રાખવી ગમે તેવી વાણી.

એવી વાણી કે જે અંતરના અંધારાં ઉલેચી નાખે.

જીવનને પ્રકાશમાન બનાવી દે.

મોહના પડળો હટાવી દે.

માયાની અંતર રૂંધતી શિલાઓને દૂર ફંગોળી દે.

સંસારની મોહજાળને ભેદતી, મુક્તિ માર્ગની સાધક બનતી, જીવન

સત્યને મુખરિત કરતી એ તો પ્રભુની વાણી...

અંતરમાં ઊતરે.

ને ભીતરમાં ઘૂઘવતા તમસને હટાવે.

ભવાટવીમાં ભૂલા પડેલ પ્રાણીને મુક્તિનો માર્ગ બતાવે.

વાણી.

અમૃત વાણી.

પવિત્ર અને સ્નેહમયી વાણી.

શ્રુતિનું અમૃત.

કાનમાં જાણે ગંગાજળ રેડાય

જીવન સફળ બને.

જીવન ધન્ય બને.

જીવન ઉજ્જવળ બને.

હે પ્રભુ ! તમારી વાણીનો કણ મને આપો, હું પવિત્ર બની જઈશ.

સંસાર માર્ગની સર્વ બાધાઓ હટી જશે.

માર્ગના અંતરાયો દૂર થઈ જશે.

મનુષ્યના ભાગ્ય જાગે છે, ત્યારે પ્રભુનું આગમન થાય છે. કર્મનાં કાદવમાં પડેલા મનુષ્યનું જીવનપુષ્પ એકાએક ખીલી ઊઠે છે ને એની તૃષાતુર આંખોને પ્રભુનું દર્શન થાય છે.

જેને પ્રભુનું દર્શન થાય.... તે ધન્ય સમજવો

ને જેને પ્રભુની વાણી સાંભળવા મળે એનો અવતાર કૃતાર્થ થયો સમજવો.

અબુધ પ્રાણીઓથી ભરેલો આ સંસાર છે.

અહીં સુજ્ઞો છે.

તો અજ્ઞો પણ છે.

જાગ્રત થયેલા પ્રાણીઓ છે.

તો નિદ્રામાં સબડતાં મનુષ્યો પણ છે.

પવિત્ર થવા માટે જાગવું જરૂરી છે.

ને માનવીને જગાડે છે પ્રભુની વાણી.

માનવીને ઢંઢોળે છે પ્રભુની વાણી.

માનવીના આતમરામને બેઠો કરે છે પ્રભુની.

ભગવાનની ગિરા.

પ્રભુની દેશના તો ભવભયહારક.

સંસારતારક.

જગતઉદ્ધારક.

માયામાંથી મુક્તિ અપાવનાર.

જ્ઞાનનો પ્રકાશ રેલાવનાર.

પ્રભુની વાણી કોઈ ભાગ્યશાળીને જ સાંભળવા મળે.

સાંભળે, એનાં ભાગ્ય ખૂલી જાય.

મુક્તિનાં દ્વાર ખૂલી જાય.

મુક્તિનો મારગ એને મળી જાય.

ભવના ભય ટળે.

ભાવ જાગે.

ભાવના ઉમટે.

સત્ય ઉજાગર થાય.

આત્મજ્ઞાન પ્રગટે.

પ્રભુની દેશનાનો શબ્દેશબ્દ તો સંસાર સાગર પાર કરવા માટેનાં હલેસાં સમાન છે.

અંધકાર ભેદક છે.

શબ્દને શ્રવણે ભરો અને ભવબંધનમાંથી મુક્ત બનો.

સર્વત્ર શાંતિ પથરાઈ ગઈ.

ટાંકણી પડે તો ય સંભળાય એવી નીરવ શાંતિ.

બધા શાંત બની ગયા.

પ્રશાંતિ - અશબ્દ પ્રશાન્તિ !

સૌના કાન સરવા બન્યા.

અમૃત બિંદુ ઝીલવા માટે, કોઈ પોતાના હાથમાંના પાત્રને અનુકૂલ બનાવે, એમ પ્રભુની દેશનાના જીવનોદ્ધારક શબ્દોને ઝીલવા માટે, સૌએ પોતાના કાનને સાવધાન બનાવ્યા.

પ્રભુના મુખમાંથી જાણે ફૂલ ખરી પડ્યાં.

સુગંધીદાર ફૂલ.

સુવાસ પ્રસરાવતાં ફૂલ.

હૈયાને દીપાવે એવાં ફૂલ.

પમરાટ ભર્યાં ફૂલ.

વાણી વહી નીકળી.

જાણે નિર્મળ ઝરણું વહી નીકળ્યું.

"આ ઘોર સંસાર તો સમુદ્રના જેવો અપાર છે. એને સીમા નથી. નાખી નજરે ય એની સરહદો દષ્ટિગોચર થતી નથી.

ઘૂઘવે છે.... આ સંસાર સમુદ્ર.

ઉછળે છે.... ભીમ કાય મોજાં.

છેડા વગરનો છે.... આ સંસાર.

આ સંસારમાં પ્રાણી ચોરાશી લાખ જીવયોનિને વિષે રખડ્યા કરે છે.

માની લો કે આ સંસાર એક નાટક છે. ને તેમાં વસનારાં પ્રાણીઓ એ નાટકનાં પાત્રો છે. સૌ પોતપોતાને સોંપાયેલ અભિનય કર્યા કરે છે.

કોઈ બ્રાહ્મણ રૂપે અભિનય કરે છે.

કોઈ ચંડાળ બનીને અભિનયનાં અજવાળાં પાથરે છે.

કોઈ સ્વામીનો વેશ ભજવે છે.

કોઈ બ્રહ્મા તો કોઈ કૃમીનું પાત્ર ભજવે છે.

સંસારી પ્રાણી કર્મના સંબંધથી ભાડે રાખેલી ઝૂંપડીની જેમ કઈ યોનિમાં નથી ગયો ?

સાચી વાત તો એ છે કે, આ લોકમાં પોતપોતાના કર્મથી દરેક પ્રાણી વિવિધ રૂપો ધરીને પૃથ્વીનો સ્પર્શ કરે છે.

અને એમનો સ્પર્શ ના થયો હોય તેવી વાળના અગ્રભાગ જેટલી પૃથ્વી પણ બાકાત નથી.

અર્થાત્ સર્વ પ્રદેશને તેણે સ્પર્શ કરેલો છે.

આ જગતમાં નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર પ્રકારનાં પ્રાણીઓ છે.

તેઓ પ્રાય: કર્મના સંબંધથી બાધિત થઈને ઘણું દુ:ખ ભોગવ્યા કરે છે.

પહેલા ત્રણ નરકોમાં ઉષ્ણ વેદના છે.

છેલ્લા ત્રણ નરકોમાં શીત વેદના છે.

મધ્યના ચોથા નરકમાં ઉષ્ણ અને શીત બંને પ્રકારની વેદના છે.

અને તે અનુસાર તે તે ક્ષેત્રમાં દુ:ખ સહન કરે છે.

ઉષ્ણ અને શીત નરકોમાં જો લોઢાનો પર્વત પણ લઈ જવામાં આવે તો તે ત્યાંની ભૂમિનો સ્પર્શ કર્યા અગાઉ જ ઓગળી જાય છે.

એ પ્રકારે ક્ષેત્ર વેદના ઉપરાંત પરસ્પર નારકી જીવોએ ઉપજાવેલી

વેદના તથા પરમાધામીદેવ કૃત વેદના, એમ ત્રણ પ્રકારની વેદનાઓને જેમને મહા દુ:ખ ઉત્પાદન કરેલું છે એવા નારકીઓ વિવિધ દુ:ખોથી પીડિત થઈને તે નરક ભૂમિમાં વસે છે.

ઘંટી યંત્રોમાં ઉત્પન્ન થયેલા નારકી જીવોને પરમાધાર્મિક દેવો, સીસાની સળીઓ જેમ જંતરડાને ખેંચે તેમ લઘુદ્ધારથી આકર્ષણ કરે છે.

કેટલાક નારકીજીવોને લૂગડાને ધોબી પછાડે તેમ હાથ પગ વગેરેથી પકડીને વજ્રકંટક જેવી સંકટકારી શિલાના પૃષ્ટ પર પરમાધામીઓ પછાડે છે.

કોઈ ઠેકાણે તેઓ કાષ્ટની જેમ દારૂણ કરવતથી વિદારે છે.

અને કોઈ ઠેકાણે તલની જેમ વિચિત્ર યંત્રોથી પીલવામાં આવે છે.

વળી નિત્ય તૃષાતુર એવા તે રાંકડાઓને ત્યાંથી લઈ જઈને તૃષા શાંત કરાવવા માટે લોહ અને સીસાના રસને વહન કરનારી વૈતરણી નામની નદીમાં ઉતારવામાં આવે છે.

કદીક તે પ્રાણીઓના છાયામાં બેસવાની ઈચ્છા થાય તો તેમને અસિપત્ર વનમાં લઈ જવામાં આવે છે.

ત્યાં એ વનમાં રહેલા વૃક્ષોના શસ્ત્ર જેવા પત્રો પડવાથી તેઓના તિલ તિલ જેવા ટુકડા થઈ જાય છે.

કોઈ ઠેકાણે વજ્રકંટક શાલ્મલીના વૃક્ષની સાથે અને કોઈ ઠેકાણે અત્યંત તપાવેલી લોહમય પૂતળીઓની સાથે આલિંગન કરાવવામાં આવે છે. આથી આ સમયે તેમને પરસ્ત્રીઓને આલિંગનનું સ્મરણ કરાવવામાં આવે છે.

કદીક તેમને પોતાનું જ માંસ તોડી તોડીને ખવડાવવામાં આવે છે, ત્યારે તેમને પૂર્વે કરેલ માંસ ભક્ષણથી લોલુપતા યાદ કરાવવામાં આવે છે.

તેમને તપેલું લોહ પીવડાવવામાં આવે છે, તે સમયે તેમને પૂર્વે કરેલા મદિરા પાનનું સ્મરણ કરાવવામાં આવે છે.

વળી તેઓ ભ્રાષ્ટ્ર, ખરજ, મહાશૂલ અને કુંભીપાક વગેરેની વેદનાનો નિરંતર અનુભવ કરાવે છે.

માંસની પેઠે તેઓને શેકવામાં આવે છે.

તે પ્રાણીઓનાં શરીર છિન્નભિન્ન થઈને પાછા મળી જાય તેવા છે.

તેઓનાં નેત્રાદિ અંગો બગલા, અને કંક જેવા પક્ષીઓની પાસે ખેંચાવવામાં આવે છે.

તેઓ રીબાય છે. ચિત્કાર કરે છે, પણ વેદના રહિત બની શકતા નથી.

આમ મહાદુ:ખો ત્યાં પામે છે પ્રાણીઓ !

ચીસો અને ચિત્કારો વચ્ચે જીવન જીવે છે એ પ્રાણીઓ !

ન ક્યાંય સુખ, ન ક્યાંય છાંયડો !

માત્ર દુ:ખના દાવાનળ જ તેમની ચોપાસ સળગે છે ! દારૂણ દુ:ખની અસહ્ય યાતના તેમના જીવનને ક્ષણે ક્ષણે વહેરી નાખે છે, તેમને ક્ષણે ક્ષણે પીંખી નાખે છે ! કર્મનાં ફળ, પાપનાં ફળ તો આવાં જ હોય ! જીવાત્માનો કદી પણ છુટકારો ન થાય !

જીવ અશક્ય વેદના અનુભવે.

એ વહેરાય.

એ વીંખાય.

એ વીંધાય.

આંખોને ખેંચવામાં આવે, છાતીને ચીરવામાં આવે, અરે, આંગળાંનાં નખ પણ ખેંચી કાઢવામાં આવે, જીવ વેદના ભરી, પીડા ભરી ચીસો નાખે.

પણ ચીસો કેવળ ચીસો જ રહી જાય.

અને આ કંઈ થોડાક વર્ષોની વાત નથી.

સુખના એક અંશથી પણ રહિત આ નારકી પ્રાણીઓ ત્યાં રહીને

તેત્રીસ સાગરોપમ જેવા મોટા કાળને નિર્ગમન કરે છે....''

''કેટલાક પ્રાણીઓ તિર્યંચગતિને પ્રાપ્ત થઈ તેમાં પણ એકેન્દ્રિયપણું પામે છે. અને એમાં પણ પૃથ્વીકાય રૂપને પ્રાપ્ત થઈ હલાદિક શસ્ત્રોથી ફડાય છે. હાથી ઘોડા વડે ચોળાય છે, જલપ્રવાહોથી પ્લાવિત થાય છે. દાવાનળ વડે તેમને દઝાડવામાં આવે છે.

તેઓ ખારા, ખાટા અને મૂત્રાદિક જળથી મહાવ્યથા અનુભવે છે. લવણક્ષારને પામે છે. ઉષ્ણ જળમાં તેઓને ઉકાળવામાં આવે છે. કુંભારવડે તેમના દેહને ઈંટ, ઘડા વગેરે કરીને પકાવવામાં આવે છે.

ભીંતમાં તેમને કાદવરૂપે ચણવામાં આવે છે. તેના માટીમાં પકવીને સરાણ વડે ઘસવામાં આવે છે.

કદીક ટાંકણાથી તેનું વિદારણ થાય છે. અને પર્વતના સરિત પ્રવાહોથી ફાડી નંખાય છે.

અપકાયપણાને (જલ) પામેલા જીવો સૂર્યના કિરણોથી દઝાડાય છે.

હિમરૂપે ઘનીભૂત કરાય છે.

રજથી શોષણ કરાય છે.

થાળીની અંદર રાખીને પચાવાય છે.

તૃષાવાળા માણસોથી પીવાય છે.

એમની વ્યથાનો કોઈ પાર નથી હોતો.

સતત તેઓ પીડાથી રહેંસાતા રહે છે.

વળી તેઉકાયપણા (અગ્નિ)ને પામેલા જીવોની વેદના તો ઓર જ છે.

તેઓ જલાદિકથી બુઝાવાય છે.

ઘણથી ઘા ઝીંકીને એમને કુટવામાં આવે છે.

અને ઈંધણો વડે બળાય છે.

આગમાં શેકાય છે એવા જંતુઓ.

એ જીવોના દુ:ખની સીમા નથી હોતી.

સતત પીડા એમને વહેરતી રહે છે.

વીંખતી રહે છે.

વાયુકાયપણાને પામેલા જીવોની વેદના અવર્ણનીય છે, અકથનીય છે.

પંખા વગેરે વડે તેઓ હણાય છે.

ક્ષણે ક્ષણે શીતોષ્ણ દ્રવ્યથી મૃત્યુ પામે છે.

જૂના પવનના જીવો નવો પવન આવતાં નાશ પામે છે.

મુખાદિના પવનોથી બાધા પામે છે.

અને મહાસર્પ વડે તેમનું પાન થાય છે.

એમની યંત્રણા અપાર, અસીમ હોય છે.

કંદ વગેરે દશ પ્રકારની વનસ્પતિ કાયને પામેલ, જીવો હંમેશા છેદાય છે.

ભેદાય છે.

અગ્નિથી શેકાય છે.

ભભૂકતી આગમાં તેમને પકાવાય છે.

ઇંધણ મૂકીને અગ્નિથી પેટાવાય છે. કાળની જિહ્વા સમી અગન જવાળાઓ ભભૂકી ઊઠે છે. લાલ બંબોળ આગ તડતડ સળગી ઊઠે છે. યમદૂતની ફરસી જેવી આગમાં તેઓ ફેંકાય છે.

પરસ્પર ઘર્ષણોથી તેઓ સ્વયં પીલાય છે. યંત્રપ્રયોગથી શોષવામાં આવે છે. ખાવાના લોલુપીઓ ક્ષાર પ્રમુખ સંયોગ કરી તેને બાળે છે. અને એકત્ર પણ કરે છે.

તેમનું સર્વ અવસ્થામાં ભક્ષણ કરાય છે.

પવનોથી ભંગાય છે.

દાવાનળોથી તેમને ભસ્મ કરાય છે.

ને નદીના પ્રવાહોથી ઉખેડાય છે.

પીડા, અસીમ પીડા, દુર્નિવાર્ય પીડા અને શરણની કરવતથી થતી પીડા તેઓ સતત ભોગવે છે. વનસ્પતિકાયને પ્રાપ્ત થયેલા આવા જીવો-

એટલે કે સર્વ વનસ્પતિઓ સૌને ભોજ્ય થઈ પડે છે. તે ચવાય છે, છેદાય છે, ભેદાય છે, ચૂર્ણવિચૂર્ણ કરાય છે, કપાય છે, ચીરાય છે ને સતત દારૂણ પીડાથી સળગાવાય છે.

અનેક પ્રકારનાં શસ્ત્રોથી તેઓ કલેશની પરંપરાનો અનુભવ કરે છે.

કર્મનાં બંધન કોઈને છોડતાં નથી.

કર્મ ભોગવવાં જ પડે છે.

પાપ બોલકાં બની જાય છે.

ને બરછીની જેમ તેમને વિંધી નાખે છે.

જીવો કદી શાતા પામતા નથી.

કર્મની ગતિ જ ન્યારી છે.

આ હાથે લો ને આ હાથે પામો.

કર્મોથી જીવ કદી પણ છુટકારો પામતો નથી.''

સર્વત્ર શાંતિ પ્રવર્તતી હતી.

સૌના કાન પ્રભુવાણી રૂપ અમૃતને પીવા જાણે અધીરા બન્યા હતા.

જ્ઞાનામૃત કાનમાં જ નહિ, હૈયામાં પણ રેડાતું હતું.

———★———

૮

# પ્રભુની વહેતી વાણી....

સુરો - અસુરો અને ચતુર્વિધ સંઘ પ્રભુની વાણી સાંભળીને પરમ ધન્યતાનો અનુભવ કરતા હતા.

એમની સુધામયી દેશનાનો એક એક શબ્દ જાણે અમૃતના બિંદુ સમાન હતો. અમૃતમંત્ર સરખો હતો. જે પીવે તેનો ઉદ્ધાર થાય.

કર્મનાં બંધનની વાત એ જાણે. એની પીડાનો તેને સાક્ષાત્કાર થાય! બધા જાણે જ્ઞાનવારિમાં ડૂબતા હતા ને ડોલતા હતા. ઓહ ! આ બધાની તો અમને ખબર જ નહોતી... પામર જીવોને કેવી વ્યથા અપાય છે.

એનું હૂબહૂ ચિત્ર પ્રભુ દ્વારા જાણ્યા પછી એવાં કર્મનાં બંધનથી ન બંધાવાય તેનો ખ્યાલ રાખવો પડે.

ભાવ ઉછાળા મારતા હતા.

ચિત્ર નજર સમક્ષ જ ઉપસતું હતું.

જાણે એમની નજર સમક્ષ જ નરકના ખેલ ખેલાતા હતા. નારકી

જીવો દયનીય રૂપે નજરે પડતા હતા — આ જીવને ઝાલ્યો, આ પછાડ્યો, આ એને શૂળીથી વીંધ્યો, આ એને અગ્નિકુંડમાં નાખ્યો ! જીવ અદ્ધર કરી નાખે તેવી યંત્રણાઓ ! ને આ યંત્રણાઓ કર્મના ધનને કારણે પ્રાપ્ત થતી હતી.... વાત સાંભળીને જ થથરી જવાતું હતું. ચિત્રો ખડાં થતાં હતાં :

નારકી જીવો કુહાડા વડે કૂટાતા હોય એવા શબ્દ ચિત્રો સૌને કંપાવી ગયાં !

આગમાં શેકાતા હોય એવાં ચિત્રો રૂંવાડા ઊભાં કરી નાખતાં હતાં !

કરવતથી આ જીવો વહેરાતાં હોય એવાં દશ્યોથી કાળજાં કંપાયમાન બની જતાં હતાં.

કલેશો.... કલેશોની પરંપરાઓ.... યાતનાઓની આંધી....દુ:ખોના દાવાનળ....

પીડાઓનો ગહન સાગર.... વેદનાઓની વણથંભી વણઝાર....

જીવની ચીસો.... જંતુઓના ઉંહકારા.... પ્રાણીઓની ગહન પીડા....

કર્મના બંધનને કારણે નરકમાં જીવોને થતી મહા ભયંકર સજા ! કર્મના બંધનને કારણે કુદરતની કોર્ટમાં થતો દંડ....

ભયંકર અપરાધ. ને એવી જ ભયંકર સજા.

બાળવાની. વીંધવાની. વહેરવાની. કાપવાની. દાઝવાની.

અને ક્ષણે ક્ષણે શેકાવાની.

ચીસો અને ચિત્કારો સાંભળતાં જ ત્રાસ અનુભવાતો હતો. તો પછી એ સજા પામેલા જીવોની પીડા કેટલી અપાર હશે ?

માણસ કર્મો કરે છે, પણ સારાસારનો વિવેક નથી કરતો. અજાણ્યાને દુભવે છે, કોઈનો ઘાત કરે છે, કોઈનું હરી લે છે, કોઈનું છીનવી લે છે, પરદેશ ગમન કરે છે, કોઈનો હક લૂંટી લે છે. નાનાં નાનાં કર્મો ને મોટાં મોટાં કર્મો કરે છે.

ને કર્મનાં પોટલાં એ બાંધે છે.

અથવા એમ જ કહોને કે પાપનાં પોટલાં બાંધે છે.

કર્મો વડે માણસ પોતાના માટે જ નરકનો રસ્તો તૈયાર કરે છે. જે તેને મહાયંત્રણાઓ સુધી પહોંચાડે છે.

ને ત્યાં પહોંચ્યા પછી તો જીવને સતત ઉકળવાનું હોય છે, સતત પીલાવાનું હોય છે, વેદનાના કાંટા એને વિદારે છે, એને હણે છે, લોહી લુહાણ કરે છે — એને સતત વિંધે છે.

પ્રભુએ દેશનાની વાણી આગળ ચલાવી :

"અને જે જીવો બે ઈન્દ્રિયપણાને પામ્યા છે, તે તપાવાય છે. એ પીવાય છે. કૃમિ થઈને ચરણોથી ચૂર્ણ થાય છે....

એ જીવો પેટે ઘસડાતા જતા હોય છે ને પીડા અનુભવતા હોય છે, ત્યાં જ ચકલાં એમને ચાંચમાં ઉપાડી લે છે ને એમનું ભક્ષણ કરે છે.

એમની પીડાનો પાર નથી હોતો.

એમની ચીસો પણ મુખની બહાર નીકળી શકતી નથી. એમનો દેહ ચાંચ વડે છોલાય છે, ચિરાય છે, વીંધાય છે, તો ચરણ વડે ચગદાય છે.... પીડા, પીડા ને પીડા ! પીડામાં સતત પીલાવાનું !

પીડામાં સતત શેકાવાનું ! પીડામાં સતત દાઝવાનું ! ચોપાસ દાવાનળ ! સર્વત્ર યાતનાઓ !

પાત્રો જાણે નાટ્યભૂમિ પર શૂળીએ ચઢી જાય છે ને પીડા ન વેઠાતાં રૂદન ભર્યો ચિત્કાર કરે છે,

શંખાદિક જંતુઓ જમીનમાં ખોડાય છે.

જળો આદિ જંતુઓનો નિષ્કર્ષ થાય છે.

અને ગંડૂપદ (ગંડોળા જે પેટમાં થાય છે) વગેરે જંતુઓનો ઔષધ વડે જઠરમાં જ નાશ થાય છે.

ત્રિઈન્દ્રિયપણાને પામેલા જંતુઓ એટલે કે જૂ, માંકડ વગેરે શરીર સાથે ચોળાય છે.

ઉષ્ણજળથી તપાય છે. ઝેરી દવાથી હણાય છે.

કીડીઓ પગથી ચગદાય છે. તો સાવરણી વગેરેથી પીડાય છે.

અને ચક્ષુ વડે દશ્ય નહિ એવા કુંથુવા વગેરેનું આસનાદિકથી મથન થાય છે.

ચતુરિંદ્રિયપણાને પામેલ મધમાખી અને ભમરા વગેરે જંતુઓ મધુભક્ષક પુરુષોએ કરેલા ઢેખાળા તથા લાકડાના પ્રહારોથી પીડા પામે છે, હણાય છે.

ડાંસ, મચ્છર વગેરે જંતુઓ પંખા વગેરેથી વ્યથા પામે છે, ગરો તથા કરોળીયાથી ગળાય છે.

જયારે પંચેન્દ્રિયપણાને પામેલ જંતુઓની તો વાત જ ઓર

આ જળચર પ્રાણીઓ ઉત્સુક થઈને પરસ્પર એકબીજાનું ભક્ષણ કરે છે. ઢીમર (માછીમાર) લોકો તેમને પકડે છે અને ચરબીના અર્થી ચરબી મેળવવા તેમને ગાળે છે. એમની ચામડી ચીરે છે ને આમ એ જીવોને મહાદુ:ખ આપે છે.

જયારે સ્થળચર પ્રાણીઓનું સિંહ વગેરે બલવાન પ્રાણીઓ ભક્ષણ કરે છે. તેઓ પોતાનાથી નિર્બલ પ્રાણીઓને મારી નાખે છે.

વળી શિકારીઓ વડે તેઓ હણાય છે. તીર અને બંદૂક વ તેઓ વિંધાય છે. આવા પુરૂષો ચિત્તને શિકાર કરવા આસક્ત કરી પીડાથી અથવા માંસની આશાથી અનેક ઉપાયો રચીને તે નિરપરાધ પ્રાણીઓને હણે છે.

કેટલાંક પ્રાણીઓ ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ વગેરે અતિભારનુ વહન કરવાથી તેમ જ ચાબુક અને કોરડાના મારથી અસહ્ય વેદનાનો અનુભવ કરે છે.

ખેચર પ્રાણીઓમાં તેતર, શુક, કપોત, ચકલાં વગેરેને માંસમાં લુબ્ધ થયેલ, શ્યેન, સિંચાણા અને ગીધ પક્ષીઓ પકડીને ગ્રાસ કરે છે.

કેટલાક માંસના લોભી પુરુષો અનેક જાતના ઉપાયોની જાળ રચીને

તેમને ફસાવે છે, પકડે છે અને અનેક જાતની વિટંબણાઓથી તેમનો નાશ કરે છે.

તિર્યંચ પક્ષીઓને જળનો ભય રહે છે.

અગ્નિનો ભય રહે છે. શસ્ત્રનો ભય રહે છે.

ક્ષણે ક્ષણ તેમની વેદનામાં વીતે છે. પળે પળે તેઓ યંત્રણા વેઠે છે.

દુ:ખના દરિયામાં ડૂબે છે. મહાવેદના પામે છે. ચીસો પાડે છે. ચિત્કારો કરે છે.

પણ કોઈ એમને બચાવતું નથી.

પાપાત્માઓને કોણ બચાવે ? અહો ! પોતપોતાના કર્મનું નિબંધન કેટલું વર્ણવીએ ?

કોઈ બચાવી શકતું નથી જીવને કર્મ બંધનથી !

કરેલાં કર્મનાં ફળ ભોગવવાં જ પડે છે.

માણસ કર્મ કરે છે, વિચાર નથી કરતો.

પ્રવૃત્તિ કરે છે, વિવેક નથી કરતો.

મોહમદમાં ભ્રમિત થઈને અનાચાર આદરે છે, દુષ્ટ કર્મોમાં પ્રવૃત્ત થાય છે, માયાના ગાનમાં લીન બનીને અવિચારીપણે વર્તે છે, ને કર્મબંધનનો ભારો બંધાતાં નરકગતિને પામે છે.

ત્યાં એને અનેક પ્રકારની પીડાઓનો અનુભવ થાય.

પ્રાણી હોય કે જંતુ - પણ કર્મરાજા કોઈને છોડતો નથી... વિડંબનાઓનું વિશ્વ સર્જાય છે. ચીસો અને ચિત્કારોનું વાતાવરણ કાનને ભેદી નાખે છે.

અને મનુષ્યપણું પ્રાપ્ત થતાં —''

પ્રભુએ મનુષ્યોની સામે જોયું.

—★—

## ૯ હાથમાં રહેલ રત્ન ખોયા પછી શું ?....

પ્રભુની વાણી વણથંભી વહેતી હતી. પ્રાણીઓ અને જીવજંતુઓની યાતનાઓની વાત કહ્યા પછી હવે મનુષ્યપણાની વાત આવી.

અતિ દુર્લભ છે માનવજન્મ.

મનુષ્યજન્મ તો પુણ્યનું ભાથું બાંધવાનો અવતાર છે.

સત્કર્મો દ્વારા, જીવદયા દ્વારા, પરકલ્યાણ દ્વારા અને ધર્મના આલંબન દ્વારા મનુષ્ય સુકૃત્યોનું ભાથું બાંધી શકે છે.

પણ.... મોહમાયાનાં ભયંકર વમળોમાં ફસાયેલા અને ડૂબતા માણસને આ વાત યાદ જ રહેતી નથી...

એ તો બસ, એની મસ્તીમાં મશગૂલ રહે છે. મદાંધ બને છે.

યૌવનાવસ્થામાં કામદેવનાં પુષ્પબાણ એને નિરંતર વિંધે છે.

લક્ષ્મીને પામવા માટે અપમાર્ગને ગ્રહણ કરે છે.

કાંચન અને કામિનીની પાછળ આંધળી દોટ લગાવે છે. ભ્રમિત બનીને ભટકે છે.

"મનુષ્યપણું પ્રાપ્ત થાય છે. પણ અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓ પાપ કરવામાં પાછુ વળીને જોતાં નથી. અને એવાં પાપ કરે છે કે, જેનું કથન પણ યોગ્ય નથી. કલમ દ્વારા તેનું આલેખન પણ ન કરી શકાય.

આર્ય દેશમાં પણ ચાંડાલ જેવા માણસો હોય છે, જે પાપનો ભાર વહે છે. પાપોના સમૂહનું સર્જન થતાં આવા માર્ગ ભૂલ્યા માણસો તે અનુસારે મહાદુ:ખનો અનુભવ કરે છે.

આર્ય દેશમાં ઉત્પન્ન થનારા અનાર્ય જેવી ચેષ્ટાઓ કરે છે.

પાપ આદરે છે. દુરાચારમાં રાચે છે.

પોતાના કુલધર્મને લજવે છે.

આવા માણસો પોતાની જાતિને, પોતાના સમાજને પણ લજવે છે.

અરે ! તેઓ મનુષ્યપણાની મોટામાં મોટી શરમ છે.

આંખો હોવા છતાં આંખો વગરના બનીને વર્તન કરે છે.

આંખો મીંચીને પાપ આદરે છે.

દુષ્કર્મો દ્વારા પાપનાં પોટલાં બાંધે છે.

મળ્યું હોય છે મહામૂલુ મનુષ્ય જીવન.

આ જીવનમાં —

માણસને મુક્તિની તક મળે છે.

સુકૃત્યની તક મળે છે.

સદાચારની તક મળે છે.

ધર્માચરણની તક મળે છે.

સુવર્તનની તક મળે છે.

સત્ય વચનની તક મળે છે.

પુણ્ય કમાવાની તક મળે છે.

પણ અહો ! આવા અમૂલ્ય મનુષ્ય અવતારને દુષ્ટ માણસો

પાપકર્મોમાં વેડફી નાખે છે.

કાંચન અને કામિનીમાં રત રહે છે.

અયોગ્ય માર્ગે લક્ષ્મી પ્રાપ્ત કરે છે. કોઈનું છીનવી લે છે. કોઈને છેતરે છે. ધોખાબાજી કરે છે. પ્રપંચ આદરે છે.

બીજાની આંખોમાં ધૂળ ઝાંકે છે. વિશ્વાસઘાત કરે છે.

કાળા કર્મો દ્વારા નાણું એકઠું કરે છે.

પાપનાં પોટલાં બાંધે છે. કર્મોનાં બંધનમાં બંધાય છે.

જીવનને ઉદિત કરનાર પુણ્યનું ભાથુ તે બાંધતો નથી.

કાલચક્રના આંટા ફર્યા કરે છે.

ને તે કર્માનુસાર પાપોના ભાર સાથે નરકમાં ધકેલાઈ જાય છે. અને

આર્યો. અને અનાર્યો.

સદાચારીઓ. અને દુરાચારીઓ.

શેતાન અને સાધુ.

મનુષ્યપણામાં કેટકેટલાં વિચિત્ર અને વિરોધાભાસી રૂપો ભર્યા પડ્યા છે.

સાધુ બનીને તે જગતમાં સત્ય ધર્મનો પ્રકાશ ફેલાવે છે, સદાચારનો પ્રસાર કરે છે.

તો શેતાન બનીને અનાર્યપણું આચરે છે.

સદાચારની મૂડીને વેડફી નાખે છે. છળકપટ અને વેરઝેરના કાંટા પાથરી દે છે.

જગત પર અનાચારનો અંધકાર ફેલાવે છે.

સત્ય ધર્મનું ગળુ દાબી દે છે.

જૂઠ, પ્રપંચ, દગો, અનીતિ અને વિશ્વાસઘાતનું ખંજર સત્ય અને સદાચારની પીઠમાં ભોંકાઈ જાય છે.... શેતાનનાં આ કાર્યો છે. અનાચારીનાં આ કૃત્યો છે. અનાર્યપણાનાં આ પરિણામો છે.

આનાં ફળ મળ્યા વગર રહેતાં નથી.

આને કારણે જ તેઓ દુ:ખને પામે છે.

નરકની યાતના ભોગવે છે.

દારિદ્રયમાં સબડે છે. અને દુર્ભાગ્યથી દગ્ધ થાય છે.

સદાચારી માટે નવી દિશા ખૂલે છે. આર્યત્વનો ઉદય થાય છે.

સેવા અને ધર્મમાં તેઓ રચ્યા પચ્યા રહે છે.

ધર્મનાં તેજ તેઓ પ્રસારે છે.

સત્યનો પ્રકાશ પાથરે છે.

પણ શેતાન એને પડકાર ફેંકે છે :

'જોઉં છું, કે તારું આર્યત્વ ક્યાં સુધી આગળ વધે છે. છોડ વાતો સદાચારની.

મારો પંજો ફેલાતાં તારા ધર્મનું ગળું દબાઈ જશે. તારી પ્રામાણિકતાનો છુંદો થઈ જશે. તને ખબર નથી હજી મારા પ્રભાવની !

તું દીવો પેટાવવા મથે છે, તો મને ફૂંક મારીને એને હોલવી નાખતાં આવડે છે.

અંધકાર પાથરવાનું કામ મારું ! અનાચાર પ્રતિ ગતિ કરવાનું કામ મારું ! તું લાખ વાતો કરીશ તો પણ તને નહીં ફાવવા દઉં ! મારા પ્રભાવની હજુ તને ખબર નથી....''

ને પછી તો શેતાન અનાચારની આંધી સર્જી દે છે.

અપ્રામાણિકપણાના કંટકો પથરાય છે.

અનાર્ય ચેષ્ટાઓ થાય છે. સત્યના મોંઢા ઉપર તાળુ લટકી જાય છે.

અસત્ય ચમકીલું બને છે. જૂઠની બોલબાલા થાય છે.

જીવનમાં અને જગતમાં અંધકાર ફેલાઈ જાય છે. આસપાસ અંધકારનો સમંદર સૂસવાટા લેવા માંડે છે...

અવળા રસ્તા... ઊંધા મારગ... નાશના મારગ... વિનાશની વાટો...

ફળ મળ્યા વગર રહેતું નથી.

કર્મનાં બંધનથી જીવ બંધાઈ જાય છે ને કર્મરાજાની સત્તા તેના પર ફરી વળે છે.

કર્મનું ફળ તેને મળ્યા વગર રહેતું નથી.

કર્મનું ફળ ભોગવ્યે જ છુટકો.

કર્મરાજાના લંબાયેલા પંજાથી કોઈ છુટી શકે નહી.

જીવો નરકની યાતના ભોગવે. નિરંતર દુ:ખમાં સબડે.

દારિદ્રયનો ઘોર દાવાનળ એમને દઝાડે.

દુર્ભાગ્ય એને ઘેરી લે.

કોઈ માણસ દુ:ખ ભોગવે છે, તો એનું કારણ એ છે કે, એણે પાપ કરવામાં પાછું વળીને જોવું નથી.

અનાચાર આદરવામાં તે કદી અટક્યો નથી. ને સતત કર્મ બાંધતો ગયો છે.

એણે જાતિનો નાશ કર્યો છે. ને પુણ્યનો ક્ષય કર્યો છે.

અધર્મનું આચરણ કર્યું છે.

કેટલાક મનુષ્યો પરાઈ સંપત્તિના ઉત્કર્ષથી તથા પોતાની સંપત્તિના અપકર્ષથી તેમજ બીજાની સેવા કરવા વડે દગ્ધ ચિત્તવાળા થવાથી દુ:ખમાં સબડતાં જીવે છે.

તો કેટલાક મનુષ્યો રોગ, જરા અને મૃત્યુથી ગ્રસ્ત થઈને તથા નીચ કર્મ વડે કદર્થના પામીને દયા ઉત્પન્ન કરે તેવી દુ:ખ દશાને અનુભવે છે.

વળી મનુષ્યપણામાં પણ ઘોર નિવાસ કરવા જેવા ગર્ભવાસના દુ:ખને ભોગવે છે.

ગર્ભવાસનું દુ:ખ જરાના દુ:ખ કરતાં વધારે છે.

રોગના દુ:ખથી પણ ચઢિયાતું છે.

દાસપણાનું દુ:ખ તો એની વિસાતમાં જ નથી.

જેમ માણસ તપાવીને અગ્નિ જેવા વર્ણવાળી સોયોથી રોમ રોમ ભેદાય ને અપાર યંત્રણા ભોગવે છે, તેમ ક્ષણે ક્ષણે તે દુ:ખ અનુભવે છે.

ચીસો પાડે છે. પીડાનો અનુભવ કરે છે.

સોયો ભોંકાવાથી મનુષ્યને થતા દુ:ખ કરતાં આઠ ગણું દુ:ખ પ્રાણીને ગર્ભવાસમાં ઉત્પન્ન થાય છે. વળી યોનિયંત્રમાંથી નીકળતી વખતે પ્રાણીને જે દુ:ખ થાય છે, તે ગર્ભવાસના દુ:ખથી પણ અનંતગણું છે.

તે જન્મ લે છે... અપાર યંત્રણા વચ્ચે.

દુ:ખો અને વેદનાઓ સાથે જ તે જન્મ લે છે.

જન્મ્યા પછી પણ બાલ્યવયમાં મૂત્રવિષ્ટાથી તે દુ:ખ પામે છે.

યૌવનવયમાં રતિવિલાસોથી તે દુ:ખ ભોગવે છે.

અને જરાવસ્થામાં શ્વાસ ને ખાંસીથી પ્રાણી પીલાય છે.

તથાપિ તેને કદી લજ્જા આવતી નથી.

પ્રાણી પ્રથમ અવસ્થામાં વિષ્ટાનો ડુક્કર બને છે.

યૌવનાવસ્થામાં કામદેવનો ગધેડો બને છે.

અને વૃદ્ધાવસ્થામાં ઘરડો બેલ બને છે.

પણ તે કદાપિ મનુષ્ય છતાં મનુષ્ય થતો નથી.

દુ:ખો એને ઘેરી લે છે. કર્મો એને છોડતાં નથી.

સતત વેદના અનુભવે છે. પીડાના કાંટા એને ચિરતા રહે છે.

શિશુવયમાં તે માતૃમુખી... એટલે કે માતાના મુખ સામે જોવા વાળો બને છે.

યૌવનવયમાં તે સ્ત્રીમુખી.... એટલે કે સ્ત્રીના મુખ સામે જોવા વાળો બને છે.

અને વૃદ્ધવયે પુત્રમુખી.... એટલે કે પુત્રના મુખ સામે જોવા વાળો બને છે.

પણ મૂર્ખપ્રાણી કદી પણ.... અંતર્મુખ થતો નથી.

ધનની વાસના તેના અંતરના અવાજને રૂંધી નાખે છે. સેવા, કૃષિ, વ્યાપાર અને પશુપાલનમાં પોતાના જન્મને નિષ્ફળ બનાવે છે.

તે કોઈ વાર ચોરી કરે છે. કોઈ વાર દ્યુત રમે છે.

તો કદીક વીરપણું આચરે છે.

એની વૃત્તિઓ બહેંકી જાય છે.

સત્યમાર્ગથી તે ભ્રષ્ટ થઈ જાય છે.

ધર્મનું આલંબન તે છોડી દે છે. ને અધર્મનો ઉપાસક બની જાય છે.

મોહનો અંધકાર એને ઘેરી વળે છે.

છળકપટનો આશરો લઈને કર્મો બાંધે છે. પાપવૃત્તિ બળવત્તર બને છે.

પુણ્યનો ક્ષય થાય છે.

સુકૃત્યોથી તે દૂર ચાલ્યો જાય છે.

ધન જોઈને તે વિહ્વળ બને છે. ને ચોરીનું કર્મ બાંધે છે.

છળ, કપટ અને અનીતિ આચરીને પરાયા ધનને પોતાનું બનાવવા મથે છે.

જાતિનાશ નોંતરે છે.

તે આંખો છતાં અંધ બને છે. એના શરીરમાં જાણે શેતાન પ્રવેશે છે.

અવળાં કર્મો કરે છે. ને પછી દુ:ખી થાય છે. વેદના વેંઢારે છે.

કદીક તે પરદારા પ્રત્યે ભાન ભૂલીને આકર્ષાય છે.

તેને જોતાં જ વિચલિત થઈ જાય છે.

કામદેવના બાણથી તે વિંધાય છે.

ને કામદેવના ગધેડાની લાતો ખાવા મંડી જાય છે.

આંધળો ભીંત બનીને આગળ વધે છે. વિલાસના માર્ગ પર તે

પગ મૂકે છે, ને દુરાચારની સૃષ્ટિમાં તે પ્રવેશે છે.

સુંદર સ્ત્રી પર નજર પડતાં જ જાર કર્મ કરવાની તેને વૃત્તિ થાય છે.

આવેગો અસંયમી બને છે. ઉત્તેજના વ્યાપી જાય છે.

સારાસારનો વિવેક પણ તે કરતો નથી.

ને નઠારી ચાલ ચાલવા લાગી જાય છે.

કહોને કે વિલાસના ઊંડા અંધારા ભમ્મરિમા કૂવામાં તે ભૂસકો લગાવે છે. ને એમાં ડૂબી જાય છે.

જાર કર્મનું ફળ યાતનામય હોય છે.

તેથી મનુષ્યો વારંવાર સંસારમાં પરિભ્રમણ કરવાનાં કારણ ઉત્પન્ન કરે છે.

બૂરો છે.... પરસ્ત્રીનો સંગ.

બૂરો છે.... વિલાસનો માર્ગ.

ખતરો છે — ભયંકર ખતરો.

જાણે ઊંડી ખીણ છે ને ખીણના છેડેથી તે આગળ વધે છે -

ને ઊંડાણમાં ઘરબાઈ જાય છે.

મોહથી અંધ બનેલાં મનુષ્યો અંધ હોય છે. પણ... વિલાસથી દુઃખી બને છે.

દીનતા અને રૂદન કરવાથી તે પોતાનો જન્મ ગુમાવે છે.

મોંઘોમૂલો છે.... મનુષ્ય અવતાર.

મુક્તિ પામવા માટેનો એ તો સોનેરી સમય છે.

પણ અવળા માર્ગ અખત્યાર કરીને માણસ કર્મ બાંધે છે.

તે ધર્મકાર્ય કરતો નથી.

ધર્મથી દૂર ફેંકાઈ ગયો હોય છે.

અનંત કર્મોના સમૂહનો ક્ષય કરવા માટે મનુષ્યનો જન્મ સમર્થ છે.

પણ મનુષ્યપણું પ્રાપ્ત થવા છતાં પાપી પુરૂષો પાપકર્મ કર્યા કરે છે. પાપનાં પોટલાં બાંધ્યા કરે છે. પાપની પોઠો ભર્યા કરે છે.

તે આંખો બંધ કરી દે છે. જ્ઞાનની આંખો પર પડદા પાડી દે છે.

વિચારવાનું છોડી દે છે. નીરક્ષીર વિવેક તે ભૂલી જાય છે.

ને પાપકર્મો કરવા લાગી જાય છે.

પાપવૃત્તિઓ અસંયમી બને છે. વૃત્તિઓ બ્હેંકી જાય છે.

ને કર્મના પાશ વડે તે સતત બંધાતો જાય છે.

કર્મનું દોરડું એના ગળામાં સતત ભીંસાતું જાય છે.

એનું ફળ એને મળ્યા વગર રહેતું નથી.

હાથમાં આવેલું રત્ન તે ગુમાવી દે છે. ને જીવનને અધન્ય બનાવી દે છે.

એટલે જ તો કહ્યું છે કે :

મળ્યો છે મહામૂલો મનુષ્ય અવતાર, તેને ઉજાળી જાણો. ક્ષણ ક્ષણનો ઉપયોગ કરી જાણો.

ધર્મ કાર્યોમાં ચિત્તને પરોવી દો. હર ઘડી, હર ક્ષણ પુણ્ય પ્રવૃત્તિમાં જ વીતાવો..

કોઈનું દિલ ન દુભવો. અનીતિનું આચરણ ન કરો. પ્રપંચી પાસા ન ફેંકો. શેતાનની શતરંજનું પ્યાદુ ન બનો.

ફરી ફરીને આ અવતાર મળવાનો નથી.

હાથમાં રાખેલું જળ સરકી જાય, તેમ ધ્યાન ન રાખવાથી મનુષ્ય જીવનની ક્ષણો પણ સરકી જશે.

માટે એને ઉજાળો.

માટે પુણ્ય બાંધો. માટે ધર્મપ્રવૃત્તિ કરો.

પણ ધર્મનું નામ સાંભળતાં જ પ્રાણીને ચટકા ભરતા હોય એવું લાગે તેને શું કરવું ?

તે વૃત્તિને વશ બને છે. પાપને વશ બને છે. દુરાચારથી જીવનનું ઉજળું વસ્ત્ર ખરડાઈ જાય છે.

મનુષ્ય જન્મ એળે જાય છે.

માતાની ગોદમાં રમતું બાળપણ મૂત્ર અને વિષ્ટામાં ખોયું.

શક્તિઓના શિખરે બેઠેલું યૌવન વિલાસમાં ખોઈ નાખ્યું. જાર કર્મનાં જાળામાં એને બાંધી દીધો ને જાળમાં ફસાયેલા જંતુની જેમ, જીવનની ક્ષણો ને ફસાવી દીધી.

પરસ્ત્રીગમનના નશામાં રક્ત બનેલો મનુષ્ય આંખ છતાં તે આંધળો બન્યો.

ખોવા જેવું... ન ખોયું. ને ન ખોવા જેવું... ખોઈ નાખ્યું.

જીવન સત્ત્વ ગુમાવ્યું. ને પછી રડ્યો.

જેમ કોઈ સોદાગર અવિચારી સોદાઓમાં પોતાની પાસેનું તમામ દ્રવ્ય ગુમાવી બેસે ને પછી રડવા લાગી જાય, તેમ મનુષ્ય અવતાર ગુમાવીને તે રૂદન કરવા લાગી જાય છે :

"હાય રે, હવે મારું શું થશે ? દુ:ખો તો આ આવ્યાં, આ વળગ્યાં -"

દુ:ખ વળગ્યાં એનું કારણ પોતે જ છે.

નાહેલું બાળક કાદવમાં પડે ને ખરડાઈ જાય... તેમાં કોઈ શું કરે ?

ઊજળા લૂગડાં પહેરેલો માણસ કાજળની કોટડીમાં પ્રવેશ કરે ને શરીરે કાળાશ ચોંટે.... તેમાં કોઈ શું કરે ?

છોકરું ધૂળમાં આળોટે ને પછી ધૂળથી ભરાઈ જાય... તેમાં કોઈ શું કરે ?

કોઈનો કશો દોષ નથી. કોઈનો વાંક પણ નથી.

દોષ એનો પોતાનો જ છે. વાંક એની બુદ્ધિનો છે.

એણે વિચાર ન કર્યો. ને વૃત્તિઓને બહેંકવા દીધી.

વિવેક ન રાખ્યો ને ક્ષણોને સરકવા દીધી.

પાપવૃત્તિઓમાં રચ્યો પચ્યો રહ્યો. અનાચરણમાં મગ્ન બન્યો.

શેતાનની રમતનું પ્યાદું બની ગયો.

ખોયો મનુષ્ય અવતાર.

મૂલ્યવાન જન્મની પળો ગુમાવી. ને ખોટનો ધંધો કર્યો.

મૂડી હાથમાં આવી હતી, પણ ખોઈ નાખી.

દ્રવ્યથી ભરેલી પેટી મળી હતી, પણ ખોઈ નાખી.

અમૂલ્ય રત્નોનો હાર હાથ લાગ્યો હતો, પણ ખોઈ નાખ્યો.

ને ખોવાયા પછી જ ભાન થયું કે જે હતું... તે બધું જ પોત ખોઈ બેઠો છે.

હવે હાથ કશું નથી રહ્યું.

ને જે માણસ આવાં રત્નોને ખોઈ નાખે છે, તેને માટે કોઈ આરો કે ઓવારો નથી. જન્મ નિષ્ફળ ગયો જાણવો.

જ્ઞાન તો રત્ન સમાન છે.

દર્શન અમૂલ્ય રત્ન છે.

ચારિત્ર જેવું કોઈ રત્ન નથી.

આવાં ત્રણ ત્રણ મૂલ્યવાન રત્નોના પાત્ર રૂપ... આ મનુષ્યપણું છે.

ધન્ય છે આ મનુષ્યપણું... જેમાં માણસને આ ત્રણે રત્નો મળે છે.

આમ છતાં રત્નોના મૂલ્યવાન પાત્રમાં પાપ કર્મ કરવું.... એ તો સુવર્ણના પાત્રમાં મદિરા ભરવા જેવું છે....

એવું થાય તો અવતાર એળે જાય.

મનુષ્યજન્મ અધન્ય બને.

દુ:ખો વળગે. નરક મળે. ને સુખો સળગી જાય.

પણ મોહમાં અંધ બનેલા પ્રાણી પાસે એ સમજવાની બુદ્ધિ નથી હોતી. બુદ્ધિનાં બારણાં બંધ કરીને તે બેસી જાય છે.

વિવેક ચૂકી જાય છે.

મનુષ્યપણું તો કેટલા પુણ્યો પછી મળે છે !

સ્વયંભૂરમણ સમુદ્રમાં સામસામી દિશામાં નાખેલ ધોંસરૂ ને ખીલી.... અનંતકાળે એકઠાં થઈ જાય અને ધોંસરામાં ખીલી પરોવાઈ જાય. એ જેટલું અસંભવિત છે. અને ક્વચિત જ બને છે... તેની જેમ મનુષ્યપણું પામવું એ દુર્લભ બાબત છે.

ને આવું મનુષ્યપણું જે પ્રમાદમાં, મોહમાં, વિલાસમાં અને અનાચારમાં ગુમાવે છે, એને તો મહામૂર્ખ કહેવો જ યોગ્ય ગણાય !

ધર્મના સૂર્યને ઉઘાડી આંખે પણ જોઈ ન શકે, તેને તો મહાઅંધ જ કહેવાય.

અહા ! મૂર્ખ જેમ મૂઠીમાં રહેલા ચિંતામણિને હારી જાય, તેમ પ્રાણી મનુષ્યપણાને હારી જાય છે.

સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિના કારણરૂપ મનુષ્યજન્મ પ્રાપ્ત થવા છતાં પણ મનુષ્ય નરક પ્રાપ્તિના કારણરૂપ કર્મની અંદર ઉદ્યમ કર્યા કરે છે.

એ તે કેવી દિલગીરીની વાત...!

અહો ! તે કેટલો મોટો મૂર્ખ ! એની બુદ્ધિ માટે કેટલું શરમજનક !

અનુત્તર વિમાનમાં દેવતાઓ પણ મોટા પ્રયત્નથી જેની આશા રાખે છે, એવું મનુષ્યત્વ પ્રાપ્ત થયા છતાં તેને પાપી પુરૂષ પાપકર્મમાં જોડી દે છે.... નરકના અધિકારી બનીને અપાર દુ:ખોને પામે છે....

માટે મનુષ્યજન્મનું મૂલ્ય સમજો....''

———★———

## ૧૦ દીક્ષા એ જ ઉપાય....

પ્રભુની વાણીનો પ્રભાવ જેણે જાણ્યો હોય, તેને જ ખબર પડે.

સાંભળનારાં એકચિત્ત બનીને વાણીના શબ્દે શબ્દને અંતરમાં ઉતારતાં હતાં. જાણે પાત્રને અનુકૂલ બનાવીને અમૃતધારા ઝીલતાં હતાં. એકાદ બૂંદ પણ નીચે ઢોળાઈ ન જાય એની સાવધાની રાખીને !

આ દિવ્ય વાણીનો પ્રભાવ પડ્યા સિવાય ન રહેતો. સુર - અસુરો કે મનુષ્યો જ શું કામ, પ્રભુની વાણીનો પ્રભાવ અચર પદાર્થો પર પણ પડે. એક પગે ઊભેલાં વૃક્ષો અને આસપાસની વિપુલ વનરાજિ — આ બધા પણ પ્રભુની વાણીના પ્રભાવને કારણે સ્થિરતા ગ્રહણ કરીને બેઠાં હતાં. પર્વતો તો સ્થિર બની ગયા હતા !

નાનાં નાનાં પક્ષીઓ પણ ઉડવાનું ભૂલી જઈને વૃક્ષોની ડાળીઓ પર ગોઠવાઈ ગયાં હતાં. તો ચંચળ હરણાં પ્રભુવાણી રૂપી અમૃત પીવા માટે ઊભાં રહીને લંબાવેલા કાન વડે ધારા પ્રવાહને અંદર ઉતારી રહ્યાં હતાં !

સાંભળનાર સૌની ચેતના ઝંકૃત થઈ ઊઠતી હતી.

કાન દ્વારા અંદર ઊતરેલી દેશના માણસના હૈયાના ઊંડાણને

ખોદી નાખતી હતી. અને સાવ ઊંડાણમાં પડેલ ચૈતન્યને ઢંઢોળતી હતી !

માણસ પ્રકૃત્તિએ ખરાબ નથી હોતો.

આસપાસનું મોહ ઉત્પન્ન કરનારું વાતાવરણ એને કાદવમાં ઘસડી જાય છે.

રાગના રંગો એના પર ચઢી જાય છે... માયાના રંગો ચઢી જાય છે...

અજ્ઞાનનું અંધારું.... તે ઓઢી લે છે....

મોહ, માયા, કામ, સ્વાર્થ વગેરેના ગમે તેટલા થર જામ્યા હોય પણ તે સૌની નીચે તો છે પેલો ચૈતન્ય પુરૂષ. પુરુષની ચેતના કદી પણ નાશ પામતી નથી.

હા, દટાઈ જાય છે. દબાઈ જાય છે. એના પર થર જામી જાય છે.

એ ઢબૂરાઈ જાય છે. પણ નાશ નથી પામતી.

આસપારના કાદવને હટાવી લો. રત્ન બહાર આવશે.

ને એ જરૂર ઝગારા મારશે.

એના પર જામેલી ગંદકી દૂર કરો. હીરો ઝળકી ઊઠશે.

હા, એક વાત જરૂર છે.

ગંદકી હટાવનારું કોઈ જોઈએ.

અંદર રત્ન પડ્યું છે, એની પ્રતીતિ કરાવનારું જોઈએ.

કશુંક નિમિત્ત જોઈએ

ભૂમિની અંદર રહેલો સોનાનો ચરુ કોઈની કોદારીની રાહ જોઈ રહ્યો હોય છે.

કોઈ નિમિત્ત બને છે.

કોદાળીના પ્રહાર થાય છે.

અને અંદરનો મૂલ્યવાન ખજાનો બહાર આવે છે.

એ અંદર પડ્યો છે. દટાયો છે. પણ ખોવાઈ ગયો નથી !

હા, એને કોઈ નિમિત્ત નથી મળ્યું.

નિમિત્ત મળે, પેલી સગર્ભ ક્ષણનું શુભ ચોઘડિયું આવે એટલે

ગંદકી હટે, ને પેલું ઝળહળતું દિવ્ય દેદીપ્યમાન, અપૂર્વ તેજથી રહેલું, ઝગારા મારતું, આંખોને પ્રકાશથી આંજી નાખતું, મૂલ્યવાન રત્ન જરૂર બહાર આવે !

સારા પણુ માણસમાં પડેલું જ છે.

પણ ગંદકી જામી ગઈ છે.

ગંદકી હટાવો. અંધારપડદા દૂર કરો. ઉપર જામેલા થર ઉલેચી નાખો.

પડળોને મારી હટાવો. સારાપણું શાશ્વત સત્યની જેમ ઝળહળી ઊઠશે.

સત્ય તો અંદર જ છે. પણ અસત્યનું આવરણ છે. એટલે સત્ય દેખાતું નથી.

પણ સત્યનો પ્રકાશ જ અનોખો છે.

એ એને ધર્મના માર્ગે લઈ જાય. એ એને પુણ્યનું પાથેય બાંધી આપે.

જીવનનાં ગાન સત્યમાંથી જ પ્રગટે.

પ્રભુની વાણી નિમિત્ત બનવાનું કામ કરે છે.

આવરણ હટાવવાનું કામ કરે છે.

દુર્વૃત્તિઓના જામેલા થરને દૂર કરવાનું કામ કરે છે.

અંધકારને તે ભેદે છે, છેદે છે.

ને અંદર રહેલા સત્ત્વને બહાર ખેંચી લાવે છે.

ભીતરમાં છુપાયેલા ચૈતન્યને ઉપર આણે છે.

ગંદકી હઠે છે. ને માણસની ચેતના મહોરી ઊઠે છે.

પ્રભુની વાણીનો આ છે પ્રભાવ.

પ્રભુની વાણીને ઝીલનાર પુરુષની આંખો સમક્ષ સત્ય અને ધર્મનો માર્ગ ઝૂલી રહે.

પ્રભુની આવી અધર્મને ચીરતી દિવ્ય વાણી રૂપ દેશના આગળ ચાલી :

"શોક, અમર્ષ, ખેદ, ઈર્ષા અને દીનતાથી જેમની બુદ્ધિ હણાયેલી છે, એવા દેવતાઓમાં પણ દુ:ખનું સામ્રાજય પ્રવર્તી રહેલ છે.

બીજાની લક્ષ્મીને જોઈને દેવતાઓ પોતાના અલ્પ સુકૃતને સંપાદન કરનારા પૂર્વજન્મના જીવિતનો ચિરકાળ શોક કરે છે.

બીજાની કોઈ બલવાન દેવતા તરફથી પોતાને અડચણ થતાં તેનો પ્રતિકાર કરવાને અસમર્થ એવા દેવતાઓ તીક્ષ્ણ એવા અમર્ષરૂપ શલ્યથી નિરંતર કોચવાયા કરે છે.

એમને ખેદ થાય છે. તેઓ ખેદપૂર્ણ અવસ્થામાં વિચારે છે :

"મેં પૂર્વજન્મમાં કોઈ સુકૃત કર્યું જણાતું નથી.

આ ભવમાં એનું ફળ મળ્યું છે.

સમર્થ દેવતાપણાને બદલે હું સેવક દેવતાપણાને પામ્યો છું.

અરેરે ! મેં એવું સુકૃત સંપાદન કર્યું હોત તો...."

આવું એ વિચારે છે. મનમાં ખેદ પામે છે. અંતરમાં કોચવાય છે.

બીજા દેવતાઓ તેમની નજર સમક્ષ રમી રહે છે.

તેમની સમૃદ્ધિ તેને ખેદ કરાવે છે.

કેટલાક દેવતાઓની વિમાન, સ્ત્રીરત્ન અને ઉપવન સંબંધી સંપત્તિ હોય છે.

એ ઉત્તમપણાને પામ્યા હોય છે.

પૂર્વજન્મનાં સુકૃતોને કારણે તે બધું તેમને પ્રાપ્ત થયું હોય છે.

પરંતુ અસમર્થ અને ઊતરતી સમૃદ્ધિવાળા દેવતાઓ હૈયામાં કોચવાય છે. ખેદ પામે છે: "અહો, મારા ભાગ્યમાં નથી."

વાત સાચી છે. ભાગ્યમાં હોય તો મળે.

પણ ભાગ્યને ઘડે છે કોણ ? ભાગ્યનું નિર્માણ કરે છે કોણ ?

ભાગ્યને ઘડનાર આપણે જ છીએ.

આપણાં કર્મો છે.

ઈસ હાથ દે, ઉસ હાથ લે. આપો અને પામો.

ત્યાગીને ભોગવો.

સત્કર્મોથી માણસનું ભાગ્ય ઘડાય છે.

સત્કર્મોથી માણસ વૈભવલક્ષ્મીને પામે છે.

સુકૃતોથી જ તેને દેવતાપણું મળે છે.

આ તો વ્યવહારની વાત છે.

વસ્તુ આપો ને દ્રવ્ય પામો.

ચીજ લેવી હોય તો વેપારીને કિંમત આપવી જ પડે.

સત્કર્મો તો ભાગ્ય ભવનને ઘડનારી ઈંટો છે.

ઈંટો પર ઈંટો મૂકાતી જાય છે. ચણતર આગળ વધે છે.

ને છેવટે ઊંચા, સમૃદ્ધ ભવનનું નિર્માણ થાય છે.

માલ કાચો વાપર્યો હોય તો ભવન બને નહીં. બનતાં જ પડી જાય.

સિમેન્ટ ઓછો વાપર્યો હોય તો ભવન વરસાદના એકાદ ઝપાટામાં જ ભોંયભેગું થઈ જાય.

માલ ઉત્તમ જ જોઈએ.

તો જ ભવન મજબૂત બને. સુંદર બને. આકર્ષક બને.

સુકૃત્યો આવા રળિયામણા ભાગ્ય ભવનનું નિર્માણ કરે છે, ભાગ્ય ભવન પર સુંદરતાના ચાર ચાંદ લગાવી દે છે !

સુકૃત કર્યાં હોતાં નથી. સુકૃતનું પાથેય ઓછું હોય છે.

એટલે સેવક દેવતાપણું પ્રાપ્ત થાય છે.

અને તેથી જ તેઓ ખેદ પામે છે. દુ:ખી થાય છે.

ઉત્તમ દેવતાઓની લક્ષ્મી તેમને ઈર્ષાથી જલાવે છે.

તેમની સ્ત્રીસંપત્તિ તેમને પ્રજાળે છે.

તેમની ઉપવન સંબંધી લક્ષ્મી તેમને દઝાડે છે.

અરેરે ! મારે આ નથી.

વિમાન નથી. સ્ત્રીરત્નો નથી. સમૃદ્ધિ નથી.

અપાર ઐશ્વર્ય નથી. સ્વામીદેવતાપણું નથી.

ઈર્ષાના અગ્નિમાં જલે છે તે.

એની ઊર્મિવેલો આ અગ્નિમાં સતત બળ્યા કરે છે.

ખેદ અનુભવે છે. શોકાર્ત બને છે. મન ગ્લાનિપૂર્ણ બને છે.

ઈર્ષામાંથી ક્રોધ જન્મે છે. ક્રોધ માણસને બુદ્ધિભ્રષ્ટ કરે છે.

ને બુદ્ધિભ્રષ્ટ માણસ વિનાશના માર્ગે વળે છે.

પોતાનું પતન સ્વહસ્તે જ નોંતરે છે.

ભાગ્યની લિપિ તો સાવ સ્પષ્ટ હોય છે.

એના અક્ષરો સુવર્ણાક્ષરોની જેમ અંકિત હોય છે.

પણ સુકૃતની મૂડી બચી હોતી નથી.

બેન્કના ખાતામાં બેલેન્સ ન બોલતું હોય ને તમે કોઈને ચેક લખી આપો તો 'રીફર ટુ ડ્રોઅર'ના શેરા સાથે ચેક પાછો ફરે તે સ્વાભાવિક છે.

એમાં દુ:ખી થવાનું ન હોય !

સુકૃતની રચના વિના મહાભાગ્યની આશા રાખવી વ્યર્થ છે.

સુકૃત હોય જ નહિ. મૂડી જમા જ ન કરાવી હોય. બેલેન્સ બોલતું ન હોય.

પછી ભાગ્યનો દોષ કાઢવો નકામો.

કારણ કે ભાગ્ય તો સુકૃતના પરિણામોનો સરવાળો જ છે !

વાવો..., અને લણો. જેવું વાવશો, એવું જ લણશો.

બાવળ વાવીને આમ્રફળનો અમૃતરસ ચાખવાની આશા રાખવી વ્યર્થ છે.

કાંટા વાવીને ગુલાબની આશા ન રખાય.

ગુલાબ જોઈતાં હોય તો ગુલાબનું જ વાવેતર કરો.

કેરીઓ જોઈતી હોય તો આંબાનું જ વાવેતર કરો.

બાવળ વાવીને કાંટા ઉત્પન્ન થતાં, તે જોઈને દુ:ખી થવાથી શું વળવાનું છે ?

તમે વાવેતરમાં જ ભૂલ કરી છે. ભૂલના ભોગ થવું જ પડે.

બાવળ વાવનારો, મોટા થતા વૃક્ષની સામે જોઈને કહે કે:

"પેલો કેરીઓ ખાય છે તો મને પણ કેરીઓ મળશે." પણ મળે શી રીતે ?

આમ્રફળનો મધુર રસ ચાખવાનું ભાગ્ય તો એને જ મળે, જેણે આંબાનો ગોટલો વાવ્યો હોય, એની સાચવણી કરી હોય ને એનું સિંચન - સંવર્ધન કર્યું હોય.

એની જાળવણી કરી હોય. એનો ઉછેર કર્યો હોય.

- પણ માણસની આદત હોય છે - ભાગ્યને ભાંડવાની,

- ભાગ્યનો દોષ કાઢવાની.

- કંઈ ન બન્યું, કશુંક અવળું થયું. -કશીક આપત્તિ આવી પડી.

- કામ બગડી ગયું. -દઈ દો ભાગ્યને દોષ. -નસીબ જ અવળું છે, શું થાય ?

પેઢી કાચી પડી, મોટું નુકશાન થયું ને બજારમાં પેઢીની શાખ મુદ્દલે ય ન રહી તો દઈ દેવાનો દોષ ભાગ્યને :

"ભાગ્ય અવળું છે, શું થાય ?"

મુસીબતોનો ખડકલો થઈ જાય.... તો કપાળ ઠોકવાનું અને ભાગ્યના માથે દોષનો ટોપલો ઢોળી દેવાનો :

"ભાઈ, ભાગ્ય જ બગડી બેઠું છે, શું થાય ?"

કોઈની સ્ત્રી કુલ્ટા નીકળી, કોઈ દુ:ચરિત્રને કારણે બદનામ થઈ ગયો કે તે દોષ દેશે ભાગ્યને : "નસીબ ભૂલાવે છે માણસને, ભાઈ !"

ભાગ્યને દોષ દેવાની આદત યુગો જૂની છે.

પણ ભાગ્યને ઘડે છે કોણ ? ભાગ્યને ઘડનારાં ઓજારો ક્યાં છે ?

સાધન શુદ્ધ ન હોય તો પરિણામ અવળું આવે.

ઓજારો નબળાં હોય તો મકાન ઘડાય શી રીતે ?

માણસનાં કર્મો ભાગ્યને ઘડે છે.

એ તો સુકૃત્યો, એનો પુરૂષાર્થ, એનું ધર્મીપણું, એનો સદાચાર

— આ બધાં માણસના ભાગ્યને ઘડનારાં ઓજારો છે.

સુકૃત્યોની બચત ન હોય.

જમા પાસું ઝીરો બોલતું હોય. કે પછી બેલેન્સ ઓછું બોલતું હોય.

પછી ભાગ્યનાં ચોપડામાં રકમ શી રીતે બોલે ?

ભાગ્યનાં રોદણાં ન રડો. નસીબને ગાળો ન ભાંડો.

વાંક આપણો જ છે. આપણા કર્મોનો છે. પુણ્ય કર્મોના અભાવનો છે.

અનાચારનો છે. વધારી મૂકેલા મોહનો છે.

કેટલાકે દેવતાઓને બીજા બલિષ્ટ દેવતા તરફથી પોતાનું સર્વસ્વ લૂંટાઈ જતાં દીન ભાવ ધારણ કરે છે ને દીનવૃત્તિથી કહે છે :

"હે પ્રાણેશ ! હે પ્રભુ ! હે દેવ ! તમે પ્રસન્ન થાવ."

ગદ્ ગદ્ કંઠે તેઓ પોકારે છે.

પુણ્યને કારણે તેમને સ્વર્ગલોક પ્રાપ્ત થયું છે.

તેમ છતાં કામી દેવતાઓ કામથી આતુર બને છે.

ક્રોધથી આતુર બને છે. ને ભયથી ગ્રસ્ત બને છે. સ્વર્ગમાં હોય છે.

છતાં સ્વસ્થપણાને પામતા નથી.

કામને ચાળવો પડે. કામને ગાળવો પડે.

કામના કાદવમાં ખૂંપેલ દેવતા હોય તો પણ એને સ્વસ્થતા પ્રાપ્ત ન થાય.

સ્વસ્થ રહેવું છે. ને કામથી ખેંચાવું છે.

આ બંને વાતો વિરાધાભાસી છે. એક મેકની વિરોધી છે.

કામ હોય.... ત્યાં સ્વસ્થતા ન હોય.

ને સ્વસ્થતા હોય ત્યાં કામ ન ટકે.

જેણે કામને જીત્યો, એણે સર્વસ્વ જીત્યું.

કામી માણસને સ્ત્રીનાં આકર્ષક અંગો મુગ્ધપણે દેખાય. સૌંદર્યની પાગલતા એનામાં પ્રવેશે.

એના સત્કર્મોનો ભંગ થાય.

સતત તે દેહક્ષુધાથી પ્રજળ્યા કરે.

શક્તિઓ ક્ષીણ થતી જાય.

સારાં કાર્યોમાંથી મન ચલિત થાય.

અવળા વિચારો સૂજે.

અંદર ને અંદર સળગ્યા કરે.

કહ્યું છે :

"કાગડાને કદી શ્વેત રંગ પ્રાપ્ત થતો નથી, ગર્દભને કદી સુબુદ્ધિ પ્રાપ્ત થતી નથી, હરણાને અચાંચલ્ય પ્રાપ્ત થતું નથી, ઘૂવડને કદી સુખભરી સ્વસ્થતા પ્રાપ્ત થતી નથી....!"

વળી એવું પણ કહેવાયું છે કે :

"ઘોડાની લાત સારી, કુંભારનું ડફણું સારું, કૂતરાનું બચકું સારું.... પણ કામદેવના ગધેડાની લાત તો કદી પણ સારી નહીં !"

કામવિહ્વળ મનુષ્ય વિવેકભાન ભૂલી જાય છે.

સતત કામજવરથી તપ્ત રહે છે.

કામીને દેખાય છે કેવળ કામ. કામ, કામ ને કામ.

કામના કાદવમાં કીડાની જેમ તે જીવે છે ને મરે છે પણ એમાં.

કામના કીચડથી ખરડાયા પછી બચવું મુશ્કેલ.

કામ એનો રામ હોય છે. કામ એનો ભગવાન હોય છે.

કામને જ તે ઝંખે છે

ને કામને જ તે સેવે છે.

ઊઠતાં, બેસતાં, હરતાં, ફરતાં ચોવીસે કલાક કામ એના તન મનને સતત બાળ્યા કરે છે, દઝાડ્યા કરે છે.

વિનાશ નોંતરવો હોય તો કામના વિમાનમાં બેસો.

પુણ્યનો નાશ કરવો હોય તો કામની સવારી કરો.

જીવનધર્મને બાળવો હોય તો કામને સેવો.

આયુષ્ય એળે જવા દેવું હોય તો કામમાં જ રમમાણ રહો.

કામી માણસ કામમાં લીન રહે છે. ને કર્મોના દોરડાંથી સતત બંધાતો રહે છે.

કામીને કદી સુખ નથી. કામીને કદી સ્વસ્થતા નથી.

કામીને કદી શાંતિ નથી. કામીને કદી સ્થિરતા ન મળે.

ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત ન થાય. એનું ચાંચલ્ય એને ડંખ્યા કરે.

સ્વસ્થ ચિત્તે તે વિચારી પણ ન શકે.

કારણ કે મનની લગામ એના હાથમાં હોતી નથી ને કામીનું મન તો ચંચલ ઘોડા જેવું છે, જે ગમે ત્યાં દોડી જાય છે ને એને પછાડી નાખે છે.

કામરૂપી અશ્વ માણસને કાંટામાં ફેંકે છે, ખીણમાં નાખે છે ને આગમાં ઝીંકી દે છે.

કામ જ એનો ભગવાન. ને કામ જ એનું કર્મ.

કામમાં જીવે ને કામમાં બંધાય.

કહ્યું છે :

'સર્પનો દંશ કદાચ સારો, વીંછીનો ડંખ કદાચ સારો, અજગરનો ભરડો કદાચ સારો, પણ કામનો દંશ કદી પણ સારો નહીં....'

મન બગડે અને જીવન પણ બગડે.

મનુષ્ય અવતાર નિષ્ફળ જાય.

જે કામમાં લીન રહે છે, પરદારામાં મનને બગાડે છે, સ્ત્રીસંગમાં ભ્રમિત બને છે, દેહની સુંવાળપમાં જ જાતને ખોઈ નાખે છે, તેની શક્તિઓ એકદમ ક્ષીણ થાય છે ને મન કદી પણ આરોગ્ય પ્રાપ્ત કરતું નથી.

એટલે તો કહ્યું છે :

'એકડા વિનાનાં મીંડા નકામાં, બેલેન્સ વગરનો ચેક નકામો, આંખ વિનાનું અજવાળું નકામું, કેશવાળી વિનાનો સિંહ નકામો, તેમ ચારિત્ર્ય વિનાનું જીવન નકામું.'

ચારિત્ર્ય તો દીવો છે. દીવો અજવાળે છે. માર્ગ બતાવે છે.

તમસને હણે છે.

માણસને ખાડામાં પડતાં રોકે છે. ખીણમાં ગબડતાં બચાવી લે છે.

આગમાં દોડી જતાં અટકાવે છે. અવળા માર્ગે પગલાં માંડતાં રોકે છે.

કામ હોય, ત્યાં સ્વાસ્થ્ય ન હોય.

મનનું આરોગ્ય ન હોય, ને તનનું પણ આરોગ્ય ન હોય.

હોય કેવળ તન મનની માંદગી.

કામ ચલિત કરી નાખે.

મહાન ધ્યેય લઈને નીકળેલા તથા જીવનમાં ઊંચા શિખરો સર કરવાની તમન્નાથી આગળ વધનારા માણસોએ તો કામને કદી પણ તાબે ન થવું જોઈએ. ચારિત્ર્યને શુદ્ધ સુવર્ણની જેમ પવિત્ર રાખવું જોઈએ.

ઊંધી દિશામાં આગળ વધીને મુકામ સુધી પહોંચવાની આશા નકામી છે.

દીવો હોલવી નાખીને ગ્રંથ વાંચવાની ચેષ્ટા નકામી છે.

કીચડમાં પગ મૂકીને સાફ રહેવાની આશા નકામી છે.

કામથી ખેંચાઈને જીવન મુક્તિની ઝંખના વ્યર્થ છે.

કામનો કીડો. કામમાં મરે.

કામ એને બાળે. કામ એને પ્રજાળે. અને તેને ક્યાંયનો ય ન રહેવા દે.

કામથી બચો. ને ધર્મને સેવો. સત્કર્મોનું ભાથું બાંધો.

કર્મરાજા કામીને કદી છોડતો નથી. એને સજા થાય છે જ

વળી દેવતાઓ દેવવિમાનમાંથી પોતાને ચ્યવવાનાં ચિહ્નો અગાઉથી જોઈને 'અમે ક્યાં સંતાઈ જઈએ ?' એમ બોલ્યા કરે છે અને સંતાઈ જાય છે.

કલ્પવૃક્ષોનાં પુષ્પોથી ઉત્પન્ન થયેલી માલાઓ ગ્લાનિ પામે નહીં.

પણ ચ્યવન નજીક આવે છે, તે વખતે દેવતાઓનાં મુખ કમલોની સાથે ગ્લાનિ પામી જાય છે.

મોટા બળવાન પુરુષોથી પણ કંપાયમાન ન બને એવાં કલ્પવૃક્ષો તેઓના હૃદયબંધની સાથે સંધિબંધ શિથિલ થઈ જવાથી કંપાયમાન થઈ જાય છે !

ઉત્પન્ન થતાં જ પ્રાપ્ત થયેલી લક્ષ્મી અને લજ્જા પણ જાણે અપરાધ કર્યો હોય તેમ તેઓને તત્કાળ છોડી જાય છે.

નિર્મલ એવા વસ્ત્રની શોભા તત્કાળ મલિન થઈ જાય છે.

મૃત્યુ કાળે કીડીઓને પાંખો આવે છે. તેમ તેઓને અદીનપણું છતાં દૈન્ય આવે છે !

નિદ્રા રહિત છતાં નિદ્રા આવે છે.

મરવાને ઈચ્છતા પુરુષો જેમ યત્ન કરીને પણ કુપથ્ય સેવનની ઈચ્છા કરે છે.

તેવી જ રીતે અજ્ઞાની દેવતાઓ તેવે વખતે ન્યાય તથા ધર્મનો બાધ કરીને વિષયો ઉપર રાગ ધરે છે.

નીરોગી છતાં પણ ભવિષ્યમાં આવનાર ચ્યવનની ઊઠેલી વેદનાને જાણે વશ થયા હોય એમ તેઓના સર્વ અંગોપાંગના સાંધાઓ ભાંગવા માંડે છે.

અર્થાત્ આળસ પર આળસ મરડવા માંડે છે.

કેટલાક માણસો બીજાના ઉત્કર્ષને સહન કરી શકતા નથી.

બીજાનો ઉત્કર્ષ જોઈને ઈર્ષા અનુભવે છે.

તેવી જ રીતે પદાર્થને ગ્રહણ કરવામાં તેમની દષ્ટિ અસુંદર થઈ જાય છે !

તેમને ભવિષ્યમાં આવનારા ગર્ભવાસનો ભય લાગે છે.

ગર્ભવાસના દુ:ખની કલ્પના કરી શકતા નથી.

આથી, પોતાને થયેલા પ્રકંપથી ચપળ અંગો વડે બીજાઓને બીવરાવે છે.

આ બધાં ચિહ્નો ચ્યવનનાં છે.

ચ્યવનને નજીક જાણતાં તેમનાં અંગો શિથિલ બને છે.

ગાત્રો કંપ અનુભવે છે.

ચ્યવનને તેઓ નિશ્ચિત્ત જાણી જાય છે.

તેથી આગને આલિંગન દેતા હોય તેવી વેદના અનુભવે છે.

વિમાનમાં તેમને શાંતિ મળતી નથી.

નંદનવનમાં પણ તેઓ અશાંત બને છે.

વાપીકામાં પણ શાંતિ પ્રાપ્ત થતી નથી.

અરે, કોઈપણ સ્થળે તેઓ અશાંત બની રહે છે.

ચ્યવનનો ભય તેમને કંપાવે છે.

નિર્ભય રહી શકતા નથી. અરેરાટી અનુભવે છે.

ને ચ્યવનના ભયથી કંપાયમાન બનીને વિલાપ કરે છે :

"હા, પ્રિયા ! હવે તું મારાથી વિયોગ પામીશ.... પછી તો ન જાણે પુન: ક્યારે તારી પ્રાપ્તિ થશે ?

હે વાપીકાઓ ! તમે મારાથી અળગી થઈ જશો.... પછી તો કદાચ મળવાનું નહીં બને.

હે વિમાનો ! તમે મને બહુ સુખ આપ્યું છે. ખૂબ આનંદ કરાવ્યો છે. તમને પામીને હું ખૂબ સુખી હતો.... પણ

હવે આપણો સાથ છુટી જશે. હવે તમે જોવા પણ નહીં મળો.

હતભાગી એવા મારાથી તમે વિયોગ પામશો.

અરેરે, તમારા વગર મારી કેવી ગતિ થશે ?

હે કલ્પવૃક્ષો ! તમે તો મારાં સદાનાં સાથીદાર.

મારી તમામ ઈચ્છાઓ તમે પૂર્ણ કરી છે.

ઈચ્છિતને તમે પ્રાપ્ત કરી આપી છે.

માગ્યાં તે સુખો ને માગી તે સગવડો તમે ક્ષણ માત્રમાં હાજર કરી દીધી છે.

તમારા થકી હું સુખી હતો. તમારા વડે જીવને અપાર આનંદ હતો.

હે કલ્પવૃક્ષો ! તમે તો મારા જીવન સાથે જડાઈ ગયાં હતાં !

પણ હવે ?

હવે તો વિજોગની વેદના સહેવી પડશે. તમે મારાથી છુટાં પડશો.

છેટાં થશો. એ મને નહીં ગમે.

ન જાણે આપણું પુન: મિલન ક્યારે શકય બનશે ?

રેતીના બે ઊડી ગયેલા કણ ફરી કદી મળતા નથી.

તેમ તમે પણ મારાથી વિખૂટાં પડીને ક્યારે ય નહીં મળો.

શી ખબર, મળાશે કે કેમ ? શી ખબર મિલન થશે કે નહીં ?

વેદના સાથે છુટાં પડવાની વેળા આવી છે.

ભયંકર વેદના. એવી વેદના કે જે સહન પણ નહીં થઈ શકે.

અહો ! અમૃતને વર્ષાવનારી વાણી હવે છુટી પડશે ! એ વાણી ફરી ક્યારે મળશે ?

હે અમૃતમય કાંતા ! તારા વિયોગની કલ્પનાથી પણ હું ધ્રુજી ઊઠું છું. ન જાણે આપણું પુન: મિલન ક્યારે સધાશે ?

પ્રકંપ જાગે છે મનમાં.

હે રત્નના સ્તંભો ! મારી સમૃદ્ધિમાં તમે અપાર વૃદ્ધિ કરી છે. શોભામાં ચાર ચાંદ લગાડી દીધા છે. તમે હવે મારાથી છેટા થઈ જશો.

ફરીથી મળાય ન મળાય. પમાય, ન પમાય. મિલન થાય, ન થાય.

હે શોભાવાળી મણિમય ભૂમિઓ ! તમારાથી હું ખૂબ સુખી હતો.

મારી સમૃદ્ધિનો પાર નહોતો. સુખ મારાં ચરણ ચૂમતું હતું.

પણ હવે ?

તમારાથી છુટા પડતાં, તમારા વિના હું શું કરીશ ?

મારા દુ:ખનો કોઈ પાર નહિ રહે.

ન જાણે, તમે ફરીથી ક્યારે મળશો ?

કે પછી કદાપિ નહીં મળો. એવું પણ બને.

અહીં સાથ આપ્યો, ફરી સાથ ન મળે.

અહીં સંગાથ સાધ્યો, ફરી સંગાથ ન થાય. એવું પણ બને.

અહીં સાન્નિધ્યનું સુખ લાધ્યું, ફરી એ સુખ ન મળે.

અહીં તમને જોઈને આંખો ઠારી, ફરીથી આંખોને એવી શાઁતા ન પણ મળે.

હે રત્નમયી વેદિકાઓ !

તમે કોના આશ્રયે જશો ?

કારણ કે આપણી વચ્ચે વિયોગની વાડ રચાવાની છે.

છેટાપણાનું દુ:ખ મને વિદારશે.

રત્નની પદપંક્તિથી યુકત એ શ્રેણીબંધ કમલોવાળી હે પૂર્ણ વાપીકાઓ ! તમે કોના ઉપભોગ માટે જશો ?

કારણ કે આપણો ઋણાનુબંધ પૂરો થાય છે.

આપણા સંબંધ ભેદાઈ જાય છે.

તમારી શીતળતા, તમારું સૌંદર્ય અને તમારા ગરવાશ શું મને ફરીથી જોવા નહીં મળે ? દષ્ટિનું સુખ પુન: મને ક્યારે પ્રાપ્ત થશે ?

કે નયનોને કેવળ રડવાનું છે ?

હે પારિજાત ! તમારી સુગંધી એ તો મને સતત પ્રફુલિત રાખ્યો છે.

તન મનને સુવાસથી ભરી દીધું છે તમે.

તમને જોઈને હું ઝૂમી ઊઠતો. અપૂર્વ આનંદનો અનુભવ કરતો.

તમારાં પુષ્પો મારા કંઠની શોભા બનતાં, તમારી ખૂશ્બુ મારા મનને ભરી દેતી.

હૃદય નર્તન કરી ઊઠતું.

પણ હવે એ સુખ મને નહીં મળે.

હે હરિચંદનનાં વૃક્ષો ! શું તમે મને છોડી જશો ?

હે કલ્પવૃક્ષો ! શું તમે તમારા આ માલિકને છોડી દેશો ?

ભવિષ્યની કલ્પના કરતાં જ હું ધ્રુજી ઊઠું છું.

આ સુખ મને છોડી જશે. આ વૈભવ હવે વિખૂટો પડશે.

આ કલ્પવૃક્ષો, હવે મને આનંદ નહીં આપે. વાપીકાઓનાં જળ મને ઠંડક નહીં અર્પે.

તેમના વિના હું અધન્ય બની જઈશ.

મારે આ બધું જ છોડવું પડશે. એ બધાં મને છોડી દેશે. ઐશ્વર્ય દૂર થશે.

વિલાસની સમૃદ્ધિ મારો સાથ ત્યજી દેશે.

હું દીન બની જઈશ. હું પામરતાનો અનુભવ કરીશ.

મારો આનંદ ક્ષીણ થઈ જશે. જીવનનું સુખ નષ્ટ થાશે.

આનંદ બાષ્પની જેમ ઊડી જશે. સુખ નહીં રહે. સમૃદ્ધિ નહીં રહે.

રહેશે કેવળ અસુખ, પામરતા, દીનતા અને વૈભવ વિખૂટો પડ્યાની વેદના !

આ અપાર વૈભવશાળી જીવનનો અંત આવશે.

છલકાતી સમૃદ્ધિ નાશ પામશે.

ચ્યવન નજીક આવ્યું છે.

ને એની કલ્પનાથી મારું રૂંવે રૂંવું કંપી ઊઠે છે.

સ્ત્રીના ગર્ભરૂપી નરકમાં મારે વાસ કરવો પડશે.

એ નરકમાં મારે પરવશ થઈને નિવાસ કરવો પડશે.

સુખ સ્વપ્નવત્ બની જશે. ગર્ભનો અંધકાર મને ભીંસી નાખશે.

સુખનું સરોવર સૂકાઈ જશે. અસુખ મને ઘેરી વળશે.

એ કષ્ટદાયક જીવનનો ગુંગણામણ ભર્યો અનુભવ મારે કરવો પડશે.

યાતનાઓ મારા સુખને ઢોળી નાખશે. મારા આનંદને ચૂંથી નાખશે.

ને આનંદ વિના રહેવાશે શી રીતે ? સુખ વિના જીવાશે શી રીતે ?

ગર્ભવાસનો એ ધૂઘવતો અંધકાર....

અરે રે, એમાં મારા દિવસો કેવી રીતે નિર્ગમન થશે ?

જિંદગી રૂંધામણ અનુભવશે.

ના, ના, એમાં તો હું ચીસો પાડી ઊઠીશ. ગુંગળાઈ જઈશ.

યાતનાઓના વલોણામાં વલોવાઈ જઈશ.

પીડા મને પીંખી નાખશે. વેદના મને વીંખી નાખશે. હું ક્યાંયનો ય નહીં રહું !

મારાથી એવા કષ્ટદાયક અંધકાર શેં સહન થશે ?

એ અત્યંત સંકીર્ણ ગર્ભકોટડીમાં પૂરાતાં જ કેવી ભયંકર પીડાને હું પામીશ ?

સ્ત્રીના ગર્ભરૂપી નરકમાં મારાથી શેં રહેવાશે ?

ના, ના, એવી હું કલ્પના પણ કરી શકતો નથી.

મારે અંધકાર પીવો પડશે. પી શકીશ ?

મારે તે અશુચિ રસને આસ્વાદવો પડશે. આસ્વાદી શકીશ ?

વારંવાર આસ્વાદવો પડશે. હું જીરવી શકીશ ?

એ તો અંગાર સગડી છે. ગર્ભની અંગાર સગડીમાં મારે જલવાનું છે.

પોતાના કર્મથી બંધાઈને એ સગડીમાં મારે સળગવાનું છે !

ઓ રતિસુખની ભંડાર સમી દેવાંગનાઓ !

તમે મને હવે નહીં મળો. મારાથી છૂટી પડી જશો.

તમારા વિના હું તરફડીશ. તમારા વિના હું ત્રાસ અનુભવીશ.

જીવનનો આનંદ ઊડી જશે.

તમે મને અનન્ય સુખ આપ્યું છે. તમારા આલિંગનમાં હું પુષ્કળ આનંદને પામ્યો છું.

તમારી વિહ્વળ બનાવી દેતી પ્રણય ચેષ્ટાઓ અને હૃદયને ઉત્તેજિત કરતી અંગભંગીઓ હવે મને ક્યારે જોવા મળશે ? ફરીથી એ સુખ હું ક્યારે પામીશ ?

ક્યાં દેવાંગનાઓ અને ક્યાં એ અશુચિ સ્થાનક ?

ક્યાં તમારું સાન્નિધ્ય અને ક્યાં માનવ સ્ત્રીઓનો ભોગ ?

મનોમન દેવતાઓ ચ્યવનના ભયથી કંપાયમાન બનીને આ પ્રમાણે વિલાપ કરવા લાગી જાય છે. રાગ ભોગ અને અનુપમ ઐશ્વર્યનો સંગાથ એમને છોડવો ગમતો નથી.

દેવાંગનાઓ સાથેનો અનંગરાગ ત્યજવો ગમતો નથી.

ગર્ભવાસમાં નિવાસ કરવાનું તેમને ગમતું નથી.

એટલે દુ:ખી થાય છે. ને પ્રલંબ પ્રલાપ કરે છે.

સ્વર્ગીય વસ્તુઓને સંભારી સંભારીને તેઓ વિલાપ કરવા લાગી જાય છે.

પણ કર્મનું બંધન કદી કોઈને છોડતું નથી.

કર્મરાજાની સત્તા આગળ સર્વે લાચાર બની જાય છે.

કર્મના ભોગ તો ભોગવવા જ પડે.

કર્મરાજા એમને બરાબરના પકડે છે.

દેવતાઓ કંપે છે, પ્રલાપ કરે છે.

વિલાપના રાગડા આલાપે છે ને એમ કરતાં કરતાં, દીપક જેમ ક્ષણ વારમાં બૂઝાઈ જાય તેમ ત્યાંથી ચ્યવી જાય છે.

સંસાર અસાર છે. ક્ષણ ભંગુર છે.

દેહનાં સુખો ને જિહ્વાના આસ્વાદો નાશ પામવાના જ છે.

અને તેથી જ તો શુભ બુદ્ધિવાળા પ્રાણીએ દીક્ષારૂપ ઉપાયથી મુક્તિના અર્થે પ્રયત્ન કરવો યોગ્ય છે....!''

— ને એ સાથે જ પ્રભુએ દેશનાનું સમાપન કર્યું.

———★———

## ૧૧ પાઠ કરો શ્રી પદ્મપ્રભ પ્રભુના ચરિત્રનો

આસપાસના સુરમ્ય અને સુશાંત વાતાવરણમાં મધપૂડામાંથી ટપકતાં મધુબિંદુઓ જેવો પ્રભુની દેશનાનો સ્વર વિરામ પામ્યો.

વાતાવરણ જાણે અનેરી સુગંધથી ભરાઈ ગયું. અનેક ઝરણાં કલકલરવે વહી નીકળ્યાં — ને એ ઝરણાંની જળયાત્રા રેલાની જેમ લંબાતી ગઈ.

જાણે સુવાદ્યો બજી ઊઠ્યાં. અમૃતમંત્રો સમી વાણી પૂરી થઈ.

ને ત્યારે જ અમૃત આસવનું પાન કરીને પ્રભુની વાણીના સ્મરણના ઘેનમાંથી સૌ જાગ્યાં !

અહા ! કેવી હતી એ વાણી.
શબ્દ શબ્દમાં સચ્ચાઈનો રણકો.
વિરલ અનુપમ વાણી.
જીવન મંત્ર સમી વાણી.
થાય કે બસ, સાંભળ્યા જ કરીએ, બસ સાંભળ્યા જ કરીએ.

પ્રભુ બોલતા જાય ને આપણે શ્રવણે ભરતા જઈએ વાણીને.

અંતહીન યાત્રાની જેમ અંતહીનપણે પ્રભુની વાણી આગળ વધતી રહે. વધતી જ રહે. વાણી કદી અંત ન પામે.

આપણે વાણીને શ્રવણગોચર કરતા રહીએ.

જીવનને ધન્ય બનાવતા રહીએ.

આ તો મનની ભીંતોને અજવાળતી વાણી.

કષાયોનાં જાળાં દૂર કરનારી વાણી.

જગતનાં પાપોને હણનારી વાણી !

આવું અમૃત પીવાનું કોઈ સદ્ભાગીના નસીબમાં જ હોય છે.

પુણ્યનો ઉદય થાય ત્યારે જ આવી પરમ પાવની વાણી સાંભળવા મળે.

વાણી જીવન મુક્તિ જગવે.

હૈયામાં પ્રકાશ પાથરે.

ગાઢ અંધારાં ઉલેચી દે.

અરે, એમની વાણીનો એકાદ શબ્દ જો કાને પડી જાય ને હૃદયના ઊંડાણમાં ઊતરી જાય તો જીવન ધન્ય બની જાય...

પછી તો પરમ પ્રકાશ પથરાઈ રહે.

જીવન જ્યોત જલી ઊઠે.

જાણે આંગણામાં સૂરજ પધાર્યો હોય એમ જીવન દેદીપ્યમાન બની રહે.

પ્રભુની વાણીનો એકાદ કણ પામવાનું કામ દુર્લભ છે. કારણ કે

વાણીનો કણ પામ્યા પછી તો મુક્તિનો માર્ગ શરૂ થઈ જાય.

ધર્મનું જાગરણ શરૂ થઈ જાય અને પુણ્યનો પંથ શરૂ થઈ જાય ! પરંતુ તે બધાંના નસીબમાં નથી.

પ્રભુની વાણી ચોર સાંભળે... તો એનું જીવન પલટાઈ જાય અને તે સન્માર્ગનો યાત્રી બને.

ઠગ સાંભળે... તો ઠગવિદ્યા ત્યજી દે અને પ્રામાણિકતાનો પથિક બની રહે.

હાથમાં ધનુષ્યબાણ લઈને મૃગયા રમવા નીકળેલો શિકારી એ વાણી સાંભળે... તો ધનુષ્ય બાણ ફેંકી દઈને અમારિવ્રતનો ઉપાસક બની રહે.

પ્રભુની વાણી એક એવા રત્ન સમાન છે,

જે માણસના હૃદયની અપાર સમૃદ્ધિ વધારી દે છે ને અપાર ઐશ્વર્યનો અનુભવ કરાવે છે.

એમની વાણી એક એવો મંત્ર છે, જે મનની ને તનની દરિદ્રતા દૂર કરી દે.

એમની વાણી તો કલ્પવૃક્ષ સમાન છે.

ઈચ્છો તે આપે.

એમની દેશના સાંભળ્યા પછી તમામ સંશયો હટી જાય.

સંસારનો રાગ તણાઈ જાય.

જગતનાં સુખો તૃણ શાં તુચ્છ ભાસે.

માયા મિથ્યા લાગે.

મોહ મૃગજળ સમાન દીસે.

એમની વાણી આપણને જ્ઞાનજળથી સ્નાન કરાવે :

કર્મમેલ ધોઈ નાખે. પાપ પખાળી નાખે.

ભવભયનું હરણ થઈ જાય. કામક્રોધનું મરણ થઈ જાય.

ને જીવનના ટોડલે ધર્મનાં તોરણ બંધાઈ જાય.

જીવાત્મા શુદ્ધ બને. મેલ વગરનો, મોહ વગરનો, માયા વગરનો.

કારણ કે કામનું દહન થઈ ગયું હોય છે. ને જગત ભણી ખેંચનારા માયાવી દોરડાં કપાઈ ગયાં હોય છે.

પછી તો પથરાઈ રહે... કેવળ શુચિતા.

પ્રસરી રહે જીવનની નિર્મળતા.

અસત્ય નાશ પામે. ને સત્યની ઉપાસના શરૂ થઈ જાય.

સત્ય એ જ ધર્મ બની જાય.

શબ્દો તો ઘણાય સંભળાય છે માણસને :

ને પોપટવાક્યો ઉચ્ચારનારા પણ ઘણા જોવા મળે છે.

પણ ત્યાં સચ્ચાઈનો રણકો નથી હોતો.

કથની અને કરણીમાં ફેર હોય છે. વાણી અને આચરણમાં ભેદ હોય છે.

તેઓ હોય છે કેવળ શબ્દોના સોદાગરો. વાણીના વેપારીઓ.

નર્યો વાણી વિલાસ હોય છે, જેમાં ભારોભાર દંભ ભરેલો હોય છે, જે કદી પણ પ્રભાવક નથી બનતો.

આવા તો તમને ઘણા મળશે. ધર્મના નામની દુહાઈઓ દેનારા ઢેખાળાની જેમ તમને પ્રાપ્ત થશે.

પણ પ્રભુની વાણી તો અંતરની વાણી.

સ્નેહ અને સત્યમાં ઝબોળાઈને આવતી વાણી.

પરમપાવની વાણી.

માણસના મન ઉપર સીધી અસર કરે, કારણ કે

આચરણની શુદ્ધતા સાથે.... બહાર આવતી હોય.

નહીં.... વાણી વિલાસ.

નહીં.... શબ્દોની સોદાબાજી.

પ્રેમ... કેવળ પ્રેમ. સત્ય... કેવળ સત્ય. ધર્મ... કેવળ ધર્મ.

પ્રભુની વાણી વિરામ પામી.

દેશના પૂર્ણ થઈ

એ સાંભળીને હજારો માણસો પ્રતિબોધ પામ્યા.

એ વાણીનો તત્કાળ પ્રભાવ પડ્યો.

તેમના હૃદયમાં વિચાર વલોણું ચાલ્યું !

હે સ્વામી ! હે પ્રભુ ! અમને તમારા શરણમાં લઈ લો.

પ્રભુ ! અમારે મુક્ત બનવું છે. પ્રભુ ! અમારે ધર્મની દિશા પકડવી છે.

પ્રભુ ! અમારે વીતરાગની વાટે સંચરવું છે.

અમને સંયમ ગ્રહણ કરાવો, પ્રભુ !

સ્વામી ! અમને દીક્ષા આપો.

હવે માયાનો ભાર નહીં વહન થાય. હવે મોહની રમત નહીં જીરવાય.

અમારે છુટવું છે. જીવન મુકત બનવું છે.

અમારી આંગળી પકડી લો, પ્રભુ ! અમને દીક્ષા આપો.

કેટલાયે માણસોએ તરત દીક્ષા લઈ લીધી.

જ્યારે કેટલાકે સમકિતનો સ્વીકાર કર્યો.

પ્રભુની વાણી ધારી અસર કરી ગઈ.

કારણ કે તે પ્રભાવક વાણી હતી. જીવન ઉજાળનારી વાણી હતી.

મુક્તિનો મારગ દેખાડનારી વાણી હતી !

સુવ્રત વગેરે એકસો ને સાત ગણધરો થયા.

તેઓએ પ્રભુની ત્રિપદીને પામીને દ્વાદશાંગીની રચના કરી.

કારણ કે કૂવાની ક્રિયા જેમ પાછળથી હવાડો કરે, તેમ શિષ્યો ગુરૂની ક્રિયાને અનુસરે છે. ગુરૂના પગલે શિષ્યો આગળ વધે છે. ગુરુ ચીલા પાડે છે, શિષ્યો એ ચીલે ચીલે અગ્રેસર થાય છે.

ગુરુનો એ તો પ્રભાવ છે.

ને શિષ્યનું એજ તો શિષ્યત્વ છે.

ગુરુ ગૌરવદાન કરે.

શિષ્ય એને અદકું બનાવે.

ગુરુના ગૌરવને વધારે.

ગુરુના ગૌરવને વધારે.

સુવ્રત ગણધરે દેશના દીધી.

ગુરૂના આંકેલા માર્ગને શિષ્ય અનુસર્યો.

સુવ્રત ગણધર દેશનાથી વિરામ પામ્યા પછી સર્વ દેવતાઓ ઊઠ્યા.

મનુષ્યો પણ ઊભા થયા.

સૌ પ્રભુને પ્રણામ કરી પોતપોતાના સ્થાનકે ગયા.

કુસુમ નામે યક્ષ એ તીર્થનો અધિષ્ઠાતા થયો.

આ યક્ષ નીલ અંગવાળો હતો.

મૃગના વાહન વાળો હતો.

પોતાની બે દક્ષિણ ભુજામાં સફલ અને અભયને ધારણ કરનારો હતો.

બે વામ ભુજામાં નકુલ અને અક્ષયસૂત્રને રાખનારો હતો.

એ યક્ષ હંમેશા પ્રભુની પાસે જ રહેતો.

તેથી તે શાસન દેવતા કહેવાયો.

એ જ રીતે અચ્યુતા નામે યક્ષણી પ્રભુની શાસન દેવી થઈ.

આ યક્ષિણી શ્યામ અંગવાળી હતી.

પુરૂષના વાહનવાળી હતી.

બે દક્ષિણ ભુજામાં વરદ અને બાણને ધારણ કરનારી હતી.

બે વામ ભુજામાં કાર્મુક તથા અભયને રાખનારી હતી.

તે પ્રભુના સાન્નિધ્યમાં જ રહેતી.

તેથી તે શાસનદેવી થઈ.

યક્ષ અને શાસન દેવીએ જેમનું સાન્નિધ્ય છોડ્યું નથી, એવા જગત્પ્રભુએ વિશ્વને અનુગ્રહ કરવાની ઈચ્છાથી ગ્રામ, આકર અને નગર વગેરેમાં વિહાર કર્યો.

લોકોને ઠેર ઠેર પ્રતિબોધ પમાડ્યા.

ધર્મનું જાણે સામ્રાજય સ્થપાઈ ગયું.

તેમની વાણીને શ્રવણગોચર કરનારાંને લાગતું કે જીવન ધન્ય બની ગયું છે.

તેઓ પરમ કૃતાર્થતાનો અનુભવ કરતાં.

મનોમાલિન્ય નષ્ટ થતું.

ધર્મ પ્રભાવક બનતો.

ચારિત્રનું નિર્માણ થતું.

પ્રેરણાનાં પુષ્પો પ્રભુએ દીધાં હતાં, તેથી મુક્તિનો મારગ ઝટ જડી જતો.

પ્રભુને ત્રણ લાખ અને ત્રીસ હજાર સાધુઓ થયા.

ચાર લાખ અને વીસ હજાર સાધ્વીઓ થઈ.

બે હજાર ને બસો ચૌદ પૂર્વધારી થયા.

દસ હજાર અવધિજ્ઞાની થયા.

દસ હજાર ને ત્રણસો મન: પર્યવજ્ઞાની થયા.

બાર હજાર કેવળજ્ઞાની થયા.

સોળ હજાર એકસો ને આઠ વૈક્રિય લબ્ધિવાળા થયા.

નવ હજાર ને છસો વાદ લબ્ધિવાળા થયા.

બે લાખ ને છોંતેર હજાર શ્રાવકો થયા.

પાંચ લાખ પાંચ હજાર શ્રાવિકાઓ થઈ.

આટલો પરિવાર પ્રભુને કેવળજ્ઞાન થયા પછી છ માસ અને સોળ પૂર્વાંગે ઊન એવા એક લાખ પૂર્વ સુધી વિહાર કરતાં કરતાં થયો.

પ્રભુ વિહાર કરતા રહ્યા.

પ્રતિબોધ પમાડતા ગયા.

ધર્મ માર્ગનું પ્રાબલ્ય વધારતા ગયા.

માર્ગમાં મળતાં સૌનો જીવન પંથ અજવાળતા ગયા.

એ પછી પ્રભુને લાગ્યું કે પોતાનો મોક્ષકાળ નજીક આવી ગયો છે એટલે પદ્મપ્રભ પ્રભુ સમેત શિખર પર્વતે આવ્યા.

ને ત્યાં માસિક અનશન ધારણ કર્યું.

માગસર માસની કૃષ્ણ એકાદશીને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં, શ્રી પદ્મપ્રભ પ્રભુ અઘાતિચતુષ્કર્મને ખપાવીને તથા અનંત ચતુષ્ટયને સિદ્ધ કરીને ત્રણસોને આઠ અનશનવાળા મુનિઓની સાથે ચતુર્થ શુકલ ધ્યાન વડે ચોથા પુરૂષાર્થ (મોક્ષ)ને પ્રાપ્ત થયા.

સાડા સાત લાખ ને સોળ પૂર્વાંગ કુમારવયમાં, સાડી એકવીસ લાખ પૂર્વ રાજ્ય પાલનમાં ને સોળ પૂર્વાંગે ન્યૂન એક લાખ પૂર્વ વ્રતમાં એમ સર્વ મળી ત્રીસ લાખ પૂર્વનું શ્રી પદ્મપ્રભ પ્રભુનું આયુષ્ય હતું.

સુમતિ સ્વામીના નિર્વાણ પછી નેવું હજાર કોટી સાગરોપમ ગયા પછી શ્રી પદ્મપ્રભ સ્વામી મોક્ષપદને પામ્યા.

પ્રભુ મોક્ષ પામ્યા પછી ભક્તિવાળા ચોસઠ ઈન્દ્રોએ આવી પ્રભુના અને બીજા મુનિઓના શરીરનો ઊંચા પ્રકારે સંસ્કાર કર્યો.

ને તે પછી નંદીશ્વર દ્વીપમાં જઈ શાશ્વત જિનમંદિરોમાં નિર્વાણ કલ્યાણકનો મહા મહોત્સવ કર્યો....!

આ છે શ્રી પદ્મપ્રભ સ્વામીનું ચરિત્ર.

પદ્મના જેવા રંગવાળા અને જાણે લક્ષ્મીની લીલાના નિવાસરૂપ પદ્મનો સમૂહ હોય એવા શ્રી પદ્મપ્રભ જિનેશ્વરનું આ ચરિત્ર વાંચનાર અને સાંભળનાર બંનેનું આત્મકલ્યાણ સધાય છે.

આ ચરિત્રનો એકાદભાવ પણ વાંચનારનું ભાવ દારિદ્રય ટળે છે.

એકચિત્ત બનીને એકાદ પૃષ્ઠ પણ વાંચનારના તનરોગ - મનરોગ મટે છે...!

— ★★★ —

